પત્રનો આજના અંકનો વધારો.

આત્મ જાગૃતિ ભાવના.

પ્રકાશકઃ

સુખલાલ જીવરાજ શાહ, બી. એ.

(૧) સમ્યક્ જ્ઞાનનું દાન એજ ભાવ ચક્ષુનું દાન છે.

(૨) સમ્યક્ જ્ઞાનનું દાન એજ ભાવ અભયદાન છે.

(૩) સમ્યક્ જ્ઞાનનું દાન આપનાર અને લેનાર બન્ને અનંત જન્મ મરણના દુઃખોથી છૂટી મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

(૪) સમ્યક્ જ્ઞાનનું દાન એજ સર્વોત્કૃષ્ટ દાન છે.

(૫) અન્નદાનથી એક દિવસની ભૂખ મટે છે, ઔષધ દાનથી થોડા દિવસ માટે રોગ શાન્ત થાય છે, અભયદાનથી એક જન્મમાં થોડા વખત માટે મરણનો ભય મટે છે પણ સમ્યક્ જ્ઞાનના દાનથી બધા દુર્ગુણો છુટી અનંત જન્મ મરણથી બચી શકાય છે. એટલા માટે સમ્યક્ જ્ઞાનનું દાન શ્રેષ્ઠ છે. જેથી હિંસા, વિષયવાસના, ક્રોધાદિ દોષ દૂર થાય તે સમ્યક્ જ્ઞાન છે, અને જેથી હિંસા વિષય ક્રોધાદિ વધે તે મિથ્યાજ્ઞાન (કુજ્ઞાન) છે; માટે કુજ્ઞાન, સુજ્ઞાનની પરીક્ષા કરી હંમેશાં સુજ્ઞાનની વૃદ્ધિ પોતાના અને પરના કલ્યાણ માટે કરવી જોઈએ. જ્ઞાન પ્રચાર કરી જીવન સફળ કરવું જોઇએ.

શુભેચ્છકો તરફથી જ્ઞાન પ્રભાવના.

॥ ૐ શ્રી વીતરાગાય નમઃ ॥

આત્મ જાગૃતિ ભાવના.

(હંમેશ મનન કરવાની નિત્ય નિયમની ભાવના.)

લેખક અને સગ્રાહક,

એક મુનિશ્રી.

પ્રકાશક,

શ્રી શ્વે. સ્થા. જૈન સસ્તુસાહિત્યપ્રચારક મંડળ તરફથી:-

સુખલાલ જીવરાજ શાહ, બી. એ.

ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ.-ડીસા મહાલ.

મુઃ ડીસા ટાઉન.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૮૩. સને ૧૯૨૭.

શ્રી વીર-શાસન પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ રતિલાલ કેશવલાલે

છાપ્યું. હાજાપટેલની પોળ—અમદાવાદ.

કીંમત હંમેશ વાંચન મનન.

શિક્ષાદાયી પ્રસંગ.

શ્રીયુત્ કોઠારી ચીમનલાલ અમીચંદભાઈ પાલણપુર નિવાસી, ઉંમર વર્ષ ૪૫ અને આપશ્રીનાં અ૦ સૌ૦ સુશિક્ષિત ધર્મપત્ની જાસુદબ્હેન ત્રીસ વર્ષની નાની ઉંમરે લગભગ ત્રણ વર્ષ સુધી ગુપ્ત બ્રહ્મચર્યનું અખંડ પાલન કરી, ગયા પર્યુષણમાં ચતુર્વિધ સંઘ સમસ્ત બ્રહ્મચર્યનું પ્રચંડ વ્રત સજોડે અંગીકાર કરી આત્મ સંયમનો ઉત્તમ દાખલો આપે જૈન સમાજને બેસાડયો છે, વળી તે વ્રત લીધાની ખુશાલીમાં આત્મ સ્વરૂપને જાગૃત કરનાર આ પુસ્તકની બે હજાર નકલો આપના ખર્ચે છપાવી "જૈન પ્રકાશ" ના ગ્રાહકોને ભેટ આપવાની આપે ઇચ્છા બતાવી છે, આપના આત્મ સંયમ તથા સાહિત્ય પ્રચારની અભિરૂચિ માટે જૈન સાહિત્ય પ્રચારના શુભેચ્છકો વતી આભાર માનું છું અને દિન પ્રતિદિન આપનો આત્મ સંયમ સવિશેષ દીપો એમ ઈચ્છું છું. જૈનસમાજમાં આવા અનેક રત્નો ઉત્પન્ન થાઓ એજ ભાવના.

સુખલાલ જીવરાજ શાહ, બી. એ.

શ્રી શ્વે. સ્થા. જૈન સસ્તુ સાહિત્ય પ્રચારના

શુભેચ્છકો વતી.

આત્મ કલ્યાણનો સરળ ઉપાય.

(ભાવનાનું સ્વરૂપ અને ફળ).

---

(૧) સર્વ શાસ્ત્ર ભણવાનો સાર આત્માના સત્ય સ્વરૂપને સમજી તે પ્રગટ કરવું એ છે, આ ભાવના આત્મ સ્વરૂપને પ્રગટ કરવાનું ઉત્તમ સાધન છે.

(૨) બધા જ્ઞાની પુરૂષો મોક્ષ એટલે નાના તથા મોટા સર્વ દુઃખથી છુટવાનો ઉપાય એકજ બતાવી ગયા છે અને તે (૧) સત્ય જ્ઞાન અને (૨) સચ્ચારિત્ર છે. જેટલે અંશે જ્ઞાન અને ચારિત્ર પવિત્ર હોય તેટલે અંશે દુઃખ દૂર થાય છે. "**ज्ञान क्रियाभ्याम् मोक्षः**" જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ એટલે દુઃખ રહિત થવાય છે મારૂં સત્ય સ્વરૂપ શું છે અને મારૂં શું કર્તવ્ય છે તેની ભાવના કરવાથી (વારંવાર વિચારવાથી) સત્ય જ્ઞાન અને સચ્ચારિત્ર પ્રગટે છે.

(૩) શુદ્ધ ભાવવાળી બલવાન ભાવના કાર્યની પોણી સિદ્ધિ કરે છે, અને પુરૂષાર્થ કરવાથી પૂર્ણ સિદ્ધિ મળે છે. દરેક વિજયને જન્મ આપનાર દ્રઢ ભાવનાજ છે.

(૪) ભાવનાની પ્રબળતાથી આત્મઉન્નતિ થવાનું સ્થાન મનુષ્યભવજ હોઈ તે સર્વથી ઉત્કૃષ્ટ માનવામાં આવેલ છે. કારણ—પરમશુદ્ધ ભાવના એટલે પરમશુકલ ધ્યાનદ્વારા કેવળ જ્ઞાન, કેવળ દર્શન મનુષ્યભવમાંજ પ્રગટ થાય છે.

(૫) જેવા ગુણ અથવા દોષનું સેવન કરવામાં આવે તેવા ગુણ દોષ અભ્યાસને લઇ બીજા ભવમાં પ્રગટ થાય છે માટે આ મનુષ્યભવમાં દુર્ગુણો છોડી સદ્ગુણોનોજ અભ્યાસ કરવો જોઇએ.

(૬) એક મનુષ્ય ભવ પાછળ અસંખ્યાતા નારકીના ભવ એક એક નરકના ભવ પાછળ અસંખ્યાતા દેવતાના ભવ (તિર્યંચમાંથી પરવશ વેદનાથી હલકા દેવ ઘણીવાર થવાથી) અને એક એક દેવ ભવ પાછળ અનંતા તીર્યંચના ભવ કરવા પડે છે. આવો અમૂલ્ય મનુષ્ય ભવ જો ખાવા પીવામાં, ઇંદ્રિયોના વિષય સુખમાં અને પ્રમાદમાં જશે તો પશ્ચાતાપનો પાર નહિં રહે માટે ઉત્તમ ભાવનાઓ હંમેશ ચિંત્વન કરી સદ્ગુણો પ્રગટ કરી સુપુરૂષાર્થદ્વારા આત્મ કલ્યાણ કરવું જોઇએ.

(૭) કર્મનો બંધ અને નાશ ભાવના પ્રમાણે થાય છે. રાગ દ્વેષ રહિત નિર્મળ ભાવના અનંત કર્મ નાશ કરે છે, જ્યારે રાગ દ્વેષના વિચારો અનંત કર્મનો બંધ કરે છે. પ્રસન્નચંદ્રરાજ રૂષીએ અશુભ ભાવનાથી સાતમી નર્કમાં જવાય તેટલાં કર્મ બાંધ્યાં અને શુદ્ધ ભાવનાથી તે સર્વ કર્મ નાશ કરી કેવળ જ્ઞાન પ્રગટ કર્યું. તંદુલમચ્છ (ચોખા જેવડું શરીર છે) અશુભ વિચારોથી અંતર મુહુર્તના અલ્પ આયુષ્યમાં સાતમી નરકમાં જાય છે.

દુહો—" મહા દુઃખનું બીજ છે, અશુભ રૂપ પરિણામ;
જેના ઉદયે અનંત દુઃખ, ભોગે આત્મારામ ॥૧॥

(૮) જેવું બી તેવું વૃક્ષ થાય છે તેમ જેવા વિચારો તેવું ચારિત્ર થાય છે માટે અશુભ વિચારો છોડી સદા સુવિચારો જ કરવા જોઇએ. વિચારોજ ચારિત્ર ઘડે છે.

દુહો—શુદ્ધ ભાવ એ તીર્થ છે, ઉત્તમ ને અદ્દભુત;
સ્નાન કરી એ તીર્થમાં, કાઢું મેલ અખૂટ. ॥ ૧ ॥
અસંખ્ય મોટા તીર્થથી, મેલ જે નવ જાય;
શુદ્ધ ભાવના તીર્થથી, અંતર મેલ ધોવાય. ॥ ૨ ॥
પણ નીચી જો ભાવના, નીચું પદ પમાય;
લોઢાથી લોહજ બને, કંચન કયાંથી થાય. ॥ ૩ ॥
પરમ આત્મની ભાવના, શુદ્ધ ભાવથી થાય;
પરમ પદને લાવતી, કારણ ભાવ જણાય. ॥ ૪ ॥
ભાવે ધર્મ આરાધીએ, ભાવે ધરીએ ધ્યાન;
ભાવે ભાવો ભાવના, ભાવે કેવળ જ્ઞાન. ॥ ૫ ॥
જગમાં મોટી ભાવના, ભાવો હૃદય મોઝાર;
ભાવ થકી ભવનીધિ તરે, પાવે ભવનો પાર. ॥ ૬ ॥

(૯) જીવનો સુખ એ સ્વભાવ છે, મૂળ ગુણ છે, તે ગુણ મોહથી મેલો થયો છે, અને શુભ ભાવથી બાહ્ય સુખ અને અશુભ ભાવથી બાહ્ય દુઃખ જીવ પામે છે, જ્યારે શુદ્ધ ભાવ એટલે-રાગ દ્વેષ મોહ રહિત પરિણામ (આત્મ

સ્વરૂપ વિચાર) પ્રગટે છે ત્યારે જીવ શાતા અશાતા વેદની પુણ્ય પાપકર્મ પ્રકૃતિનો નાશ કરી અક્ષય આત્મિક સુખ અવ્યાબાધ અનંત સુખ પામે છે; રોગ, શોક, ચિંતા, ભય, જન્મ, જરા, મરણ, દુઃખ માત્ર અશુભ ભાવનાનું ફળ છે, અને આ સર્વ દુઃખોથી બચવાનો ઉપાય એક ઉત્તમ ભાવના છે. શાસ્ત્રોમાં અનેક સ્થળે કહ્યું છે કે શુભ ભાવનાથી અશાતા વેદની શાતા રૂપ બને છે, પાપ પ્રકૃતિ પુણ્ય રૂપ થાય છે, અશુભ કર્મની લાંબી સ્થીતિ ટુંકી થઇ જાય છે, તીવ્ર રસ (અતિશય દુઃખ) મંદ રસ (અલ્પ દુઃખ) થાય છે, આવો અપૂર્વ લાભ ઉત્તમ ભાવનાથી અવશ્ય થાય છે એટલા માટે આ આત્મજાગૃતિની ભાવનાઓનું હંમેશ વાંચન મનન કરવું જરૂરી છે. રોગીને આ ભાવ દવા છે અવશ્ય દ્રવ્યમાં રોગ શાંતિ ભાવમાં અશુભ કર્મ નાશ કરશે. શરીર, મન, વ્યાપાર અને જીવન નિર્વાહના સકળ દુઃખો અશુભ કર્મનું જ ફળ છે તે બધા દુઃખોનો નાશ કરવાનો સરલ ઉપાય આ ભાવના છે માટે દરેકે તેનું ચિંત્વન કરી આત્મશાંતિ મેળવવી જરૂરની છે.

(૧૦) વૃક્ષ પણ બીજાની ભાવનાથી કરમાય છે અને ખીલે છે તેવું વિજ્ઞાન શાસ્ત્રી જગદીશચંદ્ર બોઝે પ્રત્યક્ષમાં દેખાડયું છે તો વનસ્પતિથી અનંત ગણું અતિશય જ્ઞાન ધરાવનાર અને વિકાશને પામેલ મનુષ્ય આત્મા પોતે જાતે ઉત્તમ ભાવના ભાવી આત્માની ઉન્નતિ કરે, એ સંભવિતજ છે.

માટે પ્રિય વાંચનાર ! આ ભાવનાઓમાંની (૧) શ્રી નવકાર મંત્ર (૨) નમસ્કારનું ફળ (૩) સમકિતના ચાર ગુણ (૪) સમકિત પ્રગટ થવાની ૩૬ ભાવના (૫) સદ્‌ગુણ પ્રાપ્તિ અને દુર્ગુણ નાશની ૭૨ ભાવના તો અવશ્ય રોજ વાંચવા તથા મનન કરવા વિનંતિ છે; બાકીની પોતાના જીવનને અનુકૂળ શિક્ષાદાયી ભાવના વાંચવી.

આ ભાવનામાં જે ઉત્તમતા છે તે જ્ઞાનીઓની પ્રસાદી લઈ ધરી છે જેથી તેમનો ઉપકાર માનીયે છીએ અને ભૂલ હોય તે લેખકની અલ્પજ્ઞતા છે તે માટે અજ્ઞાન ક્ષય અને પ્રતિપૂર્ણ જ્ઞાન પ્રગટ થવાની ભાવના કરીએ છીએ.

સહાયકો.

રૂા. ૩૦) કોઠારી ડુંગરશીભાઇ ફતેચંદભાઈ માજી દીવાની ન્યાયાધીશ, ત્હેમની મહુંમ સૌભાગ્યવંતી દીકરી હીરાબાઇના સ્મરણાર્થે.
૨૦) બચીબ્હેન જસકરણ ડોસજી ભાઇ. મહેતા. ૨૦) મહેતા જસાભાઇ મયાચંદભાઈ ભાઈ રમણીકલાલ રાજમલ તરફથી. ૨૦) પરી હીરાલાલ રીખવચંદભાઈ. ૧૦) મહેતા પીતાંબરભાઇ ઇશ્વરભાઇ ૧૦) મહેતા ચંદુલાલ લલ્લુભાઇ. વકીલ. ૧૦) મહેતા ધુડાભાઈ લવજીભાઇ. ૧૦) ઝવેરી જસકરણભાઇ તળસીભાઇ ૧૦)મહેતા કાળીદાસ ગોદડભાઇ. ૧૦) મહેતા અમીચંદ તળસીભાઇ. ૧૦) સુખલાલ જીવરાજ શાહ બી. એ. ૧૦) મહેતા કેશવલાલ મંગળજી ૨૦) શીવલાલભાઇ નરશીભાઇ સુરત. ૧૦) એક આત્માર્થી સિદ્ધપુર.

વિષયાનુક્રમણિકા.

નંબર	વિષય	પૃષ્ટ
૧	શ્રી નવકાર મંત્ર અર્થ અને ભાવના સાથે ...	૧
૨	શ્રી નમસ્કારનું સ્વરૂપ અને ફળ	૪
૩	શ્રી સમકિતની મૈત્રી પ્રમોદ આદિ ચાર ભાવના.	૬
૪	શ્રી સમકિત ગુણ પ્રગટ કરવાની ૩૬ ભાવના....	૮
૫	સદ્‌ગુણ પ્રાપ્તિ અને દુર્ગુણ નાશ કરવાની ૭૨ ભાવના	૧૯
૬	ત્રણ મનોરથ.	૨૮
૭	સદાચારી થવાની બાર વૈરાગ્ય ભાવના ...	૨૮
૮	દિનચર્યાની ૨૧ ભાવના	૪૨
૯	વિદ્યાર્થીની ચૌદ ભાવના	૪૭
૧૦	પરણેલ પુરૂષ તથા સ્ત્રી માટે ભાવના ...	૫૨
૧૧	પરણવા ઇચ્છનાર અને પરણેલને સુશિક્ષા. ...	૫૬
૧૨	ગૃહસ્થાશ્રમમાં રહેલની ભાવના	૫૯
૧૩	વિધવા અને વિધુર માટે ભાવના ...	૬૩
૧૪	વેપારીની ભાવના	૬૪
૧૫	બ્રહ્મચર્ય પ્રાપ્તિ અને રક્ષાની ભાવના ...	૬૫
૧૬	બ્રહ્મચર્યની નવવાડની ભાવના	૬૬
૧૭	સાધુ સાધ્વીની ભાવના	૬૭
૧૮	નિરોગી અને સુખી બનવાની ભાવના ...	૭૦
૧૯	અસંજ્ઞી મનુષ્યની અને પોતાની રક્ષા ...	૭૨
૨૦	મિથ્યાત્વ નાશ કરવાની ભાવના	૭૬
૨૧	ચૌદ નિયમ ધારવાના સરળ નિયમો ...	૮૦
૨૨	પાત્રાપાત્રનું સ્વરૂપ અને સુપાત્ર થવાની ભાવના.	૮૧
૨૩	રત્નાકર પચીસી ૨૪ ભાવ સામાયિક સ્વરૂપ કાવ્ય.	૮૫
૨૫	આત્મ સ્વરૂપના દોહરા.	૯૭

॥ ૐ સિદ્ધેભ્યો નમઃ ॥

આત્મ જાગૃતિની ભાવના.

(હંમેશ વાંચન, મનન કરવાની નિત્યનિયમની ભાવના.)

(૧) શ્રી નવકાર મંત્ર અર્થ અને ભાવના સાથે.

(૧) ણમો અરિહંતાણં—શ્રી અરિહંતદેવને નમસ્કાર કરૂં છું. ણમો—કહેતાં નમસ્કાર કરૂં છું; અરિ—કહેતાં શત્રુ—ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, પ્રમાદ આદિ અંતરંગ શત્રુઓનો સર્વથા હંતાણં—કહેતાં નાશ કર્યો છે તેવા પ્રભુને વંદન કરૂં છું. હું પણ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, પ્રમાદ, આદિ અંતરંગ શત્રુઓનો નાશ કરીશ તે દિવસ ધન્ય થશે. જગતમાં મને દુઃખ આપનાર કોઇ નથી માત્ર મારોજ આત્મા ક્રોધાદિ કરી પોતેજ પોતાને દુઃખ આપનાર શત્રુ થાય છે, અને ક્રોધાદિ દોષો છોડવાથી આત્મા પોતેજ પોતાને પરમ સુખ આપનાર મિત્ર બને છે. હું જ્યારે આ ભાવ શત્રુઓનો નાશ કરીશ ત્યારે

બધા દુઃખોથી છુટી પરમ સુખને પામીશ. આ ક્રોધાદિ ભાવ શત્રુઓનો નાશ કરવાથી હું પણ અરિહંત થઇ શકીશ. માટે હવે મારે શીઘ્ર આ ક્રોધાદિ શત્રુઓનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

૨. ણમો સિદ્ધાણં—શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું. જેમણે આત્માનાં બધાં આવરણો દૂર કર્યાં છે, બધાં કર્મ નાશ કર્યાં છે, અને અનંત ગુણો પ્રગટ કર્યાં છે; એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું.

આત્માના ગુણો આઠ છે અને તે ગુણોને ઢાંકનાર આઠ કર્મ છે તે નાશ કરવાની ભાવના.

(૧) જ્ઞાનાવર્ણીય કર્મ નાશ થાઓ અને અનંત જ્ઞાન ગુણ પ્રગટ થાઓ.

(૨) દર્શનાવર્ણીય કર્મ નાશ થાઓ, અનંત દર્શન ગુણ પ્રગટ થાઓ.

(૩) મોહનીય કર્મ નાશ થાઓ, અનંત આત્મિક સુખ ક્ષાયિક સમકિત અને વીતરાગ ચારીત્ર ગુણ પ્રગટ થાઓ.

(૪) અંતરાય કર્મ નાશ થાઓ અને અનંત આત્મિક શક્તિ પ્રગટ થાઓ.

(૫) વેદનીય કર્મ નાશ થાઓ, અનંત અવ્યાબાધ સુખ પ્રગટ થાઓ.

(૬) આયુષ્ય કર્મ દૂર થઈ અજર, અમર ગુણ પ્રગટ થાઓ.

(૭) નામ કર્મ દૂર થઇ અરૂપી અવસ્થા પ્રાપ્ત થાઓ.
(૮) ગોત્ર કર્મ નાશ થાઓ, અગુરૂ લઘુ ગુણ પ્રગટ થાઓ.
(૯) સર્વ કર્મ નાશ થાઓ, આત્માના અનંત ગુણો પ્રગટ થાઓ.

૩. **ણમો આયરિયાણં**—નમસ્કાર હોજો શ્રી આચાર્ય માહારાજને. જેઓ પાંચ આચાર પોતે પાળે છે, અન્યને પળાવે છે, તેવા આચાર્ય માહરાજશ્રીને વંદના નમસ્કાર કરૂં છું. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારનું પાલન હું કરીશ તે દિવસ ધન્ય થશે.

૪. **ણમો ઉવજ્ઝાયાણં**—શ્રી ઉપાધ્યાયજી મહારાજને વંદના નમસ્કાર કરૂં છું. હું પણ સૂત્ર સિદ્ધાંત ભણીશ ત્યારે ધન્ય થશે.

૫. **ણમો લોએ સવ્વ સાહુણં**—સર્વ સાધુ સાધ્વીને વંદન કરૂં છું, હિંસા, વિષય, કષાયનો ત્યાગ કરી અહિંસા, સંયમ, સમભાવ (અકષાય) સાધુના ગુણો મને પ્રાપ્ત હોજો.

પંચ પદના ગુણો મારા આત્મામાં પણ છે તે પ્રગટ થાઓ. હું તત્ત્વનું જ્ઞાન હંમેશાં વધારી અજ્ઞાન અને મિથ્યાત્વ (ખોટી સમજણ) છોડી સમ્યગ જ્ઞાન અને સમકિત ગુણ પ્રગટ કરીશ અને હિંસા, વિષય, ક્રોધાદિ છોડી આત્માનું હિત, કલ્યાણ અને શ્રેય થાય, તે માટે સંયમી બનીશ. સાધુ

પદના ગુણો મેળવી વિશેષ જ્ઞાન શક્તિ અને ધ્યાનદ્વારા ઉપાધ્યાય પદ મેળવીશ અને અતિશય જ્ઞાને કરી તેવું શ્રેષ્ટ ચારિત્ર પાળી આચાર્ય થઇશ. અહીં ઉત્કૃષ્ટ જ્ઞાન અને સંયમ વડે રાગ દ્વેષ મોહનો સર્વથા નાશ કરી અરિહંત થઇશ અને અંત સમયે સકળ કર્મ રહિત સિદ્ધ થઇશ. આ પાંચે પદના ગુણો મારી આત્મામાં જ છે તેને પ્રગટ કરવા હું ઇચ્છું છું અને પુરૂષાર્થથી આ પંચ પ્રભુની તુલ્ય થઇ શકું છું એવું સ્મરણ સદા રાખવા આ નવકાર મંત્રનું મને સદા કાળ રટણ રહો, શ્વાસોશ્વાસની સાથે નિરંતર હું શ્રી નવકાર મંત્ર ગણી નવકાર રૂપ બની જાઉં એ જ ભાવના.

રાગ દ્વેષ મોહનો નાશ થાઓ અને વીતરાગ પદ પ્રગટ થાઓ. આ ભાવના નિરંતર અજપા જાપ રૂપ ભાવવાથી પંચ પરમેષ્ઠિના ગુણો પ્રગટ થાય છે. કેટલાએક લોકો રામ રામ જાપ કરે છે તેમ આ જાપ કરવો પરમ હિતકારી છે.

---

(૧) નમસ્કારનું સ્વરૂપ અને ફળ.

દોહો—વાર વાર પ્રભુ વંદના, શુદ્ધ ભાવે કરાય;
કારણ સત્યે કાર્યની, સિદ્ધિ નિશ્ચય થાય. ॥ ૧ ॥

ભાવાર્થ—વારંવાર નિરંતર જે ભાવ વંદન કરે એટલે પ્રભુ તુલ્ય ગુણો પોતાના આત્મામાં પણ છે તેવી ભાવના સાથે તેવા ગુણો પ્રગટ કરતો થકો વંદન કરે છે તે પોતે

પ્રભુ બને છે, જેને નિમિત્ત કારણ–સત્ય છે અને ભાવ શુદ્ધ છે તેને અવશ્ય સિદ્ધિ થાય છે.

(૧) **દ્રવ્ય નમસ્કાર**—મનની એકાગ્રતા વિના જે વચનથી સ્તુતિ અને કાયાથી નમસ્કાર કરે છે, તેને વચન અને કાયાથી જે પાપ થતું હતું તે અટકે છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે.

(૨) **વ્યવહાર નમસ્કાર**—મન એકાગ્ર રાખી જે જ્ઞાન ચારિત્રાદિ ગુણોની સ્તુતિ અને નમસ્કાર કરે છે તેને બહુ નિર્મળ પુણ્યની પ્રાપ્તિ અને શુદ્ધ ઉપયોગ (રાગ દ્વેષ રહિત પરિણામ) તેટલી નિર્જરા (કર્મ નાશ) થાય છે.

(૩) **ભાવ નમસ્કાર**—પ્રભુના જેવા ગુણો મારી આત્મામાં પણ છે તે પ્રગટ કરવા પ્રભુએ ધારણ કરેલ જ્ઞાન દર્શન ચારિત્ર તપ ધર્મ આદરૂં એવી દૃઢ ભાવના કરનાર બહુ નિર્જરા (કર્મનાશ) અને અતિશય પુણ્ય પ્રાપ્તિ કરેછે.

(૪) **નિશ્ચય નમસ્કાર**—જે રાગ દ્વેષ મોહ રહિત પોતે પ્રભુ તુલ્ય પોતાનું સ્વરૂપ વિચારી આત્મ ધ્યાનમ વિચરે છે તે પ્રભુ બને છે, મોક્ષ પામે છે.

નમવું નમસ્કાર કરવા એટલે જેને નમીયે છીયે તેમના જેવા બનીયે છીયે માટે સદ્‌ગુણી અને પવિત્ર આત્માઓને સદા નમસ્કાર કરવા.

(૩) સમકિત પ્રગટ થવા પહેલાં પ્રગટ કરવાના ચાર ગુણોની ભાવના.

મોક્ષનું બીજ સમકિત અને સમકિતનું મૂળ કારણ ચાર ભાવના છે માટે અવશ્ય હંમેશાં ચિંત્વન કરી તે ગુણો પ્રાપ્ત કરવા જોઈએ, આ ચાર ગુણો પ્રગટ થયા પછી સમકિત પ્રગટ થાય છે.

દુહો—ગુણીજનોકું વંદના, અવગુણ દેખ મધ્યસ્થ;
દુઃખી દેખ કરૂણા કરે, મિત્ર ભાવ સમસ્ત. ॥ ૧ ॥

૧. **પ્રમોદ ભાવના**—એટલે સદા ગુણાનુરાગી થવું. બધાના ગુણ લેવા. બીજાના ગુણ દેખી ખુશી થવું અને વિચારવું જે આપણામાં એવા ગુણો પ્રગટ થાઓ.

૨. **માધ્યસ્થ ભાવના**—એટલે સમભાવ. બધાના દોષોને ભુલી જવા, બીજાના દોષ દેખી, ક્રોધ, દ્વેષ કરવો નહીં પરંતુ કર્મનું સ્વરૂપ વિચારી પોતાનો આત્મા એવા દોષોથી બચે એવી ભાવના ભાવવી. સુખમાં રાજીપણું, દુઃખમાં બેરાજીપણું ન થાય-સદા રાગ દ્વેષ રહિત સમભાવમાં રહું એવી શક્તિ પ્રગટ થાઓ.

દુહો—"દુર્જન કુર કુમાર્ગરતોંપર, ક્ષોભ નહિ મુજને આવે;
સામ્યભાવ સદા રહે તેપર, એહવી પરીણતી મુજ થાવે ॥૧

૩ **કરૂણા ભાવના**—શારીરિક અને માનસિક દુઃખ કરવું તે દ્રવ્ય કરૂણા ભાવના છે અને અજ્ઞાન, કષાય

(ક્રોધ માન માયા લોભ) મિથ્યાત્વ છોડાવવું તે ભાવ કરૂણા છે, જે દિવસે હું મારી અને બીજાના આત્માની ભાવ કરૂણા કરીશ તે દિવસે ધન્ય થશે, પાપોથી પોતે બચવું તથા બીજાઓને બચાવવા તે ભાવ કરૂણા છે તેમાં બહુ લાભ છે, અને તે સાચું સુખ આપે છે.

૪. **મૈત્રી ભાવના**—જગતમાં જીવ માત્રને પોતાના જીવ સરખા સમજીને કોઇ પણ જીવની હંસા ન કરવી બધાનું ભલું ચાહવું તે સ્વ–પર દ્રવ્ય મત્રી ભાવના છે અને સ્વ (પોતાના) આત્માના સાચા મિત્ર બનીને પોતાનું અજ્ઞાન મિથ્યાત્વ કષાયને છોડીને સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રનું આરાધન કરવું તે સ્વભાવ મૈત્રી ભાવના છે. મને આ ચારે ભાવનાના ગુણોની પ્રાપ્તિ થાઓ.

હરિગિત છંદમાં ચાર ભાવના.

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વ્હાલા થજો,
સદ્ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુઃખીઆ પ્રતિ કરૂણા અને દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા ॥૧॥

ભાવાર્થ:—(૧) **મૈત્રી ભાવના**—સંસારના સર્વ જીવોને મારા અંતરના મિત્રો ગણી સર્વનું હત ઈચ્છું છું અને તેઓના સર્વ દુઃખ નાશ થાઓ તેમ ચાહું છું.

(૨) **પ્રમોદ**—ગુણાનુરાગ ભાવના મારૂં ભલું કરનાર મિત્ર કે મને દુઃખ આપનાર શત્રુ બંન્નેના ગુણો જોઉં છું

મિત્ર થનારે સદ્ગુણુ પુષ્ટ કર્યો છે શત્રુ થનારે દોષથી બચાવાઅને સત્યમાં દ્રઢ રહેવા પ્રેરણા કરી છે.

(૩) **કરૂણા**—દુઃખીના દુઃખો દૂર કરવા સદા તત્પર રહું, સાચું દુઃખ અજ્ઞાન મિથ્યાત્ત્વ અને કુચારિત્ર ગણી તે પોતાનું તથા બીજાનું દૂર કરૂં.

(૪) **માધ્યસ્થ**—સમતા-ભાવના-સર્વ જીવ અને સર્વ સંયોગો પ્રતિ સમભાવ રાખું.

આ ચાર ભાવના સદા પ્રગટ રહો એજ ઇચ્છું છું.

૪. સમકિત (સમ્યગ્ દર્શન-સત્ય શ્રદ્ધા) ગુણ પ્રગટ કરવાની છત્રીસ ભાવના.

આપણા જીવે અનાદિ કાળ થયા સમકિત ભાવના ન ભાવવાથીજ અનંત જન્મમરણના દુઃખો ભોગવ્યાં છે. જેમ સૂર્ય ઉદય થતાં બધે સ્થળેથી અંધકાર નાશ પામે છે, તેમ સમકિત ગુણ પ્રગટ થતાં બધી જાતનાં દુઃખો અને દોષો નાશ પામે છે.

જ્યારે સમજુ માણસ રોટલો, છાશ અને કઢીમાં સુખ અનુભવે છે ત્યારે અજ્ઞાની અથવા વિલાસી માણસ અનેક જાતની ખાવાની ચીજો મળવા છતાં એકાદ વસ્તુ ન મળતાં ક્રોધ, અરૂચી અને દુઃખ ભોગવે છે તેવી રીતે

સમકીતિ જીવ નરકમાં પણ પોતાના જુના કરેલ પાપ કર્મ નાશ થાય છે, પોતે શુદ્ધ થાય છે, શરીરના મોહથી દુઃખ થાય છે, આત્મા અજર, અમર, જ્ઞાન સ્વરૂપ છે તેવું વિચારી શાંતિ અનુભવે છે જ્યારે મિથ્યાત્વિ જીવ બારમા દેવલોકનો મહાન દેવ હોવા છતાં મિથ્યાત્વ અને અજ્ઞાનને લઈ બીજા દેવોની વિશેષ સંપત્તિ જોઇ ઈર્ષા દ્વેષ અને તૃષ્ણાના દુઃખથી દુઃખી થાય છે. આ ઉપરથી સમકીત એટલે સાચી સમજણ, એજ સુખનું મૂળ છે; એવું જાણી આ ભાવનાઓ અવશ્ય ચિંત્વન કરવી જોઇએ.

પૂર્વાચાર્યો સમકિતની ભાવના ચિંત્વન કરવાની શિખામણ આપતાં ફરમાવે છે કે હે ભવ્ય! તું છ મહિના સુધી બધા કોલાહલના કામ છોડી શુદ્ધ બ્રહ્મચર્ય પાળી, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ એ પાંચ ઇંદ્રિયોના વિષયો, ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય અને આર્તરૌદ્ર ધ્યાન (સંકલ્પ વિકલ્પ) નો ત્યાગ કરી એકાગ્ર ચિત્તે સમકિત ભાવના ચિંત્વન કર, છ મહિનામાં તને અવશ્ય સમકિત ગુણ પ્રગટ થશે, આત્મદર્શન એટલે શુદ્ધ આત્મ સ્વરૂપનો અનુભવ થશે. આજ સિદ્ધના સુખનો અંશ અનુભવ છે.

આ સમકિત ગુણ પ્રગટ થયા પછી મોક્ષની પ્રાપ્તિ નિશ્ચયે થાય છે, આવી કલ્યાણકારી ભાવનાઓ શાસ્ત્રકારોએ અને પૂર્વાચાર્યોએ ભાવદયાથી અનંત જન્મમરણના દુઃખોથી બચાવવા ભવ્ય જીવો માટે ફરમાવી છે તે અનેક સ્થળેથી

અહીં સંગ્રહ કરી છે, તેનું વાંચન, મનન અને ચિંત્વન કરવું તે પોતાનુંજ પરમહિત સાધવાનું કામ છે.

(૧) સમકિત એટલે સાચી સમજણ પ્રગટ થાઓ.

(૨) મિથ્યાત્વ એટલે ખોટી સમજણ નાશ પામો.

(૩) કુદેવ, કુગુરૂ, અને કુધર્મને સાચા કરી માનવા રૂપ વ્યવહાર મિથ્યાત્વ નાશ થાઓ.

(૪) વ્યવહાર નયે, ૧ દેવ સર્વજ્ઞ વીતરાગ પ્રભુ, ૨ ગુરૂ તત્ત્વના જાણુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર તપના પાળવાવાળા મુનિવરો, ૩ ધર્મ વિવેકપૂર્વક અહિંસા તથા વિષય કષાય ત્યાગ એ વ્યવહાર દેવગુરૂ અને ધર્મની મદદથી નિશ્ચય દેવ ગુરૂ ધર્મને પામું, નિશ્ચયમાં શુદ્ધ સિદ્ધ સ્વરૂપ હું છું તેવા આત્માના અનુભવરૂપ સમકિત તે નિશ્ચય દેવ, હું શરીર આદિ સકળ બાહ્ય પદાર્થોથી જુદો છું, અનંત જ્ઞાનાદિ ગુણ સ્વરૂપ છું તેવું જ્ઞાન તે નિશ્ચય ગુરૂ, ભોગાદિ સર્વ વસ્તુ પોતાની નથી એવું જાણી તેનો ત્યાગ કરી રાગ-દ્વેષ મોહ રહિત બની આત્મ ધ્યાનમાં વિચરવું તે નિશ્ચય ચારિત્ર; આ ગુણો મને પ્રગટ થાઓ.

(૫) તત્ત્વની અરૂચી તે મિથ્યાત્વનું ચિન્હ દૂર કરી તત્ત્વની અતિશય રૂચી તે સમકિતનું ચિન્હ પ્રગટ થાઓ.

(૬) ભય, દ્વેષ અને ખેદ નાશ થાઓ.

(૭) શરીર અને બીજા પદાર્થોને પોતાના માની હિંસા વિષય, કષાય (ક્રોધાદિ) સેવું છું તે મિથ્યાત્વ નાશ થાઓ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ, અશરીરી, અરૂપી, શુદ્ધ આત્મ સ્વરૂપનો અનુભવ એજ સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૮) આત્માથી જુદી વસ્તુને પોતાની માનવારૂપ મિથ્યાત્વ નાશ થાઓ. અવિકારી, શુદ્ધ જ્ઞાન સ્વરૂપ આત્મા તેજ મારૂં સત્ય સ્વરૂપ છે એવી દ્રઢ શ્રદ્ધારૂપ સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૯) અનાદિ કાળ થયાં મિથ્યાત્વે કરી, મોહે કરી, ભુલે કરી, ઇંદ્રિય સુખને પોતાના માન્યા તે વિપરીત બુદ્ધિ એટલે મિથ્યાત્વ નાશ થાઓ. સર્વજ્ઞ વીતરાગ પ્રભુની સ્વ-પર પ્રકાશક (પોતાનું અને પરનું સ્વરૂપ સમજાવનાર) જિન વાણી સાંભળી આત્મિક સુખની ઇચ્છા પ્રગટ થાઓ.

(૧૦) વિષય સુખની ઇચ્છા તે કર્મ રોગની ચળ છે, વિકાર છે તે નાશ થાઓ. આત્મિક સુખ વિષયેચ્છા રહિત અચાહના સ્વરૂપ સત્ય સુખ પ્રગટ થાઓ.

(૧૧) આકુળતા-પર વસ્તુની અભિલાષા એજ દુઃખ છે તે નાશ થાઓ, નિરાકુલતા-પર વસ્તુની ઇચ્છાનો ત્યાગ શાંતરસ, સમભાવ નિર્વાંછકપણું એજ સત્ય સુખ પ્રગટ થાઓ.

(૧૨) કોઇ પણ સંયોગ સુખ દુઃખ દેતો નથી. હુંજ મોહે કરી રાગ દ્વેષની પ્રવૃત્તિએ કરી કલ્પિત સુખ દુઃખ ઉત્પન્ન કરૂં છું તે ધિક્કાર છે. સત્ય જ્ઞાન પ્રગટ થઇ મોહ મિથ્યાત્વ દૂર થઇ સમકિત ગુણ પ્રગટ થશે ત્યારે ધન્ય થશે.

(૧૩) પોતાના આત્મા શિવાયની સર્વ વસ્તુ પર છે તેનો મોહ મમત્વ ક્ષય થાઓ. આત્માના શુદ્ધ ગુણો પ્રગટ કરવાની રૂચી પ્રગટ થાઓ.

(૧૪) બાહ્ય વસ્તુ શરીર, ધન, પરિવાર, વૈભવ, નિંદા, પ્રશંસા, સુખ દુઃખમાં ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિરૂપ મિથ્યાત્વ બાહિર આત્માપણું ક્ષય થાઓ.

દુહા—પુદ્‌ગલમાં રાચી રહે, એહી જાણે નિધાન;
તસ લાભે લોભી રહે, બાહિરાતમ દુઃખ ખાન. ॥૧॥
બાહિરાતમ તાકો કહે, લખે ન આત્મ સ્વરૂપ;
મગ્ન રહે પર દ્રવ્ય મેં, મિથ્યાવંત અનૂપ. ॥૨॥

ભાવાર્થ—જે આત્મ સ્વરૂપ નથી જાણતો અને ઇંદ્રિયોના સુખોમાં રાચે છે તે બહિરાત્મા એટલે મિથ્યાત્વી છે.

આત્મજ્ઞાન, આત્મ અનુભવ અને સમભાવ સ્વરૂપ તે અંતર આત્માપણું પ્રગટ થાઓ.

દુહો—પુદ્‌ગલ ભાવ રૂચી નહિ, તેમાં રહે ઉદાસ;
અંતર આતમ એ લહે, પરમાતમ પરકાશ. ॥ ૧ ॥

(૧૫) શરીર મોહથી શરીરધારી થઇ સદા જન્મ મરણ કરવાં પડે છે, શરીર મોહ ક્ષય થાઓ, અને પરમાત્મ સ્વરૂપ પ્રગટ થાઓ.

દુહો—ન્યારો આત્મ સ્વરૂપમાં, ન્યારો પુદ્‌ગલ ખેલ;
પરમાતમ તવ જાણીએ, નહીં જસ ભવકો મેલ. ॥૧॥

ભાવાર્થ—જે આત્મ સ્વરૂપમાં લીન છે, પુદ્‌ગલને

સદા ભિન્ન અનુભવે છે, સર્વજ્ઞ વીતરાગ થયા છે અને ફરી ભવ કરવો નથી તે પરમાત્મ સ્વરૂપ મને પ્રગટ થાઓ.

(૧૬) હું એક છું, શુદ્ધ છું, બુદ્ધ છું, અરૂપ છું, અન્ય દ્રવ્યથી નિર્મમત્વ છું, પુદ્ગલથી સર્વથા ભિન્ન છું, જ્ઞાન દર્શનથી અભિન્ન છું તથા એક સ્વરૂપ અને પ્રતિપૂર્ણ છું, આનંદ સ્વરૂપ છું, અતીંદ્રિય (ઇંદ્રિય રહિત) નિરાકૂળ (વાંછા રહિત) આત્મિક સુખથી ભરપુર છું, આ ગુણો મને શિઘ્ર પ્રગટ થાઓ.

(૧૭) ઇંદ્રિય સુખમાં આનંદ અને દુઃખમાં ખેદબુદ્ધિ નાશ થાઓ અને સંયમ—એટલે ત્યાગમાં અરૂચી તે મિથ્યાત્વનું લક્ષણ નાશ થાઓ.

(૧૮) વિષય અભિલાષા દૂર થઇ આત્મ કલ્યાણની ઇચ્છા પ્રગટ થાઓ.

(૧૯) સ્યાદ્વાદ એટલે અનેક નય અભિપ્રાય અપેક્ષા જાણી સાચી સમજણ પ્રગટ થાઓ.

(૨૦) વિષયના સાધન શરીર, ધન, સ્ત્રી, પતિ, પુત્ર, પરિવાર, મકાન, વસ્ત્ર, ઘરેણાં, અને વૈભવમાં પોતાપણું તે મિથ્યાત્વ નાશ થાઓ, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્માના ગુણોમાં પોતાપણું તેજ સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૨૧) ભોગ ઉપભોગ અને સંસારી કામોમાં રાચું છું તે મિથ્યાત્વ નાશ થાઓ, જ્ઞાન દર્શન ચારિત્ર તપમાં રાચીશ તે દિન ધન્ય થશે.

(૨૨) સંસારના કામ અને આઠ કર્મનો કર્તા થાઉં છું તે માટે ધિક્કાર છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ પોતાના સ્વરૂપનો કર્તા થઈશ ત્યારે ધન્ય થશે.

(૨૩) ઇંદ્રિયોના સુખદુઃખનો ભોક્તા થાઉં છું તે ધિક્કાર છે. આત્મિક સુખનો ભોક્તા થઇશ ત્યારે ધન્ય થશે.

(૨૪) સાધ્ય તેવાં સાધન મિથ્યાત્વીનું સાધ્ય વિષય સુખ હોય જેથી શરીર ધન ભોગ મેળવી રાજી થાય, સમ દ્રષ્ટિનું સાધ્ય આત્મિક સુખ હોય જેથી જ્ઞાન દર્શન ચારિત્ર તપની પ્રાપ્તિ કરી આનંદ માને.

દુહો—પરમ જ્ઞાન તે આત્મ છે, નિર્મળ દર્શન એહ;
ગુણ તેજ ચારિત્રને, નિર્મળ તપ પણ એહ. ॥૧॥

(૨૫) શબ્દ રૂપ ગંધ રસ અને સ્પર્શ પુદ્ગલ છે, જડ છે, અચેતન છે, આત્માથી તદ્દન જુદી ભિન્ન વસ્તુ છે. તેમાં મારાપણું અથવા સુખદુઃખ બુદ્ધિ દૂર થઇ અનંત જ્ઞાનાદિ ગુણ સંપન્ન શુધ્ધ આત્મા હું છું એવી સાચી સમજણ તે સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૨૬) દ્રવ્ય કર્મ (આઠ કર્મ જે આત્માને લાગેલાં છે) ભાવ કર્મ (રાગ, દ્વેષ, મોહ) અને નોકર્મ (કર્મનું ફળ શરીર ઇંદ્રિયાદિ) પુદ્ગલ છે, જડ છે, અચેતન છે, આત્માથી તદ્દન જુદી ભિન્ન વસ્તુ છે તેમાં મારાપણું અથવા સુખદુઃખ બુદ્ધિ દૂર થઈ સર્વ કર્મ રહિત અનંત જ્ઞાનાદિ

ગુણ સંપન્ન શુદ્ધ આત્મા હું છું એવી સાચી શ્રધ્ધા તે સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૨૭) આઠ કર્મ અને તેની ૧૪૮ પ્રકુતી (જુદી જુદી બોલીને વિચારવી કે તે) પુદ્ગલ છે, જડ છે, અચેતન છે, આત્માથી ભિન્ન છે, તેમાં મારાપણું તથા સુખદુઃખ બુદ્ધિ હર્ષ શોક રાગ દ્વેષ નાશ થાઓ, અને સર્વ કર્મ રહિત હું સિદ્ધ સ્વરૂપ છું તેવી સાચી શ્રદ્ધા (નિશ્ચય) ઉત્પન્ન થાઓ.

(૨૮) હું એક છું, શુદ્ધ છું, બુદ્ધ (અનંત જ્ઞાન) યુક્ત છું, અરૂપી છું, અન્ય સકળ વસ્તુથી ભિન્ન છું, જ્ઞાન દર્શન, સુખ અને શક્તિથી ભરપુર છું, નિત્ય છું, સત્ (ઉત્પન્ન વિનાશ ધ્રુવ ગુણયુક્ત) છું, આનંદ સ્વરૂપ છું. આ મારા ગુણો છે એવી અનુભવસહિત અંતર શ્રદ્ધા (નિશ્ચય) તે સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૨૯) એક સમકિત ગુણ એવો છે કે જે મિથ્યાજ્ઞાન મિથ્યાચારિત્ર વિગેરે અનંત દોષોને ગુણરૂપ બનાવે છે. સમકિત થતાં તેજ સમ્યગ્ જ્ઞાન ને સમ્યગ્ ચારિત્ર વિગેરે થાય છે તે પ્રગટ થાઓ.

(૩૦) સમકિતનો અર્થ.

(ચોપાઇ)

સત્યપ્રતીતિ અવસ્થા જાકી, દિન દિન રીતિ ગેહ સમતા કી;
છિન છિન કરે સત્ય કો સાકો, સમકિત નામ કહાવે તાકો. ૧

ભાવાર્થ—આત્માનું સાચું સ્વરૂપ નિશ્ચયપૂર્વક જાણે, હંમેશાં સમતા ભાવ વધે, પ્રતિ ક્ષણે આત્માનો અનુભવ થાય તેને સમકિત કહે છે તે પ્રગટ થાઓ.

(૩૧) સમકિતના વ્યવહારથી પાંચ લક્ષણ છે તે પ્રગટ થાઓ. સમ (સમતા ભાવ), સંવેગ (ધર્મ-ધર્મી અને ધર્મનું ફળ મોક્ષની અતિશય પ્રીતિ અને ભક્તિ), નિર્વેદ (વિષય વિકારની અરૂચી, ત્યાગમાં આનંદ), અનુકંપા (દ્રવ્ય ભાવ દુઃખ દૂર કરવાની સદા ચિંતા) આસ્તા (સત્ય તત્વોની શ્રદ્ધા-નિશ્ચય) નિશ્ચય સમકિતનું લક્ષણ શુદ્ધ આત્માનો અનુભવ સ્વાનુભૂતિ. સ્વસ્વરૂપનો આનંદ, ઇંદ્રિય-રહિત-આત્મિક સુખને ભોગવવું, નિરાકુળ અવિકારી શાંત રસમાં સ્થિરતા આ ગુણ પ્રગટો.

દુહો—આપા પરિચે નિજ વિષે, ઉપજે નહિ સંદેહ;
સહજ પ્રપંચ રહિત દશા, સમકીત લક્ષણ એહ. ૧

ભાવાર્થ—આત્માનો અનુભવ આત્મામાં કરે તેમાં કદી અસ્થિર ન થાય. સ્વાભાવિક પ્રપંચ (વિષય, કષાય) રહિત હોય તે સમકીતનું લક્ષણ પ્રગટ થાઓ.

(૩૨) સમકિતના આઠ ગુણો પ્રગટ થાઓ.

દુહો—કરૂણા વત્સલ સુજનતા, આતમ નિંદા પાઠ;
સમતા ભક્તિ વિરાગતા, ધર્મરાગ ગુણ આઠ. ॥ ૧ ॥

ભાવાર્થ— કરૂણા, મૈત્રી, ગુણાનુરાગ, આત્મનિંદા (પ્રે-

તાના દોષ માટે પશ્ચાતાપ), સમભાવ, શ્રદ્ધા, ઉદાસીનતા (રાગ દ્વેષ રહિત રહેવું તે) અને ધર્મ પ્રેમ આ ગુણો પ્રગટ થાઓ.

(૩૩) સમકિતના પાંચ ભૂષણ—

દુહો—ચિત્ત પ્રભાવના ભાવ યુત, હેય ઉપાદેય વાણી;
ધીરજ હર્ષ પ્રવીણતા, ભૂષણ પંચ વખાણિ. ॥૧॥

ભાવાર્થ—પોતાને અને બીજાને જ્ઞાનની વૃદ્ધિ કરવી. (૨) વિવેક પૂર્વક સત્ય, પ્રિય અને હિતકર બોલવું, (૩) દુઃખમાં ધીરજ રાખવી, સત્યને ન છોડવું. (૪) સદા સંતોષી (આનંદી) રહેવું, અને (૫) તત્ત્વમાં પ્રવીણ થવું; આ ગુણો પ્રગટ થાઓ.

(૩૪) સમકિતને મલીન કરનાર આઠ મદ—જાતિ, લાભ, કુળ, રૂપ, તપ, બલ, વિદ્યા અને અધિકારનો ગર્વ ન થાઓ.

આઠ મળ દોષ.

દુહો—આશંકા અથિરતા વંછા, મમતા દ્રષ્ટી દશા દુર્ગંચ્છા;
વત્સલરહિત દોષ પર ભાખે, ચિત્ત પ્રભાવના માંહિ ન રાખે.૧

(૧) સત્ય તત્ત્વમાં સંશય, (૨) ધર્મમાં અસ્થિરતા, (૩) વિષયની વાંછા, (૪) દેહ ભોગ વિગેરેમાં મારાપણું, (૫) પ્રતિકૂળ પ્રસંગમાં તિરસ્કાર અરૂચિ, (૬) ગુણાનુરાગ ન હોવો, (૭) કોઇના દોષ બોલવા અને (૮) પોતાને અને બીજાને જ્ઞાનની વૃદ્ધિ ન કરવી. દેવગુરૂ ધર્મ અને શાસ્ત્રની પરીક્ષા ન કરવી તે મૂઢતા; આ સર્વ દોષો સમકિત ગુણને મલીન કરે છે તે સદા છોડું.

(૩૫) સમકિતનો નાશ કરનાર, પાંચ કારણ સદા છોડવાની બુદ્ધિ રહો.

દુહો—જ્ઞાન ગર્વ મતિમંદતા, નિષ્ઠુર વચન ઉદગાર;
રૂદ્રભાવ આળસ દશા, નાશ પંચ પ્રકાર. ॥૧॥

(૧) જ્ઞાનનો ગર્વ કરવો, (૨) તત્ત્વ જાણુવામાં મંદ રૂચિ અને મંદ પ્રયત્ન (૩) અસત્ય અથવા નિર્દય વચન બોલવું. (૪) ક્રોધી પરિણામ. (૫) આળસ; આ પાંચ સમકિત નાશક દોષોથી સદા બચીશ. સમકિતના પાંચ અતિચાર.

દુહો—લોક હાસ્ય ભય ભોગ રૂચિ, અગ્ર શોચ થિતિમેવ;
મિથ્યા આગમકી ભક્તિ, મૃષા દર્શની સેવ ॥૧॥

(૧) મારી સમકિતાદિ પ્રવૃત્તિથી લોકો હસશે તેવો ભય રાખવો તે શંકા (૨) પાંચ ઇંદ્રિયો ભોગની રૂચી કરવી તે કંખા (આકાંક્ષા દોષ) (૩) ભવિષ્યની ચિંતા તે વિતિગિચ્છા (૪–૫) ખોટા દેવગુરૂ ધર્મની પ્રશંસા કરવી અથવા સેવા કરવી; આ પાંચ અતિચાર સદા છોડીશ.

(૩૬) પરવસ્તુને પોતાની માની ક્રોધ–માન–માયા (કપટ) લોભ થાય. મિથ્યાત્ત્વ મોહીની (ખોટામાં આનંદ) મિશ્ર મોહની (સત્ય અસત્ય બંન્નેમાં આનંદ) સમકિત મોહની (સત્યમાં કંઈક મલીનતા) આ સાત પ્રકૃાત દૂર કરવાથી સમકિત ગુણ પ્રગટ થાય છે તે સાતે પ્રકૃતિનો હું નાશ કરી સદા સમકિત ગુણ ધારણ કરી અનંત અક્ષય સુખ પામીશ.

દુહો—પ્રકૃતિ સાત મોહની, કહું જીનાગમ જોય;
જેનો ઉદય દૂર કર્યે, સમ્યગ્ દર્શન હોય. ॥૧॥

(૫) સદ્દગુણ પ્રાપ્તિ અને દુર્ગુણ નાશ કરવાની ૭૨ ભાવનાઓ.

૧ મેં મારા આત્માના સ્વરૂપને ઓળખ્યું નહિ તેને માટે ધિક્કાર છે. હું મારા આત્મ સ્વરૂપનું સત્ય જ્ઞાન કરીશ તે દિવસ ધન્ય થશે.

૨ શરીર, કુટુંબ, ધન તથા બાહ્ય પદાર્થોને મારા માનું છું તે માટે ધિક્કાર છે. શરીર, કુટુંબ, ધન તથા બાહ્ય પદાર્થોનો મોહ છોડીશ તે દિવસ ધન્ય થશે.

૩ શરીર, ઇંદ્રીય સુખ તથા પરીવારના માટે બહુ પાપ કર્મ કરૂં છું, કરાવું છું, કરતાને ભલું જાણું છું તે મને ધિક્કાર છે. બધાં પાપ કર્મ છોડીને આત્માનું કલ્યાણ કરવાવાળો અહિંસા,સંયમ, તપ રૂપ ધર્મ પાળીશ તે દિવસ ધન્ય થશે.

૪ અનેક નાના તથા મોટા જીવોની પ્રમાદવશ હિંસા કરૂ છું તે માટે ધિક્કાર છે. અહિંસા પાલન કરવાની શક્તિ પ્રગટ થાઓ.

૫ જુઠું બોલું છે તેના માટે ધિક્કાર છે. સાચું, પ્રિય અને હિતકર બોલવાનો, અભ્યાસ પ્રગટ થાઓ.

૬ વગર વિચારે બોલું છું તે માટે ધિક્કાર છે. પૂર્ણ વિચાર કરી જરૂરી, પ્રિય, સત્ય અને થોડું બોલવાનો ગુણ પ્રગટ થાઓ.

૭ ચોરી કરી તે માટે ધિક્કાર છે. (દાન ન દેવું,

સેવા ન કરવી તે પણ ચોરી, ત્રસ સ્થાવર જીવને મારવા તે પ્રાણ લૂંટવાની મોટી ચોરી છે) અચૌર્ય ચોરી ન કરવાનો ગુણ પ્રગટ થાઓ.

૮ વિષય સેવન કીધું તેના માટે ધિક્કાર છે, શુદ્ધ બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થાઓ.

૯ તૃષ્ણા કરી તેના માટે ધિક્કાર છે, સંતોષ ગુણ પ્રગટ થાઓ.

૧૦ પતિ (સ્ત્રી) પરિવાર ધનાદિમાં મમતા રાખી તેને માટે ધિક્કાર છે, સંસારની બધી વસ્તુઓની મમતા નાશ થાઓ.

૧૧ ક્રોધ કરૂં છું તેના માટે ધિક્કાર છે, ક્ષમા ગુણ પ્રગટ થાઓ.

૧૨ માન કરૂં છું તેના માટે ધિક્કાર છે, વિનય ગુણ પ્રગટ થાઓ.

૧૩ માયા કપટ કરૂં છું તેના માટે ધિક્કાર છે. સરળતા (નિષ્કપટતા) પ્રાપ્ત થાઓ.

૧૪ લોભ કરૂં છું તેના માટે ધિક્કાર છે, ઉદારતાનો ગુણ પ્રગટ થાઓ.

૧૫ રાગ કર્યો તે માટે ધિક્કાર છે, વૈરાગ્ય ગુણ પ્રગટ થાઓ.

૧૬ દ્વેષ કર્યો તે માટે ધિક્કાર છે. બધાના ગુણ લેવાની બુદ્ધિ પ્રગટ થાઓ.

૧૭ કલહ, કંકાસ કર્યો તેના માટે ધિક્કાર છે, સમતા ગુણ પ્રગટ થાઓ.

૧૮ વિકથા (નકામી વાતો) કરી તેના માટે ધિક્કાર છે, ધર્મ કથા કરવાનો ગુણ પ્રગટ થાઓ.

૧૯ પરનિંદા બહુ કરી તે માટે ધિક્કાર છે, ગુણાનુવાદ (બીજાના ગુણ) કરવાની ટેવ પડો.

૨૦ સાંસારિક કામોમાં આનંદ માન્યો, તે માટે ધિક્કાર છે. ધર્મમાં આનંદ પ્રગટ થાઓ.

૨૧ પરવસ્તુ શરીર આદિને પોતાનાં માનવાં તે મિથ્યાત્વ નાશ થાઓ. જ્ઞાન, દર્શન, ચારિત્ર એજ મારી વસ્તુ છે, એવી માન્યતા તે સમકિત ગુણ પ્રગટ થાઓ.

૨૨ અજ્ઞાન દશામાં છું તે માટે ધિક્કાર છે. અનંત જ્ઞાન (કેવળ જ્ઞાન) પ્રગટ થાઓ.

૨૩ સમ્યક્જ્ઞાન શીખવામાં આળસ કરૂં છું તે માટે ધિક્કાર છે, અપૂર્વ તત્ત્વજ્ઞાન (આત્મજ્ઞાન) હંમેશાં શીખીશ તે દિવસ ધન્ય થશે.

૨૪ નિંદ્રા (ઉંઘ) બહુ લઉં છું તે માટે ધિક્કાર છે. નિદ્રા છોડી ધર્મધ્યાનમાંજ રહીશ તે દિવસ ધન્ય થશે.

૨૫ સુખમાં રાજી અને દુઃખમાં દિલગીર થાઉં છું તે માટે ધિક્કાર છે, સમભાવ ગુણ પ્રગટ થાઓ.

૨૬ મોહ કરૂં છું તે માટે ધિક્કાર છે, નિર્મોહી ગુણ પ્રગટ થાઓ.

૨૭ શરીરને મારૂં માનું છું તે માટે ધિક્કાર છે. શરીરમોહ નાશ પામો.

૨૮ યશ, કીર્તિની ઈચ્છા કરૂં છું તે માટે ધિક્કાર છે, સ્તુતિ નિંદામાં સમભાવ ગુણ પ્રગટ થાઓ.

૨૯ ઉત્તમ કામ કરવામાં ખોટો ભય કરૂં છું તે માટે ધિક્કાર છે. ઉત્તમ કામોમાં અભય ગુણ પ્રગટ થાઓ.

૩૦ પાપના કામોમાં અભય રહું છું તે માટે ધિક્કાર છે. પાપનું કામ કરતાં ભય પામી તે છોડીશ ત્યારે ધન્ય થશે.

૩૧ પાપ કરવામાં ચતુરાઈ કરૂં છું તે માટે ધિક્કાર છે. પાપ કામમાં ચતુરાઈ નાશ થાઓ. ધર્મ કાર્યોમાં તથા પાપ ઘટાડવામાં ચતુરાઇ પ્રાપ્ત થાઓ.

૩૨ પાપ કરવામાં પુરૂષાર્થ કરૂં છું તે માટે ધિક્કાર છે. પાપ ઘટાડવામાં તથા ધર્મ કરવામાં (પુરૂષાર્થ) ઉદ્યમ પ્રગટ થાઓ.

૩૩ પાપ કર્મ કરવામાં બળ વાપરૂં છું તે માટે ધિક્કાર છે. પાપ ઘટાડવામાં તથા ધર્મ કાર્ય કરવામાં બળ (શક્તિ) પ્રગટ થાઓ.

૩૪ પાપ કર્મ કરવામાં ધૈર્ય રાખું છું તે માટે ધિક્કાર છે, ધર્મ કાર્યમાં ધૈર્ય પ્રગટ થાઓ.

૩૫ પાપ કર્મ કરવામાં દૃઢતા રાખું છું તે માટે ધિક્કાર છે. પાપ ઘટાડવામાં તથા ધર્મ કાર્ય કરવામાં દૃઢતા પ્રાપ્ત થાઓ.

૩૬ પાપકર્મ કરવામાં શુરવીરના કરૂં છું તે માટે

ધિક્કાર છે. પાપ ઘટાડવામાં તથા ધર્મ કાર્યમાં શુરવીરતા પ્રાપ્ત થાઓ.

૩૭ પાપ કાર્ય કરવામાં પ્રીતિ રાખું છું તે માટે ધિક્કાર છે. પાપ ઘટાડવામાં તથા ધર્મ કાર્યમાં પ્રીતિ પ્રગટ થાઓ.

૩૮ પાપ કાર્ય કરવામાં સફળતા ચાહું છું તે માટે ધિક્કાર છે, પાપ ઘટાડવામાં તથા ધર્મ કાર્યમાં સફળતા પ્રાપ્ત થાઓ.

૩૯ અભિમાન કરૂં તે માટે ધિક્કાર છે, નમ્રતા ગુણ પ્રગટ થાઓ.

૪૦ બાહ્ય પદાર્થ મેળવવામાં પુરૂષાર્થ (ઉદ્યમ) કરૂં છું તે માટે ધિક્કાર છે, આત્મહિતના કાર્યમાં પુરૂષાર્થ કરીશ તે દિવસ ધન્ય થશે.

૪૧ કઠણ શબ્દથી બેરાજી અને મધુર શબ્દ ઉપર રાજી થાઉં છું તે માટે ધિક્કાર છે, સારા બુરા વચન ઉપર સમભાવ ગુણ પ્રગટ થાઓ.

૪૨ સાંસારીક વાતો સાંભળી તે માટે ધિક્કાર છે ધર્મની વાતો હંમેશાં સાંભળીશ ત્યારે ધન્ય થશે.

૪૩ બાહ્યદ્રષ્ટિ પરપુદ્ગલમાં રાખું છું તે માટે ધિક્કાર છે આત્મદ્રષ્ટિ પ્રગટ થાઓ.

૪૪ સારી ગંધ આવે હર્ષ અને દુર્ગંધ આવે શોક કર્યો તે માટે ધિક્કાર છે. સુગંધ, દુર્ગંધમાં સમભાવ પ્રગટ થાઓ.

૪૫ મોહના વશ થઈ રૂપ દેખ્યાં તે માટે ધિક્કાર છે. દ્રષ્ટિ સંયમ પ્રગટ થાઓ, દ્રષ્ટિ કુશીલ નાશ થાઓ.

૪૬ સારા બુરા સ્વાદમાં હર્ષ શોક કર્યો તે માટે ધિક્કાર છે. બધા સ્વાદોમાં સમભાવ પ્રગટ થાઓ.

૪૭ હું ખાઉકણુ (ખાવાનો લાલચી) થયો તે માટે ધિક્કાર છે. રસેંદ્રિય પર સંયમ પ્રાપ્ત થાઓ.

૪૮ ખાવા પીવામાં તૃષ્ણા કરી તે માટે ધિક્કાર છે. ભોજનમાં સંયમ (અંકુશ) કરીશ તે દિવસ ધન્ય થશે.

૪૯ ભોગની અભિલાષા કરૂં છું તે માટે ધિક્કાર છે. સર્વ પ્રકારે ભોગની ઈચ્છા નાશ થાઓ.

૫૦ અનીતિથી ધન ભેગું કર્યું તે માટે ધિક્કાર છે ન્યાય સંપન્ન ધનમાં સંતોષ પ્રાપ્ત થાઓ.

૫૧ લોક ભયથી કુરિવાજ કરૂં છું તે માટે ધિક્કાર છે. કુરિવાજ છોડવાની હિંમત પ્રગટ થાઓ.

૫૨ કુટુમ્બનો મોહ કરૂં છું તે માટે ધિક્કાર છે. સર્વ જગતના જીવ માત્રથી મિત્ર ભાવના પ્રગટ થાઓ.

૫૩ રાગદ્વેષ કરૂં છું તે માટે ધિક્કાર છે. સમભાવ પ્રગટ થાઓ.

૫૪ અસંયમ નાશ થાઓ. સંયમગુણ પ્રગટ થાઓ.

૫૫ કુજ્ઞાન (અજ્ઞાન) નાશ થાઓ, સુજ્ઞાન (સમ્યગ્ જ્ઞાન) પ્રગટ થાઓ.

૫૬ નિયાણું એટલે કરણીના ફળની ઇચ્છા આજ સુધી કરી તે માટે ધિક્કાર છે. તે ક્ષય થાઓ. ઇચ્છા રહીત આત્માના સ્વભાવ તરિકે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપનું પાલન થાઓ.

૫૭ આહારની ઇચ્છા (સંજ્ઞા) નાશ થાઓ. અણાહારક (નિરાહાર) આત્માનો શુદ્ધ ગુણ પ્રગટ થાઓ.

૫૮ આનત્ય અશરણ અનંત દુઃખ હેતુ કામભોગની ઇચ્છા નાશ થાઓ. નિત્ય શરણભૂત અનંત સુખ હેતુ શુદ્ધ બ્રહ્મચર્યનું સદા પાલન થાઓ.

૫૯ ચારિત્ર ગુણનો વિકાર (મલીન અવસ્થા) ભોગેચ્છા નાશ થાઓ. ચારિત્ર ગુણનો અવિકાર (શુદ્ધ અવસ્થા) બ્રહ્મચર્ય પ્રગટ થાઓ.

૬૦ અતિક્રુરતા અતિ દ્વેષ—વિષયાંધતા ગુણીની નિંદા આદિ ***મહા** મોહનીય કર્મ બંધનના કારણ સેવ્યાં તે માટે ધિક્કાર છે. દયા, ગુણાનુરાગ, વિષય ત્યાગ અને સમભાવના સેવનથી મહા મોહનીય કર્મ નાશ થાઓ.

૬૧ જ્ઞાન નાશનાં ચાર કારણ—(૧) * સદોષ આહાર પ્રાણી (૨) કાળોકાળ જ્ઞાન ધ્યાનમાં પ્રમાદ (૩) આગલી તથા પાછલી રાત્રે ધર્મ જાગરણા ન કરવી (૪)

---

* જેની સ્થીતિ ઉત્કૃષ્ટ સિત્તેર (૭૦) ક્રોડાક્રોડ સાગરોપમની છે અને જે પરંપર અનંત જન્મ મરણનું કારણ છે તેને **મહામોહનીય** કર્મ કહે છે.

* હિંસાવાળો તથા રાગદ્વેષ યુક્ત.

વિકથા જ્ઞાન, ધ્યાન સિવાયની વાતો કરવી. આ ચારમાંનું એક પણ કારણ સેવન કર્યું હોય તે ધિક્કાર છે. ચાર દોષોનો ત્યાગ કરી સમ્યગ જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના હોજો

૬૨ ચાર દુઃખ સેજા-(૧) પર વસ્તુને પોતાની માનવી (૨) પોતાના લાભમાં સંતોષ ન માનતાં બીજાના લાભની ઈચ્છા કરવી (૩) ભોગની વાંચ્છા કરવી (૪) રોગ ઉપસર્ગ આવતાં ગભરાઇ જવું, આકુળ વ્યાકળ થવું, હિંસા જન્ય ઉપાય લેવા. આ ચાર દુઃખ સેજા સેવી તે માટે ધિક્કાર છે, તે ક્ષય થાઓ. ચાર સુખ સેજા-(૧) આત્મ અનુભવ (૨) સંતોષ (૩) વિષય સંયમ (૪) દુઃખમાં ધૈર્ય પ્રગટ થાઓ.

૬૩ જડવાદ એટલે શરીર ચીંતા ભોગ વાંછા વિલાસી જીવન ધન મોહ ક્ષય થાઓ આત્મ વાદ ભેદ જ્ઞાન, વિષય, ત્યાગ, ઉત્કૃષ્ટ દાન અને સમભાવ પ્રગટ થાઓ

૬૪ આજ સુધી મિથ્યાત્વે કરી, ભૂલે કરી, ભ્રમે કરી શરીર ઇંદ્રિયો અને વિષય દ્વારા કર્મ બાંધ્યા તે માટે ધિક્કાર છે તે કર્મ નાશ થાઓ અને કર્મ રહિત સિદ્ધ અવસ્થા પ્રગટ થાઓ.

૬૫ રાગ, દ્વેષ, મોહ (મિથ્યાત્વ) રૂપ કર્તાપણું કર્મ ચેતના ક્ષય થાઓ. સમતા ભાવ પ્રગટ થાઓ.

૬૬ ઇંદ્રીયોના વિષયમાં સુખ દુઃખ, બુદ્ધિ ભોક્તાપણું કર્મ ફળ ચેતના નાશ થાઓ. સમતાભાવ પ્રગટ થાઓ.

૬૭ પરને પોતાનું જાણવા રૂપ અજ્ઞાન, ચેતના નાશ થાઓ, રાગદ્વેષ રહિત ઉદાસીન ભાવે જ્ઞાતાપણું જ્ઞાનચેતના પ્રગટ થાઓ.

૬૮ મનના સંકલ્પ વિકલ્પ (ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિ) નાશ થાઓ. નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થાઓ.

૬૯ ધ્યાન, મૌન, સમાધિ પ્રાપ્ત થાઓ.

૭૦ સકળ શાસ્ત્રના સારભૂત, આત્મ સ્વરૂપનું જ્ઞાન પ્રગટ થાઓ.

૭૧ કર્મબંધનું કારણ મન, વચન, કાયા, રાગ અને દ્વેષનો નાશ થાઓ.

૭૨ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષ માર્ગની પૂર્ણ આરાધના થાઓ.

વાંચન અથવા શ્રવણથી સામાન્ય બોધ થાય છે. મનન કરવાથી, જ્ઞાન શંસય રહિત અને દૃઢ થાય છે અને નિદિધ્યાસન તત્વવિચાર વારંવાર તેજ વિષયનું ચિંત્વન એટલે ભાવના અને ધ્યાન દ્વારા અંદરના આત્માનાં આવરણો નાશ પામે છે, મિથ્યાત્વની ગાંઠ છેદાય છે અને આત્મ દર્શન એટલે શુદ્ધ સમકિત ગુણ પ્રગટ થાય છે. એટલે નિદિધ્યાસન ભાવનાનું ફળ મોક્ષ છે, માટે પહેલી પાંચ ભાવનાઓ હંમેશાં નિત્ય નિયમમાં ચિંત્વન કરવી જોઇએ. નવકાર, નવકાર સ્વરૂપ, સમકિતના ૪ ગુણ, સમાકત અને સદ્‌ગુણ પ્રાપ્તિની ભાવના અવશ્ય ચિંત્વન કરવી.

(૬) ત્રણ મનોરથ.

૧ આરંભ (છ કાયની હિંસા) અને પરિગ્રહ દુર્ગતિના દાતાર કલહનું કારણ કર્મબંધ કરાવનાર દુઃખોનું મૂળ, ચારે ગતિમાં ભટકાવનાર છે તેનો મન, વચન અને કાયાથી ત્યાગ કરીશ ત્યારે ધન્ય થશે.

૨ પંચ મહાવ્રત, પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિ, ક્ષમા આદિ દશ પ્રકારનો યતિ ધર્મ આદરીશ. સકળ કુટુંબ, પરિવાર, ધન, સંપદા છોડી, શુદ્ધ સંયમ ધારણ કરીશ ત્યારે ધન્ય થશે.

૩ અંત સમયે મન, વચન અને કાયાથી કરેલ, કરાવેલ, ભલા જાણેલ અઢારે પાપનો પશ્ચાત્તાપ કરી પ્રાયશ્ચિત્ત લઇ ચારે આહાર અને અઢાર પાપ સ્થાનકના પચ્ચખાણ કરી રાગદ્વેષરહિત સમભાવે શરીર અને સર્વ પદાર્થોથી હું ભિન્ન છું, અજર, અમર, અવિનાશી છું, અનંત જ્ઞાન તથા આત્મિક સુખ પૂર્ણ શુદ્ધ આત્મા છું, સિદ્ધ સ્વરૂપ છું એવું ચિંતવન કરતાં પંડિત મરણ પામીશ ત્યારે ધન્ય થશે.

(૭) સદાચારી થવાની બાર વૈરાગ્ય ભાવના.

૧ અનિત્ય ભાવના—શરીર, ધન, ભોગ સામગ્રી સ્ત્રી–પતિ પુત્ર માતા–પિતા–પરિવાર વૈભવ–નિંદા સ્તુતિ–ચોડા

હાથી વસ્ત્ર ઈત્યાદિ સર્વ વસ્તુઓને મારી માની તેમાં રાગ દ્વેષ કરી અનાદિ કાળથી ચારે ગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છું. આ પંચેદ્રિયના ભોગ અનિત્ય એટલે નાશવાન અને ક્ષણુ-ભંગુર છે, અને એને ભોગવવાથી શાશ્વતુ એટલે અનંતકાળ સુધી નરક તિર્યંચગતિનું ભયંકર દુઃખ ભોગવવું પડે છે અને નિત્ય આત્મિક સુખ પ્રગટ થશે નહિ. એવો વિચાર કરીને આ ભોગોને છોડીને નિત્ય અક્ષય, અનંત, સુખદાઈ જ્ઞાન-દર્શન અહિંસા સત્ય બ્રહ્મચર્ય સંયમ તપમય ધર્મને ગ્રહણ કરવો એ કલ્યાણકારી છે જેનાથી મને નિત્ય અનંત સુખની પ્રાપ્તિ થશે. અનિત્ય ભાવના ચિંત્વન કરવાથી શ્રી **ભરત ચક્રવર્તિ**એ કેવળ જ્ઞાન પ્રગટ કર્યું તેમ મને પણ પ્રગટ થાઓ.

દોહો—રાજા રાણા છત્રપતિ, હથિયન કે અસ્વાર;
મરવું સર્વને એક દિન, અપનિ અપની વાર. ॥૧॥

૨ અશરણ ભાવના.—અજ્ઞાન અને મોહથી આ આત્મા દુઃખોથી બચવાને માટે ધન, સ્ત્રી, પતિ, કુટુમ્બ, હાટ, હવેલી ઇત્યાદિ બહારના સાધનો અને સામગ્રીઓને રક્ષાનું કારણ સમજે છે પરંતુ સત્ય સ્વરૂપ વિચાર કરે તો માલુમ પડે કે આ ભોગની સામ્રગીજ જીવને અનંત દુઃખ-મય અશરણમય બનાવી નરક તિર્યંચના દુઃખોને આપવા-વાળી છે અને નિરંતર શરણભૂત અનંત સુખદાઈ ધર્મમાં

વિઘ્નકારી છે. એવો સમ્યક્ પ્રકારથી વિચાર કરી આ સર્વ કામ ભોગના સાધનોનો ત્યાગ કરીને અહિંસા બ્રહ્મચર્ય સત્ય સંયમ તપ આત્મ જ્ઞાન ધ્યાન ગ્રહણ કરવાં પરમ કલ્યાણકારી છે. આ ભાવના અનાથી મુનિએ ચિંત્વન કરી અને મોક્ષ પદને પ્રાપ્ત કર્યું એવી રીતે મને પણ અશરણ ભાવનાની પ્રાપ્તિ થાઓ.

દોહો—ધન બળ દેવી દેવતા, માતપિતા પરિવાર;
મરતી વેળા જીવને, કોઇ ન રાખણહાર ॥ ૧ ॥

આવી રીતે આ શરીર ધન, ભોગ, પરિવાર, નિંદા સ્તુતિ ઇત્યાદિ સર્વ સામગ્રી જીવને અશરણભૂત છે, અને હું અનાદિકાળથી એને શરણભૂત માનતો હતો. જેમ જેમ મેં આ વસ્તુઓને શરણભૂત માની તેમ તેમ અનંત દુઃખ ભોગવવું પડયું. આ વસ્તુઓદ્વારા દુઃખોથી છુટવાની કોશીશ કરતો હતો પણ દુઃખથી ન છુટી શકયો અને જ્યારે સત્ય સ્વરૂપનો વિચાર કર્યો ત્યારે માલમ પડયું કે, આ સર્વ સામગ્રી તથા સાધનો જીવને ત્રણે કાળમાં દુઃખમાંથી બચાવી શકતા નથી એટલા માટે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, સંયમ, તપ જે અનંત સુખોને આપવાવાળાં તે ગ્રહણ કરવાં જોઈએ.

૩ સંસાર ભાવના—અનાદિ કાળથી હું જન્મ-જરા, મરણરૂપી સંસારની અંદર પરિભ્રમણ કરી રહ્યો છું એનું મૂળ કારણ સંસારના પદાર્થ-શરીર, પાંચ ઇંદ્રિયના ભોગ અજ્ઞાન, મોહ, રાગદ્વેષ છે જ્યારે હું સર્વનો સંબંધ

છોડીશ ત્યારેજ સંસારના પરિભ્રમણથી મુક્ત થઈશ અને અનંત અવ્યાબાધ આત્મિક અતિઈંદ્રિય (ઈંદ્રિયરહિત) સુખ પુર્ણ મોક્ષની પ્રાપ્તિ કરી શકીશ. મારા આત્માએ આ સંસારમાં ભ્રમણ કરતાં થકાં સર્વ પ્રકારના ભોજન (મેવા મિષ્ટાન્નાદિ) ખાધાં તથા સર્વ સ્થાનો, રાજ્ય મહેલો, દેવલોક આદિ સર્વ સુખના સંયોગો પાંચ ઇંદ્રિયના સુખો જેને અજ્ઞાનતાથી સુખ માનતો આવ્યો છું તે ભોગવ્યાં અને તેના બદલામાં અનંત દુઃખના સંયોગ નરક તિર્યંચ આદિ અનંતવાર ભોગવી ચુકયો પરંતુ આ જીવ સંતોષ ન પામ્યો. જેવી રીતે અગ્નિ લાકડાંથી કદી પણ શાંત થતી નથી અને વિશેષ વધે છે તેવી રીતે આ જીવ સંસારના વિષય ભોગોથી કદી શાંત ન થયો અને અનંત દુઃખ ભોગવ્યું. જેવી રીતે અગ્નિને શાંત કરવાનો ઉપાય પાણી છે, એવી રીતે આ જીવને સંસારથી મુક્ત કરવાનો ઉપાય અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય સંયમ, ક્ષમા, નિર્લોભતા, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ધ્યાનાદિ છે. આ પાણીથી જીવની વિષયરૂપી અગ્નિ સદાને માટે શાંત થઈ જાય છે. અને અનંત સુખ મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો વિચાર કરીને આ સર્વ સંસારનો સબંધ છોડવો ઉત્તમ છે. શ્રી ધન્નાશાલિભદ્રજીએ સંસાર ભાવના ચિંતવન કરી આત્મ કલ્યાણ કર્યું તેમ મને પણ પ્રાપ્ત થાઓ.

દુહો—ધન વિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવંત ધનવાન,
કોન સુખી સંસારમાં? સબ જગ દેખ્યા છાન. ॥૧॥

થાય ન તૃપ્તિ ભોગથી, એ અનાદિની રીત;
સંયમ ગુણ જો પ્રગટ કરે, તો રહે સકળ દુઃખ જીત ॥૨॥
પરદ્રવ્ય મેં પ્રીતિ હૈ, યહી સંસાર અબોધ;
યા કો ફળ ગતિ ચારમેં, ભ્રમણ કહ્યો સૂત્ર શોધ ॥૩॥

ભાવાર્થ—પર વસ્તુમાં પ્રીતિ તેજ સંસાર (જન્મ મરણ) અને મિથ્યાત્વનું કારણ છે અને તેનું ફળ ચારે ગતિમાં ભ્રમણ કરવું તે છે એવું આચાર્ય મહારાજે સર્વ સૂત્ર શોધીને ફરમાવ્યું છે.

૪ એકત્વ ભાવના.

દુહો—આપ એકલા અવતરે, મરે એકલા હોય;
કબહુ અપના જીવકો, સાથી સગો ન કોય. ॥૧॥

આ ભાવનામાં એવો વિચાર કરે કે હું એક છું, શુદ્ધ છું, બુદ્ધ છું અર્થાત અનંત જ્ઞાનમય છું, અરૂપી છું, અન્ય દ્રવ્યોથી નિર્મમત્વ છું, સર્વથા ભિન્ન છું. જ્ઞાનદર્શને કરીને સહિત છું, પ્રતિપૂર્ણ છું. એક સ્વરૂપ છું નિત્ય છું. સત-સ્વરૂપ છું આનંદ સ્વરૂપ છું. અતીંદ્રિય (ઇંદ્રીય રહિત) છું, નિરાકુલ (ઇચ્છા રહિત) છું, અનંત આત્મિક સુખથી ભરપૂર છું, હું એકલો જનમ્યો છું અને જ્યારે મરણ થશે ત્યારે પણ એકલો જવાનો છું. આ જગતમાં કોઈ વસ્તુ મારી નથી. અજ્ઞાન અને મિથ્યાત્વથી જીવને કર્મ અનાદિ કાળથી લાગેલાં છે એટલા માટે શરીર પ્રાપ્ત કરીને અનંત કાળથી સુખ દુઃખ

ભોગવી રહ્યો છું. જ્યારે અજ્ઞાન અને મિથ્યાત્વનો સર્વથા નાશ કરીશ ત્યારે કર્મ રહિત અશરીરી શુદ્ધ બુદ્ધ પરમાત્મા સ્વરૂપ થઇ જઇશ. એવી એકત્વ ભાવના **નમીરાજરૂષીએ** ચિંત્વન કરીને આત્મ કલ્યાણ કર્યું છે તેવી રીતે મારે પણ ચિંત્વન કરવું તે પરમ કલ્યાણકારી છે.

૫. અન્યત્વ ભાવના અર્થાત ભેદ ભાવના.

દોહો—જહાં અપની દેહ નહિ, તહાં ન અપના કોય;
ઘર સંપત પર પ્રગટ એ, પર હૈ પરિજન લોય. ॥૧॥

ભાવાર્થ—જ્યારે શરીર પણ આપણું નથી તે છોડી ચાલ્યા જવું છે તો બીજું આપણું કોણ થાય? ઘર સંપત્તિ અને પરીવાર તો આપણાથી જુદાં છે એ પ્રગટ છે છતાં અજ્ઞાનથી મારાપણું માની આજ સુધી દુઃખી થયો છું હવે ભેદભાવના ભાવી સર્વ દુઃખ રહિત થઇશ.

દુહો—ભેદ જ્ઞાનસો મુગતિ હૈ, જુગતિ કરો કિમ કોય;
વસ્તુ ભેદ જાણે નહિં, મુગતિ કહાંસે હોય ॥ ૨ ॥

આ પ્રકારે વિચાર કરે છે આ શરીર અને જેટલા બાહ્ય પદાર્થ દેખાય છે તે સર્વ જડ અને ચૈતન્ય દ્રવ્ય મારા આત્માથી ભિન્ન (જુદાં) છે હું એમનાથી જુદો છું મારો આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ, અનંત વીર્ય, આ ચાર ગુણે કરીને સહિત છે, હું અજ્ઞાન અને મોહથી અન્ય વસ્તુને મારી માની રાગ દ્વેષે કરી

અનંત કાળથી દુઃખી થઈ રહ્યો છું. મને ત્રણ કાળ (વર્તમાન ભૂત-ભવિષ્ય)માં પોતાનો આત્મા અને એના શુદ્ધ ગુણો સિવાય અન્ય બીજી કોઇ વસ્તુ સુખ દેવાવાળી નથી. પુત્ર સ્ત્રી (પતિ) માતા, પિતા, આદિ ચૈતન્ય તથા ધન ધાન્ય વૈભવ આદિ જડ પદાર્થો જે દ્રષ્ટિમાં આવે છે, તે સર્વ પદાર્થ ત્યાગ કરવા એજ મારા માટે કલ્યાણકારી છે. જે દિવસે હું આ સર્વ પદાર્થોનો ત્યાગ કરીશ તે દિવસ મારે પરમ કલ્યાણકારી થશે. શ્રી મૃગાપુત્રજીએ ભેદ ભાવના ચિંતવન કરી આત્મકલ્યાણ કર્યું તેમ મને પણ પ્રાપ્ત થાઓ.

દુહો—ભેદ જ્ઞાન સાબુ કરી, સમરસ નીર્મળ નીર;
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર. ॥૧॥

૬ અશુચી ભાવના—આ પ્રકારે વિચાર કરે કે, આ ઉદારિક શરીર હાડ, માંસ, રૂધિર, મલ, મુત્ર, શ્લેષ્મ, કરમીયા, નસો, પિત, કફ, આદિથી ભરેલું છે. આ શરીરમાં કોઇ વસ્તુ રમણિક, સુગંધી, મનોહર નજર આવતી નથી અને આ શરીર કેસર, કસ્તુરી, ચંદન, કંકુ, આદિ સુંદર પદાર્થોને પણ બગાડી દે છે અર્થાત્ મલરૂપ કરી નાંખે છે. આટલું હોવા છતાં પણ આ શરીરને સુખ તથા સ્નેહનું ભાજન માનવું તે બહુજ અજ્ઞાન છે અવું સમજીને આ શરીર ઉપર મોહ ન કરવો જોઇએ. અને એનાથી જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવામાં સમય માત્રનો પ્રમાદ કરવો મને શ્રેયસ્કર નથી. કારણકેઃ—

દુહો—દીપે ચામ ચાદર મઢી, હાડપીંજરા દેહ;
ભીતર યાસમ જગતમેં, ઔર નહિ ઘીન ગેહ. ॥૧॥

ભાવાર્થઃ—હાડકાના પીંજરાવાળી આ કાયા ચામડી રૂપી ચાદરથી મઢેલ હોઈ શોભે છે પરંતુ તેની અંદર રહેલ વસ્તુઓ વિચારતાં આ શરીર સમાન જગતમાં બીજું કોઈ દુર્ગંધી સ્થાન નથી કારણ પાયખાનામાં પડી ગયેલ પદાર્થ થોડી ગંધના ફેરફાર સિવાય પાછો મળે છે. પણ શરીરમાં નાંખેલ બદામ, ઘી, સાકર, કસ્તુરી વિગેરે પદાર્થો મળ રૂપ બની પાછા નીકળે છે.

દુહા—શરીર વિષ્ટા કોથળી, તેમાં શું મોહાય;
મમતા તજી વૈરાગ ધરે, તે જીવ સુગતિ પાય. ॥૧॥

એવો વિચાર કરી જ્ઞાની પુરૂષ આવા મલિન પોતાના તથા અન્યના શરીરમાં મોહ કરે નહિ કારણ કે આના પર મોહ કરવો એ જીવને મહા દુઃખદાઈ છે, આવા દુર્ગંધમય રૂપવાળા શરીર ઉપર મોહ કરીને જીવ એક વારના કામ ભોગમાં અસંખ્યાતા જીવોની ઘાત કરી નાંખે છે અને પછી પોતે અનંત દુઃખોને ભોગવે છે એટલા માટે મારે આના પર મોહ ન કરવો જોઇએ. આ અશુચી ભાવના સનંત કુમાર ચક્રવર્તીએ ચિંત્વન કરી શરીરની મમતા છોડી આત્મ કલ્યાણ કર્યું છે તેવી રીતે મારે પણ આ ક્ષણભંગુર દુર્ગંધમય શરીરની ખોટી મમતા, સ્નેહ વિષય રાગ છોડી

તે દ્વારા, દાન, શીયલ, તપ ભાવ, જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ ધારણ કરી તેને સફળ કરવું જોઈએ.

૭ આશ્રવ ભાવના—એમ વિચાર કરે કે, આ જીવ આશ્રવથી અને તેના કારણોથી ચાર ગતિની અંદર પરીભ્રમણ કરી રહ્યો છે. મન, વચન, કાયા, ત્રણ યોગ અને ક્રોધ, માન, માયા, લોભ, આ ચાર કષાયો દ્વારા કર્મોનો આશ્રવ થાય છે, એટલા માટે મારે મન, વચન, કાયાને ધ્યાનમાં સ્થીર કરવાં હિતકર છે અને કષાયનો સર્વથા પ્રકારે ત્યાગ કરવો કલ્યાણકારી છે.

દુહો—સંજ્ઞા લેશ્યા આદિ ત્રય, ઇંદ્રિય વશતા હોય;
આર્ત રૂદ્ર કુધ્યાનતા, મોહ પાપ પદ સોય. ॥૧॥

ભાવાર્થ—ચાર સંજ્ઞા ત્રણ પહેલી લેશ્યા (કૃષ્ણ, નીલ, કાપોત) પાંચ ઈંદ્રિયને વશીભુત થવું, આર્ત, રૂદ્ર ધ્યાન ધરવું, અને રાગ દ્વેષ મોહ એ આશ્રવનું કારણ છે.

દુહો—કર્મ ગ્રહણ કરે જોગ કરી, જોગ વચન મન કાય;
ભાવ હેતુ સ્થીતિ બંધ છે, રાગાદિ ઉપજાય. ॥૧॥

મન વચન કાયારૂપી યોગથી કર્મ દલરૂપી દ્રવ્યાશ્રવ થાય છે અને ક્રોધાદિ કષાય તે ભાવાશ્રવ છે. શુભ યોગથી શુભાશ્રવ અને અશુભ યોગથી અશુભાશ્રવ થાય છે એટલા માટે મને દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવ બન્ને છોડવા યોગ્ય છે એ મારા અનંત આત્મિક સુખની ઘાત કરવાવાળા છે.

દુહો—રાગ દ્વેષ અરૂ અજ્ઞતા, ભાવ આશ્રવ ભવી જાણ;
અષ્ટ કર્મ દળ આગમન, દ્રવ્ય આસ્રવ પ્રમાણ. ॥૧॥

આ ભાવના સમુદ્રપાલ મુનિએ ચિંત્વન કરી આત્મ કલ્યાણ કર્યું છે તે પ્રમાણે હું પણ આશ્રવને છોડીને સંવરને ધારણ કરી આત્મ કલ્યાણ કરીશ તે દિવસ ધન્ય થશે.

૮ **સંવર ભાવના**—આવો વિચાર કરે કે, આ જીવ સંવરને ધારણ કરવાથી ચતુર્ગતિના ક્લેશો દુઃખોથી છુટે છે ને અનંત સુખ પ્રાપ્ત કરે છે. આ સંવર મન, વચન, કાયાના યોગોને રોકવાથી થાય છે. મનને ધર્મ ધ્યાનમાં જોડવું, વચનથી સત્ય મધુર પ્રિય–સર્વ હિતકારી અને નિર્વદ્ય (પાપ રહિત) ભાષા બોલવી. કાયાને અહિંસામય ધર્મમાં લગાવવી અને ચાર કષાયને રોકવા તે સંવર છે.

દુહો—નીજ સ્વરૂપમાં લીનતા, નિશ્ચય સંવર જાણ;
સુમતિ ગુપ્તિ સંયમ ધર્મ, કરે પાપની હાણ. ॥૨॥

ભાવાર્થ—પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિ, દશ પ્રકારના ક્ષમાદિ યતિ ધર્મ એ સર્વ ભાવ સંવરને પ્રગટ કરનારા સાધન છે. આત્મ સ્વરૂપમાં લીનતા–રમણતા કરવી એ નિશ્ચય સંવર છે. જે દિવસે હું યોગ પ્રવૃત્તિ તથા કષાયનો ત્યાગ કરી આત્મ સ્વરૂપમાં લીન થઈને સંવર ભાવનાનું આરાધન કરીશ, તે દિવસ ધન્ય થશે. આ ભાવના કેશી માહારાજ અને ગૌતમ સ્વામીજીએ ચિંત્વન કરી આત્મ કલ્યાણ કર્યું છે તે પ્રમાણે મને પણ દ્રવ્ય અને ભાવ સંવર પ્રગટ થાઓ.

૯ નિર્જરા ભાવના—

દુહો—સંવર યોગ વિમલ સહિત, વિવિધ તપો વિધિ ધાર;
બહુત કર્મ નિર્જર કરણ, સો મુનિ ત્રીભુવન સાર. ૧

૧ અનશન—આહાર ત્યાગ થોડા સમય અથવા જીવન પર્યંત.

૨ ઉણોદરી—ખાવાપીવા તથા વાપરવાની વસ્તુઓ ઘટાડવી તે દ્રવ્ય ઉણોદરી અને વિષય કષાય ઘટાડવા તે ભાવ ઉણોદરી.

૩ વૃત્તિસંક્ષેપ—ઈચ્છાને રોકવી, અભિગ્રહ કરવો.

૪ રસપરિત્યાગ—દૂધ, મિઠાઇ, મસાલા, શાક, અથાણાં વિગેરે પૌષ્ટિક અથવા સ્વાદિષ્ટ પદાર્થ છોડવા તે.

૫ કાયકલેશ—બધું કામ હાથે કરવું, સેવા કરવી, પગે ચાલવું, આતાપના લેવી. આસન કરવાં, વિગેરે.

૬ પ્રતિસંલીનતા—ઇંદ્રિય સંયમ પાંચે ઇંદ્રિય ઉપર કાબુ રાખવો.

૭ પ્રાયશ્ચિત્—પાપની શુદ્ધિ. પશ્ચાતાપ અને પ્રગટ માફી.

૮ **વિનય તેના પાંચ પ્રકાર છે.**

(૧) અપૂર્વજ્ઞાન હંમેશાં શીખવું તે જ્ઞાનવિનય.

(૨) વ્યવહાર નિશ્ચયનયથી પ્રત્યેક વિષય સમજી શ્રદ્ધા કરવી તથા આત્માનો અનુભવ કરવો તે દર્શન (સમકિત) વિનય.

(૩) હિંસા, વિષય, કષાય છોડી મન, વચન, કાયાને રોકવા તે ચારિત્ર વિનય.

(૪) ઈચ્છા રોકવી તે તપ વિનય.

(૫) ગુરૂ વડીલ, ગુણી પુરૂષ આદિની વિનય ભક્તિ કરવી તે લોકોપચાર વિનય (વ્યવહાર વિનય.)

૯ વૈયાવચ્ચ—સેવા ભક્તિ કરી જ્ઞાન દર્શન ચારિત્રમાં સ્થિર કરવું તે.

૧૦ સજ્ઝાય—ઉપયોગ સહિત વાંચવું, પુછવું, ફેરવવું વિશેષ વિચારવું અને ધર્મ ઉપદેશ દેવો.

૧૧ ધ્યાન-એકાગ્ર ચિત્તે ઉત્તમ વિષયનું ચિંતવન કરવું.

૧૨ કાઉસગ્ગ—વચન કાયાની પ્રવૃત્તિનો ત્યાગ. મન ધર્મધ્યાનમાં લીન રહે.

પહેલા છ તપ બાહ્ય તપ છે તે પ્રગટ રૂપે દેખાય છે અને બીજા છ તપ આભ્યંતર તપ છે. બાહ્ય તપ આભ્યંતર તપને પ્રગટ કરવા તથા દ્રઢ કરવાના ઉપકારી સાધન છે.

આ બારે પ્રકારના તપ સંવર ભાવ પૂર્વક બહુ કર્મની નિર્જરા કરે છે. મને સંવર સહિત બારે પ્રકારના તપની પ્રાપ્તિ થાઓ.

આ ભાવના **અર્જુનમાલી** મુનિએ ચિંત્વન કરી આત્મ કલ્યાણ કર્યું અર્થાત્ બહુ કર્મના દલને થોડા વખતમાં ક્ષય કરીને મોક્ષ પહોંચ્યા.

દુહો—પંચ મહાવ્રત પાળતું, સુમતિ પંચ પ્રકાર;
પાંચે ઇંદ્રિય વિજયકર, ધાર નિર્જરા સાર. ॥ ૧ ॥

૧૦ **લોક ભાવના**—એવો વિચાર કરે કે, મેં સર્વ લોકમાં સર્વ સ્થાનમાં સકળ અવસ્થા સર્વ સુખ અને દુઃખની દશા અનંતીવાર ભોગવી છે, કોઈ સ્થાન એવું બાકી નથી કે જ્યાં મેં જન્મ મરણ ન કર્યું હોય. સર્વ પદાર્થ અનંતીવાર ભક્ષણ કર્યાં છે. પરંતુ જીવને તૃપ્તિ—સંતોષ થતો નથી. એટલા માટે હવે આ લોકના સર્વ પદાર્થોનો મમત્વ છોડી કરીને અનંત જ્ઞાનાદિ ગુણને ધારણ કરી જ્યારે હિંસા, વિષય, કષાયનો ત્યાગ કરીશ ત્યારે અનંત સુખ પૂર્ણ મોક્ષ સુખ પ્રાપ્ત થશે. આ ભાવના **શ્રી શીવરાજ ઋષીશ્વરે** ચિંત્વન કરી મોક્ષ પ્રાપ્ત કર્યું તે પ્રમાણે મને પણ લોકભાવના પ્રાપ્ત હોજો.

દુહો—લોક સ્વરૂપ વિચાર કે, અપના સ્વરૂપ નિહાર;
પરમારથ વ્યવહાર મુનિ, મિથ્યા ભાવ વિદાર. ॥૧॥

ભાવાર્થ—હે આત્મા! લોકનું સ્વરૂપ વિચાર કરી આપણું શુદ્ધ સ્વરૂપ દેખ. આ લોકમાં છ દ્રવ્ય છે તેમાં તું ચૈતન્ય અનંત જ્ઞાનાદિ ગુણયુક્ત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પુદ્ગલો (જડ પદાર્થો) તારાથી જુદા છે—ભિન્ન છે અને તેમનાથી તું ભિન્ન—જુદો છે. નિશ્ચય અને વ્યવહાર ચારિત્ર પાળીને આ આપણું મિથ્યા સ્વરૂપ છોડી દેવું પરમ કલ્યાણકારી છે.

દુહો—ચૌદહ રાજુ ઉત્તંગ નભ, લોક પુરૂષ સંઠાણ;
તામેજીવ અનાદિસે, ભ્રમતહૈ બિન જ્ઞાન. ॥૨॥

૧૧ **બોધ ભાવના**—એવો વિચાર કર કે બોધ એટલે આત્મ સ્વરૂપનું જ્ઞાન કરવું એજ સારભૂત છે. મેં આજ સુધી આત્માનું જ્ઞાન ન કર્યું એજ જન્મ મરણનું કારણ છે, એટલા માટે આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજી મારા નિજ ગુણ અનંત જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય પ્રગટ કરવાં શ્રેયસ્કર છે.

દુહો—બોધિ અપના ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાંહિ;
ભવમેં પ્રાપ્તિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાય ॥૧॥

ભાવાર્થ—બોધિ-રત્નત્રય જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્માનો ગુણ છે તે પ્રાપ્ત કરવા સરળ છે કારણ પોતાની વસ્તુ હોવાથી નિશ્ચયમાં કઠણ નથી. જે એની દુર્લભતા બતાવી છે તે વ્યવહારથી કહી છે. મોક્ષ માર્ગ વિષયની ઇચ્છાવાળાને કઠણ છે અને જેણે વિષયેચ્છા દૂર કરી છે તેને તદ્દન સહેલો છે.

૧૨ **ધર્મ ભાવના**—એવો વિચાર કરે કે આ જીવ અનાદિકાળથી સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર વિના ચતુર્ગતિની અંદર પરિભ્રમણ કરી રહ્યો છે. આત્મા અધર્મથી દુઃખી થાય છે અને ધર્મ ધારણ કરવાથી ચતુર્ગતિનાં સર્વ સંકટોથી છૂટીને મોક્ષની પ્રાપ્તિ કરે છે. હિંસા, વિષય, કષાય, અજ્ઞાન, મિથ્યાત્વ, આ સર્વ અધર્મો છે, દુઃખના કારણભૂત છે, એટલા માટે જે દિવસે હું આનો ત્યાગ કરીશ, અહિંસા ઇંદ્રિયવિજય, અકષાય સંયમ સમકિત ગુણ પ્રગટ કરી

આત્મધર્મ તથા આત્મ સ્વરૂપમાં વિચરીશ અને નિત્ય સત્ય પ્રતિપૂર્ણ અક્ષય અવ્યાબાધ અવિનાશી અવિચળ મોક્ષના સુખ પામીશ તે દિવસ મારે પરમ કલ્યાણકારી થશે.

ધર્મ વસ્તુના સ્વભાવને કહે છે. મેં અનંત જ્ઞાનાદિ ચાર ધર્મને મલીન કરીને તેના બદલામાં અલ્પજ્ઞાન, અલ્પ દર્શન વિષય સુખ બાલ વીર્ય રૂપ અધર્મ ધારણ કર્યો છે, આટલા કારણથી ચતુર્ગતિમાં અનંતકાળથી દુઃખ ભોગવી રહ્યો છું. જ્યારે હું શુદ્ધ ગુણરૂપી ધર્મ પ્રગટાવીશ ત્યારે મને અવ્યાબાધ નિરાકૂળ અતીંદ્રિય અનંત આત્મિક સુખની પ્રાપ્તિ થશે.

દુહો—જાચે સુરતરૂ દેત સુખ, ચિન્તે ચિંતારત્ન;
જિન જાચે બિન ચિંતવે, ધર્મ સકલ સુખ દેત.॥૧॥

(૮) દિનચર્યાની ૨૧ ભાવના.

જે વખતે જે કામ કરતા હોઇએ તે વખતે તેને લગતી ઉત્તમ ભાવના અવશ્ય વિચારવી. શ્રી ભરત ચક્રવર્તી મહારાજે આવી ભાવનાથી જ કર્મના બંધન થોડાં કર્યાં હતાં અને વિશેષ બલવાન ભાવના પ્રગટ થતાં અનંતજ્ઞાન થયું હતું.

(૧) સવારે ઉઠી મળમૂત્રની બાધા દૂર કરતાં શરીર બાધા દૂર કરી સુખ અનુભવું છું તેથી અનંતગણું સુખ રાગ દ્વેષ મોહ રૂપી ભાવ બાધા દૂર કરવાથી થશે તે દૂર

કરીશ ત્યારે ધન્ય થશે. અશુચીમય શરીરનો મોહ નાશ થાઓ, સારી વસ્તુને પણ મળ રૂપ બનાવનાર શરીરનો રાગ નાશ થાઓ, એનાથી સત્કર્મ કરી લેવું એજ સફળતા છે.

(૨) દાતણુ કરતાં—મુખને સ્વચ્છ કરૂં છું તેમ આત્માને સ્વચ્છ કરીશ ત્યારે ધન્ય થશે, મુખ સ્વચ્છ થતાં જે આનંદ થાય છે તેથી અનંત ઘણો આનંદ આત્માને સ્વચ્છ કરવાથી થશે.

(૩) સ્નાન કરતાં—શરીરનો મેલ દૂર કરૂં છું તેમ ક્રોધ, માન, કપટ, લોભ, વિષય, કષાય (ક્રોધાદિ) રૂપી આત્માનો અંતરંગ મેલ દૂર કરીશ ત્યારે ધન્ય થશે.

(૪) લુગડાં પહેરતાં—શરીરની રક્ષા અને શોભા કરૂં છું તેમ આત્માની રક્ષા વ્રત નિયમથી અને શોભા જ્ઞાન ધ્યાનથી કરવી શ્રેયસ્કર છે.

(૫) રસોઈ કરતાં—શરીર પોષણુ માટે ભોજન કરૂં છું તેમ આત્માના પોષણુ માટે જ્ઞાન રૂપી અમૃત ભોજનના સાધનો મેળવવા શ્રેયસ્કર છે.

(૬) રસોઇમાં જેટલો ઉપયોગ જયણા (જીવ રક્ષાનું લક્ષ્ય) અને સ્વહસ્તક કામ તેટલું પાપ ઘટશે માટે શેઠાઇ કરી બીજા પાસે કરાવી પાપ બાંધુ છું તે ધિઃક્કાર છે. નિર્દોષ ગોચરી કરીશ યા જયણાથી બધું કામ પોતાના હાથે કરી પાટ ઘટાડીશ ત્યારે ધન્ય થશે.

(૭) જમતાં—સ્વાદ લઈ ખાઉં છું, અનેક વસ્તુ ખાઉં છું તે માટે ધિક્કાર છે. થોડી વસ્તુમાં સ્વાદ જીતીને જમવું હિતકર છે. ભૂખ વિના જમવું તે વિષ બરાબર અહિત કર્તા છે. બહુ ભૂખ લાગ્યે સાદું, પથ્ય અને જરૂર જેટલું ભોજન કરવું તે આરોગ્યનું મૂળ છે.

અજીર્ણના છ ચિન્હમાંનુ એક પણ જણાતાં ભોજન ત્યાગ કરનાર (ઉપવાસ કરનાર) ને કદી દવા લેવી પડતી નથી (૧) અધો વાયુમાં દુર્ગંધ (૨) મળમાં દુર્ગંધ, (૩) ભાંગી (ઢીલી) દસ્ત (૪) ખરાબ ઓડકાર (૫) ભોજનની અરૂચી (૬) શરીર ભારે અથવા પેટ ભારે થવું.

(૮) વાસણ માંજું છું તેમ આત્માના મેલને તપ સંયમથી શુદ્ધ કરીશ ત્યારે ધન્ય થશે.

(૯) કચરો કઠણ સાવરણીથી કાઢું છું તે ધિઃક્કાર છે. બીજા પાસે કઢાવું છું તે ધિઃક્કાર છે. જયણાથી કોમળ રજોહરણથી કચરો કાઢીશ અને આત્મામાં ભરાયેલા ક્રોધ મોહરૂપી મલીન ભાવ કચરો જ્ઞાન, ધ્યાન, તપ સંયમથી દૂર કરીશ ત્યારે ધન્ય થશે.

(૧૦) એક જીવન માટે કમાઉં છું તેમ પર લોકની ખરચી ધર્મરૂપી ધન ભેળું કરીશ ત્યારે ધન્ય થશે.

(૧૧) તીજોરીનું ધન અહીં રહેશે, સુપાત્રે દાન જ્ઞાન ઉન્નતિ અને અહિંસા સાથે ચાલશે માટે ધન સંગ્રહ કરી ખુશી થવા કરતાં સુપાત્રે ખર્ચી ખુશી થવું શ્રેયસ્કર છે.

(૧૨) ડાબલી સમાન શરીરનીજ ચિંતા કરૂં છું અને રત્ન સમાન ચેતનની રક્ષા ભુલી ગયો છું તે ધિઃક્કાર છે.

(૧૩) ડાબલી સમાન શરીર દુઃખી રોગી થતાં ઉપાય લઉં છું પણ રત્ન સમાન ચેતનનો અજ્ઞાન ક્રોધ લોભ મોહ વિષય રૂપી ચોર નાશ કરે છે છતાં ખુશી થાઉં છું તે માટે ધિક્કાર છે.

(૧૪) પાંચ ઇંદ્રિયરૂપી ચોર ચેતનનું જ્ઞાન ચારિત્ર રૂપી ધન લૂંટી કામ ભોગ રૂપી અગ્નિ સળગાવી આત્મ ધન અને આત્મ સુખનો નાશ કરે છે તેમાં હર્ષથી મદદ કરૂં છું તે માટે અનંતવાર ધિક્કાર છે.

(૧૫) ચેતનને ભૂલી શરીર પરિવાર કીર્તિ અને વૈભવ-માં પોતાપણું માનુ છું તે અજ્ઞાન અને મિથ્યાત્વ નાશ થાઓ અને સત્ય જ્ઞાન તથા સચ્ચારિત્ર પ્રગટ થાઓ.

(૧૬) શરીર સેવામાં સર્વ આયુષ્ય, ધન અને શક્તિનો વ્યય કરૂં છું પણ આત્મહિત કે જે શરીર કરતાં અનંત ગણું જરૂરી છે તે ખાતર પ્રમાદી છું તે માટે ધિઃક્કાર છે.

(૧૭) નીચે લખેલા મુદ્રાલેખો મોટા અક્ષરે લખી ઘરમાં ટાંગી રાખવા અને વારંવાર વાંચવા.

અહિંસા, સત્ય, પ્રમાણીકતા, બ્રહ્મચર્ય, સંતોષ વિષય સંયમ. ક્ષમા, મોન, ધૈર્ય, પુરૂષાર્થ.

નિંદા તજો, ગુણ જુઓ, ભુલ ન છુપાવો, બુરા વિચાર તેજ નરક, શુભ વિચાર તેજ સ્વર્ગ, વિચાર પરમ

જ્ઞાન, સત્સંગ પરમ લાભ, સંતોષ પરમ ધન, સમભાવ પરમ સુખ, ક્રોધ સમાન ઝેર નહિ, ક્ષમા સમાન અમૃત નહિ, ગર્વ સમાન વૈરી નહિ, વિનય સમાન મિત્ર નહિ, કુશીલ સમાન ભય નહિ, શીલ સમાન નિર્ભય નહિ, લોભ સમાન દુઃખ નહિ, સંતોષ સમાન સુખ નહિ.

(૧૮) દિવસના ચાર ભાગ પાડું–

૭ કલાક નિંદ્રા, ૭ કલાક કમાવાની યા ઘરની પ્રવૃત્તિ, ૭ કલાક શરીર રક્ષા ને બીજા કામ, ૭ કલાક આત્મહિતના કામ–સત્સંગ, ધાર્મીક વાંચન, મનન, ધ્યાન મૌન, સમાધિ, વિગેરે.

(૧૯) હંમેશાં જરૂરીઆતો ઘટાડું સંયમ, ત્યાગ અને જ્ઞાન વધારૂં એવી શક્તિ પ્રાપ્ત થાઓ.

(૨૦) દાન, પુણ્ય અને સુકૃતનું કામ, પરોપકાર નથી પણ મારી આત્મા ઉપરજ ઉપકાર છે, બીજાનું ભલું નથી મારી પોતાની આત્માનુંજ ભલું તેથી થશે અને પરલોકમાં તેજ મારી સાથે ચાલશે. આજ સુધી ખોટા મોહ અને અજ્ઞાનને લઈ શરીર, ભોગ, અને પરિવાર માટે બુદ્ધિ, શક્તિ અને ધનનો વ્યય કર્યો છે હવે તેમાં બહુ કરકસર કરી બધી શક્તિ, બુદ્ધિ અને ધન સત્કાર્યમાં વાપરીશ.

(૨૧) રાત્રે સુવા પહેલાં દિવસમાં કરેલ બધા કામ યાદ કરી દોષો માટે અંતઃકરણથી પશ્ચાતાપ કરી તે દૂર થવા સંકલ્પ કરવો અને પવિત્ર કામો વધુ પ્રમાણમાં થાય

તેવી ભાવના કરવી. એક નોંધ પોથી રાખી તેમાં પોતાના ગુણ ને દોષ નોંધવા ને દોષ ઘટાડવા ખાસ ચિંતા રાખવી જેથી જીવનમાં બહુ સુધારો થશે. આ ભાવ પ્રતિક્રમણ (પાપનો ત્યાગ) છે તે કરવાથી આત્મા શુદ્ધ થાય છે.

પશુ પક્ષી કરતાં સારા થવું હોય તો આ જ ફેર છે, તે મુંગા પ્રાણી ઉન્નતિ માર્ગમાં મંદ બુદ્ધિવાળાં છે અને હું મનુષ્ય તીવ્ર બુદ્ધિ ધારી છું તેથી વધારે ખરાબ ને વધારે સારા બન્ને થવાય છે. હું વધારે સારા થવાજ પ્રયત્ન કરીશ.

૯. સાચા વિદ્યાર્થિ બનવાની ચૌદ ભાવના.

[દરેક **વિદ્યાર્થિએ** હંમેશાં સવારે પ્રભુસ્તુતિ કર્યા બાદ અવશ્ય ચિંત્વન કરવાની અને મનુષ્ય માત્ર સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી **વિદ્યાર્થીજ** છે; માટે દરેક મનુષ્યે આ ભાવના ચોક્કસ ચિંત્વન કરવા યોગ્ય છે.]

૧ પૈસા કમાવા તથા કીર્તિ વિગેરે બાહ્ય લાભની ખાતરજ હું ભણતો નથી, પરંતુ શરીર, મન અને આત્માની ઉન્નતિ કરી, સ્વપરનું કલ્યાણ કરવા શક્તિમાન બનવા ભણુંછું.

૨ કોઈ પણ બુરી આદત, દુર્વ્યસન, ચા, કોફી, હોટેલની ચીજો અને બજારની મિઠાઈ તમાકુ, બીડી, મસાલાદાર ખોરાક, નાટક સિનેમા અને નોવેલરૂપી ભયંકર શત્રુઓથી હું હંમેશ બચીશ.

૩ હું વિદ્યાર્થી છું એટલે મ્હારે ભણવાનું. ભણવું એટલે ભણીને કેળવણી લેવી. હવે કેળવણી એટલે શું? જે બુદ્ધિનો વિકાસ કરે, ગમે તેવા સંજોગોમાં પણ સદ્‌બુદ્ધિ ઉત્પન્ન કરી સાચો રસ્તો સૂઝાડે, હિત અને અહિત બન્ને ઓળખતાં શિખવે, અને તેમાંથી અહિત તજી હિતજ ગ્રહણ કરવાની મતિ પેદા કરે, અને વળી જે નિર્દોષ આનન્દ અને સાચું સુખ આપે-તેનું નામજ **કેળવણી.** કેળવણી ત્રણ પ્રકારની છે, તેમાં:—

(૧) **હું શારીરિક કેળવણી લઇશ**—એટલે શરીરને યોગ્ય કસરત વિગેરેથી નિયમિત રીતે કસીશ, અને મ્હારૂં પોતાનું દરેક કામ મ્હારી જાતેજ મન દઇને કરતાં શીખીશ. શરીરનો વિકાસ કરી સદુપયોગ કરીશ.

(૨) **માનસિક કેળવણી લઇશ**—એટલે દરેક બાબતમાં મ્હને હિતકારક શું છે, અને અહિત શું છે તે જાણતાં શીખીશ, અને જે હિત છે તેમાં મનને દૃઢ રાખતાં શિખીશ. માનસિક કેળવણી મેળવવા માટે હું સારૂં વાંચન કરીશ, તેનું મનન કરીશ, અને સત્સંગ કરીશ.

સ્કૂલ અને કોલેજનું શિક્ષણ માનસિક કેળવણી મેળવવાનું સાધન છે. ડિગ્રીઓ મેળવી પોતાનું, જાતિ-બંધુઓનું, સર્વ સમાજનું અને દેશનું હિત ન વિચારવું તે તો માત્ર અક્ષર પંડિતાઇજ છે તે કેળવણી નથી. આ વાત હું **ખાસ** ધ્યાનમાં રાખીશ.

(૩) **આત્મિક કેળવણી લઈશ**—એટલે આત્માને અજર, અમર, અને જ્ઞાન વિગેરે અનંત ગુણોના ભંડારરૂપ માનું છું, અને અહીંસા, સત્ય, પ્રમાણિકતા, બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા, દયા, વિનય, સેવાભાવ, અને સયમ વિગેરે ગુણો મેળવવા હંમેશાં પ્રયત્ન કરીશ.

આવી કેળવણી લઉં તોજ હું ભણ્યો કહેવાઉં, અને આજ કેળવણી મને સાચું સુખ આપશે.

૪ આવી કેળવણી લઈને બાળવયથીજ નિર્ભય, સાદો, પુરૂષાર્થી, ધર્મશ્રદ્ધાવંત, દયાળુ, સેવાભાવી, સત્યવાદી, બ્રહ્મચારી, સંતોષી, ઉદાર, અને વિષય સંયમી થાઉં એવી મ્હારી પ્રાર્થના છે.

૫ માતા, પિતા, ગુરૂ, અન્ય વડીલો, અને દરેક ગુણી પુરૂષો તરફ હંમેશાં માનની દૃષ્ટિથી જોઈશ, અને તેમની સુશિક્ષાઓ પ્રમાણે સદા વર્તીશ.

૬ આવી રીતે શરીર, બુદ્ધિ, અને આત્માનો વિકાસ કરી; મનુષ્ય જન્મને દેવોથી પણ પૂજનીય બનાવવા હું હમેશ પ્રયત્ન કરીશ—અને તેવી સુશિક્ષા મને ખાસ પ્રાપ્ત થાઓ.

૭ આ સર્વનો પાયો શુદ્ધ બ્રહ્મચર્ય છે. માટે તે પાળવા હું સ્વાદ ઉપર સંયમ રાખીશ, મ્હારી નજર શુદ્ધ અને નીચી રાખીશ, આંખોને કાબુમાં રાખીશ અને વિકાર થાય તેવા બધા સંયોગોથી દૂર રહીશ.

૮ હસ્ત કર્મ, સૃષ્ટિ વિરૂદ્ધ કર્મ, અને બાળ લગ્ન એ ત્રણે શરીર, બુદ્ધિ બલ, આયુષ્ય, પુણ્ય, સુખ, અને ધર્મનો નાશ કરી, રોગ, શોક, અને જીવતાં નરક ઉત્પન્ન કરે છે. માટે એથી સદા હું બચીશ, તેવો દૃઢ નિશ્ચય કરૂં છું.

૯ બ્રહ્મચારી વિદ્યાર્થી જીવન એજ જીવનનો સુખમય કાળ છે. આ જીવન જેટલું પવિત્ર અને લાંબુ રહેશે તેટલું સુખ અને દીર્ઘાયુ પ્રાપ્ત થશે અને મોક્ષ નજીક થશે. માટે એ જીવન હું વધારે લંબાવીશ.

૧૦ પુરૂષને ૨૫ વર્ષ, અને સ્ત્રીને ૧૬ વર્ષ પહેલાં મુખ્ય ધાતુઓ કાચી હોય છે, તેથી તે ઉંમર પહેલાંનું લગ્ન બહુજ નુકસાનકારક છે. એ પહેલાં લગ્ન થાય તો અનેક રોગ અને મંદબુદ્ધિ પેદા થાય છે, અને વૃદ્ધાવસ્થા જલ્દી આવી, આયુષ્ય પણ ટુંકું થાય છે. તેને પરિણામે સંતાન પણ તેવાંજ થાય છે; જેથી બેવડું દુઃખ ભોગવવું પડે છે. એક પોતાનું અને બીજું સંતાનનું. અને વળી વંશપરંપરા દેશ, જાતિ, તથા સમાજને દુખી કરવાનું ઘોર પાપ લાગે છે. માટે આ બધા દોષોથી બચવા સતત પ્રયાસ કરીશ.

૧૧ પુરૂષની ધાતુ ૨૫ વર્ષે પાકી થાય છે, અને સ્ત્રીની ૧૬ વર્ષે. હવે આ ધાતુઓ શરીરમાં પૂર્ણ થવાનો સમય પુરૂષ માટે ૪૦ વર્ષ અને સ્ત્રી માટે ૨૫ વર્ષનો છે. જે વ્યક્તિ ત્યાં સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તે મનુષ્ય દેવ

સ્વરૂપ બને છે–અને વળી તેમનાં સંતાન મહાન્ વીર રત્ન થાય છે. માટે આ કાળ સુધી હું બ્રહ્મચારી રહું તેવી બુદ્ધિ પ્રકટ થાઓ.

૧૨ અખંડ બ્રહ્મચર્ય એટલે જીવનપર્યંત બ્રહ્મચર્યનું પાલન તે શરીરધારી આત્માને પણ પરમાત્મ સ્વરૂપ બનાવી શકે છે. બધી ઇંદ્રિયોની પ્રેચ્છાઓ રોકી, આત્મધ્યાનમાં સ્થિર થાઉં, તેવું પ્રતિપૂર્ણ બ્રહ્મચર્ય પ્રગટ કરી, પરમાત્મ પદ પ્રાપ્ત કરીશ ત્યારે ધન્ય થઇશ.

૧૩ વિનયથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે અને વિદ્યાની સફળતા સચ્ચારિત્રથી થાય છે. વિનયના ત્રણ પ્રકાર છે.

(૧) મનથી–વિદ્યા, વિદ્યાગુરૂ–અને વિદ્વાનો પ્રતિ પૂજ્યભાવ અને બહુ માન રાખીશ.

(૨) વચનથી–વિદ્યા, વિદ્યાગુરૂ અને વિદ્વાનોના ગુણ ગાઇશ સ્તુતિ કરીશ.

(૩) કાયાથી વિદ્યા ગુરૂ અને વિદ્વાનોને નમસ્કાર કરીશ અને હંમેશાં તેઓની સેવા ભક્તિ કરીશ.

ઝેર છે તેવું જાણવા છતાં જે ઝેર પીએ છે તે મરણ પામે છે તેવી રીતે વિદ્યા શીખી દોષો છોડી સદાચારી નથી બનતા તે દુઃખી થાય છે માટે વિદ્યા શીખી સચ્ચારિત્રવાન બનીશ.

૧૪ વિકાર દુર કરવાનું જ્ઞાન તે વિદ્યા.

શરીરના, મનના અને આત્માના મળને, દોષોને, વિકારને શોધી નિર્દોષ નિરોગી બનાવે તે વિદ્વાન.

પુરી ભૂખ લાગે ત્યારે સાદો આહાર અને બ્રહ્મચર્ય શરીરના વિકાર (રોગો) દૂર કરે છે.

સારી ભાવના, સારૂં વાંચન, મનન અને સત્સંગ તથા વિષયવાસના ઉપર સંયમ મનના દોષો દુર કરે છે અને તત્વજ્ઞાન–આત્મસ્વરૂપનું જ્ઞાન–આત્માના દોષોથી બચવા માર્ગ દેખાડે છે અને સચ્ચારિત્ર આત્માને શુધ્ધ કરે છે. આવી સદ્‌વિદ્યા હું પ્રાપ્ત કરીશ.

(૧૦) પરણેલ પુરૂષ તથા સ્ત્રી માટે ભાવના.

(૧) યુવાની તોફાની સમુદ્ર જેવી છે તેમાં પૂર્ણ સંયમ રાખી જીવન જહાજ પવિત્રપણે પાર પહોંચે તેવો સંયમ પ્રાપ્ત થાઓ.

(૨) પતિ પત્નિનો સંબંધ ભોગ માટે નહિં પણ નીતિ અને ધર્મના પ્રત્યેક કામમાં સહાયકમિત્ર તરિકે સમજીશ.

(૩) એક મણ અનાજ ખવાય તેનું એક શેર લોહી થાય છે. અને એક શેર લોહીનું સવા તોલો વીર્ય થાય છે. આ વીર્ય શરીરનું ચૈતન્ય છે, બલ છે, અને સુખ, દીર્ઘાયુ, બુદ્ધિ અને ધર્મ માટે અમૃત સમાન છે, તેની સદા રક્ષા કરૂં તેવી સદ્‌બુદ્ધિ રહો.

(૪) જે તત્ત્વ (વીર્ય) મગજ આંખ કાન વિગેરે ઇંદ્રિયો અને શરીરના અંગોપાંગને પોષણ કરવા માટે બહુ જરૂરી છે તે વિષય સેવન કરી નાશ કરવાની આત્મઘાતક પ્રવૃત્તિ ઉપર સંયમ રહો.

(૫) સંતાન ઉત્પતિના કાળ સિવાયનું મૈથુન, જીવન અને સુખનો નાશ કરનાર છે, તેને, નીતિશાસ્ત્રવાળા વ્યભિચાર કહે છે, એથી સદા બચું એવો સંયમ પ્રગટ થાઓ.

(૬) ગર્ભકાળ અને બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી અખંડ બ્રહ્મચર્ય પાળી પોતાની અને સંતાનની જીંદગીની અને ચારિત્રની રક્ષા કરૂં તેવી બુદ્ધિ રહો (આ પ્રમાણે ન વર્તવાથી સંતાન વિષયી અને રોગી તથા અલ્પ આયુવાળાં થાય છે.)

(૭) એકવાર વિષય સેવનથી દશ દિવસનું આયુષ્ય ઘટે છે, એક વર્ષના વિષયથી દશ વર્ષનું આયુષ્ય ઘટે છે, ને જો કદાચ વધારે જીવે તો દુઃખમય જીવન ગાળવું પડે છે માટે અખંડ બ્રહ્મચર્ય પાળવા શક્તિ મળો.

(૮) નોવેલ ડીટેક્ટીવના પુસ્તકો, નાટક, સિનેમા, વેશ્યા-નૃત્ય, મસાલાદાર ખોરાક, ફેશન, ચાય અને વિલાસી જીવનથી બચવું તે વીર્ય રાજાની રક્ષા છે. સદા "વીર્ય" ની રક્ષા રહો.

(૯) જેટલો જુવાનીમાં સંયમ તેટલું દીર્ઘાયુ સુખ અને વૃદ્ધાવસ્થામાં અલ્પ દુઃખો થશે.

(૧૦) દંપતિમાં જુદી પથારી, વિષયી ચેષ્ટા નહિં અને નૈતિક ધાર્મીક વાર્તાલાપ પ્રાપ્ત થાઓ.

(૧૧) પરસ્ત્રી (પરપુરૂષ) ની ઇચ્છા નરકદ્વાર છે. શરીર, ધન, બુદ્ધિ, યશ, ધર્મ અને સુગતિનો નાશ કરનાર છે એથી સદા બચીશ એવી દ્રઢ પ્રતીજ્ઞા કરૂં છું.

(૧૨) રાવણુ રાજા જેવા ત્રણુ ખંડના સ્વામી પણુ પરસ્ત્રીની ઇચ્છા માત્રથી રાજ્યનો નાશ, વૈભવનો નાશ, કુળનો નાશ, પોતાના શરીરનો નાશ અને નરક ગતિ પામેલ છે તથા આજ સુધી તે પાપ માટે અપયશ બોલાય છે તો બીજા સાધારણુ મનુષ્યની કેવી બુરી દશા થાય એવું જાણી હું સદા માટે પાપબુદ્ધિ છોડું છું અને પવિત્ર રહેવા પ્રતિજ્ઞા લઉં છું તે શરીર ત્યાગે પણુ પાળીશ.

(૧૩) જેવી રીતે અગ્નિ ઘી, તેલ, અને લાકડાંથી બુઝાતી નથી પણુ જોસથી વધે છે; તેમ વિષયેચ્છા–ભોગોથી શાંત ન થતાં બહુ વધે છે માટે ભોગ ઉપર પૂર્ણ કાબૂ રાખવા દ્રઢ સંકલ્પ કરૂં છું.

(૧૪) સળગે તેવા પદાર્થો દૂર કરી બહુ પ્રમાણુમાં પાણી નાખતાં અગ્નિ ઠરી જાય છે તેવી રીતે વિષયના સાધનો દૂર કરી વૈરાગ્યપૂર્ણ વિષયનું વાંચન, શ્રવણુ, અને મનન કરવાથી કામાગ્નિ ઠરી જઇ પરમ શાંતિ, સાચું સુખ અનુભવાય છે તે પ્રગટ થાઓ.

(૧૫) પુરૂષને પચીશ વર્ષ અને સ્ત્રી જાતિને સોળ વર્ષની વય પહેલાં મુખ્ય ધાતુઓ કાચી હોય છે એથી કરી તેની પહેલાંનો સંયોગ બહુ નુકશાન કરે છે અને તેના કુળમાં અનેક રોગ, શિઘ્ર વૃદ્ધાવસ્થા, મંદ બુદ્ધિ, અને અલ્પાયુ પેદા થાય છે અને સંતાન પણ તેવાંજ થાય છે જેથી બેવડું દુઃખ ભોગવવું પડે છે. એક પોતાનું અને બીજું સંતાનનું અને વંશપરંપરા દેશ, જાતિ, તથા સમાજને દુઃખી કરવાનું ઘોર પાપ લાગે છે માટે આ બધા દોષોથી બચવા સતત પ્રયાસ કરીશ.

(૧૬) પુરૂષને પચીશ વર્ષે અને સ્ત્રીને સોળ વર્ષે મુખ્ય ધાતુઓ પાકી થાય છે તેને શરીરમાં પૂર્ણ થવાનો સમય પુરૂષ માટે ૪૦ વર્ષ અને સ્ત્રી માટે ૨૫ વર્ષનો છે જે ત્યાં સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તે મનુષ્ય દેવસ્વરૂપ બને છે અને તેમની સંતાન મહાન વીરરત્ન થાય છે આ કાળ સુધી હું બ્રહ્મચારી રહું તેવી બુદ્ધિ પ્રગટ થાઓ.

(૧૬) જેમ ઇંડાને હલાવવાથી તેમાં રહેલ જીવ મરણ પામે છે તેવી રીતે કાચી ઉમરમાં વિષય સેવનથી શરીર અને સુખનો નાશ થાય છે માટે મારા પોતાના હિત ખાતર હું બ્રહ્મચર્ય પાળવા દ્રઢ સંકલ્પ કરૂં છું.

(૧૮) જુવાનીમાં બચાવેલ પૈસો અને વીર્ય વૃદ્ધાવસ્થામાં પરમ સુખનું કારણ થશે માટે બન્નેના રક્ષણમાં સાવધાની રહો.

(૧૯) બ્રહ્મચર્યથી શરીર, બુદ્ધિ, અને આત્માની ઉન્નતિ થશે માટે શુદ્ધ બ્રહ્મચર્ય પાલન થાઓ.

(૨૦) વિષય સેવનથી શરીર, બુદ્ધિ અને આત્માનો નાશ થશે માટે વિષયવાસના નાશ થાઓ.

(૨૧) દુઃખનું મૂળ ભોગેચ્છા શાંન્ત થાઓ.

(૨૨) સુખનું મૂળ વિષય સંયમ સદા રહો.

(૧૧) પરણવા ઇચ્છનાર અને પરણેલને સુશિક્ષા.

પરણવું એટલે સર્જનહાર થવાનું જોખમી કામ માથે લેવાનું છે. ઘડો બનાવવામાં સારી માટી અને આવડત જોઇએ તો મનુષ્ય બનાવવામાં કેટલી સુયોગ્યતા જોઇએ ? જે વિષય ભોગ ખાતર સંયોગ કરી પ્રજા પેદા કરે છે તેની પ્રજા વિષયી ને નમાલો થાય છે. આજે મહા વીરો અને નરરત્નો થોડા થવાનું આજ કારણ છે. જે સ્ત્રી પુરૂષે પૂર્ણ ઉમર સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું છે અને પછી પણ સંતાન રક્ષાની ફરજો સમજતા હોય તેની સંતાન સારી થાય છે.

ચીકણાસ વિનાની માટી કે રેતીનો ઘડો તુરત ફૂટી જાય છે તેમ કાચા વીર્ય અથવા નબળા વીર્ય—રજની પ્રજા તરત મરી જાય છે. આજે આવું ઘણે અંશે બને છે અને એથીજ બાળ મરણ બહુ થાય છે, અથવા કેટલેક સ્થળે કસુવાવડ પણ થાય છે.

વૈદ્યો અને ડોકટરો કહે છે કે—આજની હિંદની પ્રજામાં સેંકડે નેવું ટકા પુરૂષને ધાતુ ક્ષય (પેશાબ વિગેરેમાં ધોળો પદાર્થ જવો) અને સ્રીને પ્રદરનો (સફેદ પાણી જવાનો) રોગ છે તેનું કારણ વિષયી મા બાપ, તેઓનું ક્ષીણ વીર્ય, તેવો વિકારી ખોરાક અથવા ગુપ્ત કુટેવો છે. આ બધા દોષથી રક્ષણ કરવું તે મા બાપની ફરજ છે. આ ફરજ ન બજાવે તે જન્મદાતા માતા પિતા નથી પણ પોતાના અજ્ઞાન અને વિષય લોલુપતાથી પ્રજાનો સંહાર કરનાર બને છે. જે કામમાં જેટલું માને છે તેમાં ભુલ કરનાર તેટલોજ વધારે અપરાધી બને છે.

ક્ષીણ વીર્ય, દુર્બળ રોગી, અલ્પ આયુષી બીકણ કાયર, પુરૂષાર્થહીન, વિષયી અને ઘણે સ્થળે ગુપ્ત કુટેવવાળી પ્રજા થવાનું કારણ—

(૧) પિતાનું વીર્ય અને માતાનું રજ શુદ્ધ અને પુષ્ટ નથી હોતું કારણ પિતા પચ્ચીશ વર્ષ અને માતા સોળ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળતા નથી.

(૨) ગર્ભ રહેવાના સમયે દંપતીની ભાવના—વિદ્વાન સદાચારી મહાવીર, સંતાન થવાની નથી હોતી પણ કેવળ વિષયવાસના હોય છે, તેથી પ્રજા વિષયી બને છે.

(૩) ગર્ભકાળમાં અખંડ બ્રહ્મચર્ય ન રાખવાથી સંતાન વિષયી થાય છે કારણ માતાની ને ગર્ભની નાડી એક હોઇ ગર્ભ પણ અપ્રગટ વિષય સેવે છે. માતા હસે તો ગર્ભ

હસે, માતા રૂએ તો ગર્ભ રૂએ, માતા દુ:ખી તો ગર્ભ દુ:ખી, માતા સુખી તો ગર્ભ સુખી, આ ધર્મ શાસ્ત્રોમાં લખ્યું છે જે અપ્રગટ (ગુપ્ત) અવશ્ય થાય છે.

(૪) બાળક ત્રણ વર્ષનું થવા પહેલાં વિષય સેવનથી દુધમાં વિષયી તત્ત્વો મળવાથી અને બીજું સંતાન તરત થવાથી હાનિ થાય છે.

(૫) બાળક સુવે ત્યાં વિષય સેવનથી તેઓ કુટેવ શીખે છે.

(૬) ખરાબ સોબત, ભેગા સુવું, તથા એકાંત રમતથી પણ કુટેવ કોઈને પડે છે જેમ ઈંડાને હલાવવાથી તેમાંનો જીવ નીકળ્યા વિનાજ મરી જાય છે તેમ બાળકોને કુટેવ વખતે વીર્ય નીકળતું નથી પણ પેશાબ દ્વારા જવું શરૂ થાય છે ને તેજ ધાતુ ક્ષયનો રોગ છે (છોકરા અને કન્યાઓએ આ કુટેવ તેમની બુદ્ધિ, બળ, સુખ, આયુષ્ય, પુણ્ય અને ધર્મ નાશ કરે છે એમ જાણી તેવી કુટેવના જીવન પર્યંત ત્યાગ કરવા ખાસ ભલામણ છે)

(૭) ખરાબ વિષયી નોવેલોનું વાંચન, મસાલા ને ખટાઇનો ખોરાક, લગ્ન ને ભોગી જોડાં જોવા તથા તેવુંજ વાતાવરણ ગંદી હવામાં રહેવું પ્રજાને વિષયી અને રોગી બનાવે છે.

(૮) આ બધા દોષો છોડી જે વર્તે છે અને પોતાના બાળકોને અનેક કષ્ટો સહન કરીને પણ લક્ષ્મીનો વારસો

આપવાની જીજ્ઞાસા રાખે છે તેમ આરોગ્ય અને સદાચારનો સાચો વારસો જે આપે છે તેજ માબાપ ખરા તીર્થ સ્વરૂપ છે.

(૯) ઉપરના બધા નિયમો પાળી બાળકને રમકડાં ને રમત પણ નૈતિક અને ધાર્મીક સંસ્કાર પડે તેવાં આપે અને સાદાં કપડાં, સાદો સાત્વીક ખોરાક ને સારી સોબતમાં રાખી સાત વર્ષની ઉમરે ગુરૂકૂળોમાં જંગલમાં પચ્ચીશ વર્ષ સુધી સુશિક્ષા આપે તેની સંતાન મહા વીર, ધીર અને મનુષ્ય રત્ન થાય છે.

(૧૦) પશુ પક્ષી સંતાનકાળ સિવાય પ્રાય: મૈથુન કરતા નથી જેથી નિરોગી અને પુષ્ટ છે. મનુષ્ય જો પશુ પક્ષીના જેટલી નીતિ પણ ન પાળે તો તેનાથી પણ હલકો કહેવાય છે, એટલે સંતાન કાળ શિવાય દંપતિએ બ્રહ્મચર્ય પાળવું

(૧૧) દરેક સદ્ગુણ સુખ આપે છે પણ પહેલાં જુની ટેવ છોડતાં કષ્ટ દેખાય છે પણ અંતે પરમ સુખ થાય છે માટે ઉપરના બધા સદ્ગુણો પ્રાપ્ત કરવા પરમ હિતકારી અને સરળ છે એવું જાણી અંગીકાર કરવા જોઇએ.

---

૧૨. ગૃહસ્થાશ્રમમાં રહેલની ભાવના.

૧ શુદ્ધ બ્રહ્મચર્યવ્રત ધારણ કરવા અશક્ત આત્માઓને પરસ્પર ધર્મ, નીતિ અને વ્યવહારમાં મદદ આપનાર જાથુ મિત્રની જરૂર રહે છે, અને તે મિત્ર પતિને પત્નિ છે અને પત્નિને પતિ છે એટલે આ સબંધ કેવળ ભોગને

માટે નથી પરંતુ ભોગ ઉપર સંયમ રાખવા માટે વૈભવમાં સારી શિખામણ આપી સારે માર્ગે દોરવા માટે અને વિપત્તિમાં ધૈર્ય આપી આત્મભોગે પણ પરસ્પર સેવા કરવા માટે થાય છે. આ ખાસ ધ્યાનમાં રાખી હું પવિત્ર ગૃહસ્થાશ્રમી થઈશ.

૨ સંતાનને નાનપણથીજ નિર્ભય, સત્યવાદી અને ક્ષમાશીલ બનાવીશ.

(૧) હાઉ આવ્યું, બાવા લઇ જશે વિગેરે શબ્દો બોલવાથી બાળક બીકણુ થાય છે.

(૨) કંઈ લાગે કે સામું મારતા (હત કરો) શીખવવાથી બાળક મારતાં શીખે છે.

(૩) માથા ઉપર મારતાં મગજશક્તિ ઘટે છે અને તમાચો વાગવાથી "**એડીશન**" જેવા જીંદગીભર બહેરા બન્યા છે. બાળકને કદી પણ મારવું નહિં.

(૪) મારા રોયા, મારા પીટ્યા વિગેરે શબ્દો બોલવાથી બાળક ગાળો આપતાં શીખે છે.

(૫) બાળકને વધારે પડતી ધાકમાં રાખવાથી તેની દરેક શક્તિઓ ખીલતી અટકે છે અને તે બચવા માટે જુઠું અને કપટ (ઉઠાં ભણાવતાં) શીખે છે.

(૬) સચ્ચારિત્ર વિનાના નોકરો પાસે બાળક ઉછેરવાથી તેઓ બચ્ચાંને છાનું રાખવા ગુપ્ત ભાગ પંપાળી બાળ-

કને ભયંકર હાનિ કરે છે અથવા બીજી કુટેવો પાડેછે, માટે હંમેશાં સારી સોબતમાં રાખવાં.

(૭) બાળાગોળી, બાલામૃત અને એવી કોઇપણ બાળ ઔષધોની ટેવ ન પાડવી કારણ શરીરની પ્રકૃતિ દવાને વશ થાય છે, આછું અને સારૂં સારૂં ખવરાવવું તે રોગ ખવરાવવા બરાબર છે. ખોટાં લાડ કરવાં તે તના શત્રુ બનવા બરાબર છે; વિગેરે સંતાન ઉછેરવાનાં અને સુધારવાનાં પુસ્તકો વાંચી જ્ઞાન તથા અનુભવ મેળવી ગૃહસ્થધર્મ પ્રમાણિકપણે બજાવીશ. (પૂર્ણ જ્ઞાન કરનારજ પ્રમાણિક બની શકે છે.)

૩ પરિવાર અને સંતાનની સેવા કરી તેમને ધર્મમાં જોડવાનું મારૂં કર્તવ્ય યાદ રહો.

૪ ક્ષમાથીજ બધાં કામો સિદ્ધ થાય છે. ક્રોધથી સુધરેલ કામ બગડી જાય છે, જ્ઞાન તથા બુદ્ધિ નાશ થાય છે અને સુખના સંયોગ પણ દુઃખ રૂપ બને છે માટે સદા ક્રોધને છોડીશ.

૫ હું હંમેશાં કુટુંબકલેશ, સહનશીલતાથી દૂર કરી સંપ અને સુલેહ વર્તાવીશ.

૬ પતિને ભોગનો આનંદ આપવાનું કર્તવ્ય સમજનારી સ્ત્રી રાક્ષસીસમાન છે, અને પતિ અને પોતાના સૌભાગ્ય તથા સુખનો નાશ કરનાર છે તેવીજ રીતે જે પુરૂષ પોતાની સ્ત્રીને વિષયનું સાધન માને જ તે રાક્ષસ સમાન છે. તે પોતાનો, પત્નિનો અને સંતાનનો સંહાર કરે છે. આ પાપથી હું બચીશ.

૭ શરીરની શોભા બીજાને બતાવવી તે પાપ છે.

૮ જીવનપર્યંત સદાચારી રહીશ અને હંમેશાં નીચી દૃષ્ટિએ વિકાર રહિત ચાલીશ.

૯ ઘરના દરેક માણસને સારૂં શિક્ષણુ આપી નીતિવાન અને ધર્મશીલ બનાવવા એ મારી મોટામાં મોટી ફરજ હંમેશાં બજાવું તેવી સદ્‌બુદ્ધિ રહો.

૧૦ પરિવાર, સંતાન અને સેવકને સુશિક્ષા તથા સદાચારનો વારસો અને બક્ષીસ આપીશ, અને એજ તેઓને સુખી કરશે.

૧૧ ધર્મ માટે અમુક વખત અને ધન હંમેશાં આપીશ તેજ મારૂં છે બાકીનું બીજાનું છે.

૧૨ ગૃહસ્થાશ્રમનો મુખ્ય ધર્મ, અતિથી, સત્કાર અને અન્નદાન, ઔાષધ દાન, વસ્ત્ર દાન, અને વિદ્યા દાન છે. હું ચારે પ્રકારના દાન ઉચિતપણે કરીશ અને વિદ્યાદાન સર્વોત્તમ ગણી તેમાં વધારે ધ્યાન આપીશ.

૧૩ જેમ કમળ કાદવમાં રહેવા છતાં પોતે કાદવથી જુદું રહે છે વળી કાદવમાંથી સુગંધી તત્ત્વો ખેંચી પોતે સુગંધી બને છે તેમ હું સંસારમાં રહેવા છતાં હિંસા અસત્ય, વિષય, ક્રોધ મોહથી બચીશ અને દાન ધર્માદિ સારા તત્ત્વોનો લાભ લઇશ.

૧૪ જીંદગીના ચાર ભાગ કરી એક ભાગ વિદ્યા શીખવા બ્રહ્મચર્યાશ્રમમાં, એક ભાગ ગૃહસ્થાશ્રમમાં, એક

ભાગ બ્રહ્મચર્ય સહિત ત્યાગીના ગુણોનો અભ્યાસ કરવામાં અથવા સાધુ જીવનમાં અભ્યાસ અને અનુભવ જ્ઞાન મેળવવામાં અને એક ભાગ બધી પ્રવૃત્તિ છોડી ઉત્કૃષ્ટ આત્મધ્યાનમાં વીચરવાનું કર્તવ્ય સદા યાદ રાખીશ.

(૧૩) વિધવા અને વિધુર માટે ભાવના.

(૧) હું સુખી છું. પતિ, પત્નિનો સંયોગ આજ ભોગમય છે તેથી બચવું તે ધર્મ છે.

(૨) પરમાત્મા બનવાના મુખ્ય ગુણ બ્રહ્મચર્યને હું પામેલ છું એ ત્રણેલોકના સુખથી વધારે છે જેથી કરી આ જીવનને દુઃખમય નહિ માનતા સુખમય માનું છું.

(૩) એકાંતમાં સ્ત્રી પુરૂષનો સમાગમ પૌષ્ટિક અથવા મસાલાવાળો ખોરાક, શરીર શણગાર, વિલાસી પ્રસંગો, નાટક, તથા સિનેમા જોવાં, નોવેલોનું વાંચન અને વિષય વધે તેવા બધા પ્રસંગો હું હંમેશાં છોડીશ.

(૪) ધાર્મીક વૈરાગ્યપૂર્ણ પુસ્તકોનું વાંચન, સેવા ભાવ, સત્સંગ, ત્યાગ અને સંયમ એજ મોક્ષના કારણોનું મને સદા અવલંબન રહો.

(૫) ચિંતા, શોક, ભય, વિષયેચ્છા, સદા માટે નાશ પામો.

(૬) ધૈર્ય, સત્ય, બ્રહ્મચર્યયુક્ત સાદું, અને સંયમી જીવન સદા રાખીશ.

(૭) મનુષ્ય જન્મ ધર્મથીજ સફળ થાય છે. અને તે ધર્મ પાલન કરવા મને સર્વથી ઉત્તમ સંયોગો મળ્યા છે; જેથી હું આ અવસર સફળ કરૂં.

(૧૪) વેપારીની ભાવના.

(૧) દ્રવ્ય ધન કમાવા દુકાન ખોલું છું તેમ ધર્મ ધન કમાવા ધર્મની દુકાન ખોલીશ ત્યારે ધન્ય થશે.

(૨) દ્રવ્ય માલ ખરીદું છુ, વેચું છું તેમ ભાવ માલ જ્ઞાન, દર્શન, ચારિત્ર લઈશ ને આપીશ ત્યારે ધન્ય થશે.

૩ વ્યાપારમાં સત્ય, નિષ્કપટતા, પ્રમાણિકતા, પુરૂષાર્થ તથા ધર્મરક્ષા રહો અને ધર્મ વ્યાપાર કરવા જેટલું બળ પ્રગટ થાઓ.

૪ નામું માંડતાં સંસારનું ખાતું મેળવું છું તેમ પુણ્ય પાપનો હિસાબ રોજ તપાસી પાપ છોડીશ ત્યારે ધન્ય થશે

૫ દ્રવ્ય માલની દલાલી કરૂં છું તેમ ધર્મની દલાલી કરીશ ત્યારે ધન્ય થશે. દલાલીમાં સદા સત્યનું પાલન થાઓ.

(૧૫) બ્રહ્મચર્ય પ્રાપ્તિ અને રક્ષાની ભાવના.

ત્યાગી અને ભોગી દરેકે અવશ્ય ચિંત્વન કરવી જોઇએ.

(૧) સુખનું મૂળ શુદ્ધ બ્રહ્મચર્ય પાલન થાઓ.

(૨) દુઃખનું મૂળ વિષયેચ્છા તે નષ્ટ થાઓ.

(૩) ક્ષણ માત્રના મિથ્યા સુખ અને ઘણા કાળના ઘોર દુઃખ આપનાર વિષય પ્રસંગનો ત્યાગ થાઓ.

(૪) અનંત અક્ષય સત્ય સુખ આપનાર શુદ્ધ બ્રહ્મચર્ય પાલન થાય તેવા પ્રસંગ પ્રાપ્ત થાઓ.

(૫) ચારિત્ર ગુણનો વિકાર વિષયેચ્છા ક્ષય થાઓ.

(૬) ચારિત્ર ગુણનો અવિકાર શુદ્ધ બ્રહ્મચર્ય પ્રગટ થાઓ. વિકારી સુખ ક્ષય થઇ અવિકારી સુખ પ્રગટ થાઓ.

(૭) મોક્ષ માર્ગમાં વિઘ્નકર્તા ભોગેચ્છા નાશ થાઓ.

(૮) મોક્ષની શીઘ્ર પ્રાપ્તિ કરાવનાર શુદ્ધ બ્રહ્મચર્ય પાલન થાઓ. સકળ દુઃખનો નાશ બ્રહ્મચર્યથીજ થશે.

(૯) સર્વ અનર્થની ખાંણ ભોગેચ્છાનો નાશ થાઓ. સર્વ સિદ્ધિનું કારણ અખંડ બ્રહ્મચર્ય પ્રાપ્ત થાઓ.

(૧૦) નવવાડ સહિત વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન થાઓ.

(૧૧) સકળ રોગોનું મૂળ કારણ, આયુષ્યનો શિઘ્ર અંત કરનાર અને રોગી ભારભૂત કુસંતાનને ઉત્પન્ન કરનાર વિષયાનંદ ક્ષય થાઓ.

(૧૨) હાડ–માંસ, લોહી, મળ, મુત્ર, કફ, કીડાથી ભરપુર અશુચીમય દુર્ગંધપૂર્ણ શરીરનો મોહ અને વિષય-વાસના નાશ થાઓ, અને સદા વિષય સંયમ રહો.

(૧૩) જ્યાં મોહ ત્યાં જન્મ એ ન્યાયે શરીરમાં કીડા રૂપે જન્મ થવાનું કારણ ભોગવાંછા નાશ થાઓ. અને પરમ સુખનું કારણ બ્રહ્મચર્ય પાલન થાઓ. વિષયની ઈચ્છા માત્રથી દુર્ગતિ મળે છે તો વિષયનું સેવન કેટલું દુઃખ આપશે એવું જાણી સદા વિષયનો ત્યાગ કરીશ.

(૧૪) એક વારના ભોગમાં અસંખ્ય કીડા, અસંખ્ય પંચેંદ્રિય અસંજ્ઞી (સંમુર્છિમ) મનુષ્ય અને અનેક સંજ્ઞી મનુષ્યની હિંસા જાણી પોતાને અનંત જન્મ–મરણનું કારણ ભોગ ક્ષય થાઓ અને અભોગી બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થાઓ. બીજાની રક્ષા તે નિશ્ચયમાં પોતાનીજ રક્ષા છે.

(૧૫) આત્માને છોડી પર વસ્તુમાં રાચવા રૂપ વ્યભીચાર ક્ષય થાઓ. બ્રહ્મ એટલે આત્મા, ચર્ય એટલે રમણ કરવું, આત્મ રમણતા રૂપ બ્રહ્મચર્ય પ્રગટ થાઓ.

(૧૬) બ્રહ્મચર્યની નવવાડની ભાવના.

બ્રહ્મચર્યની નવવાડ, તેના રક્ષણ માટે બહુ જરૂરી છે તેનું હું બરાબર પાલન કરીશ. વાડનું પાલન તેજ બ્રહ્મચર્યનું પાલન છે.

૧ સ્ત્રી (પુરૂષ) પશુ, નપુસંક, રહિત તથા વિકાર રહિત મકાનમાં રહીશ. જેમ બિલાડીવાળા સ્થાનમાં ઉંદરને જોખમ છે તેમ આવા સ્થાનમાં બ્રહ્મચારીને જોખમ છે.

૨ સ્ત્રી (પુરૂષ) ની તથા વિષયવર્ધક કથા વાર્તા કરીશ નહિં, સાંભળીશ નહિં અને વાંચીશ નહિં. ચતુર બારોટના વચનથી વીર પુરૂષને વીર રસ જાગે તેમ વિકારની ઈચ્છા થાય. માટે નોવેલ નાટક તથા સીનેમા તજીશ.

૩ સ્ત્રી બેઠેલા આસને પુરૂષે બે ઘડી સુધી ન બેસવું અને પુરૂષ બેઠેલા સ્થળે સ્ત્રીએ બાર મુહુર્ત સુધી ન બેસવું (તેટલું ન બને તો તે સ્થળે પોતાનું આસન પાથરી તે ઉપર બેસવું કારણ વીર્યમાં બાર મુહુર્ત સુધી ગર્ભ ધારણ કરવાની શક્તિ છે.) તથા નજીક અથવા એક આસને ન બેસવું. ઘીનો ઘડો ને અગ્નિનું દૃષ્ટાંત.

૪ સ્ત્રી (પુરૂષ)નું રૂપ, વસ્ત્ર અલંકાર, અંગો પાંગ ન જોવાં. નજર નીચી અને વિકારરહિત રાખવી. સૂર્ય સામું કાચી આંખવાળો જુએ તો આંખો જાય તેમ રૂપ જોવાથી બ્રહ્મચર્ય ગુણ મલીન થાય છે, વળી દૃષ્ટિ કુશીળનું પાપ લાગે. પહેલાં દૃષ્ટિથીજ વિષયેચ્છા પ્રાયઃ જાગે છે. એક પગથીયું લપસનાર સો પગથીયાં પડે છે, તેમ આંખને કાબુમાં ન રાખનાર ઓળખાણ કરે, વાતો કરે, પરિચય વધે ને કોઇ વાર બ્રહ્મચર્યથી ચુકી જાય માટે પ્રથમથીજ બચતા

રહેવું બહુ જરૂરી છે. મેળા, નાટક, સિનેમા, નાચ, લગ્ન પ્રસંગ વિગેરે વિકારવર્ધક દેખાવો જોઈશ નહિ.

૫ સ્ત્રી, પુરૂષના વિષયજન્ય શબ્દ સાંભળીશ નહિં. દંપતિ સુવે ને તેમના શબ્દ વિગેરે સંભળાય ત્યાં રહીશ નહિ. મેઘ ગર્જના અને મોરનું દષ્ટાંત.

૬ પૂર્વે ભોગવેલ ભોગોને કદી સંભાળીશ નહિં, જુનું વૈર અથવા વ્હાલાના વિયોગના સ્મરણવત્.

૭ વિકારવર્ધક પદાર્થ (ઘી, દુધ વિગેરે પૌષ્ટિક વસ્તુઓ, વિશેષ પ્રમાણમાં તેલ, મરચું, મસાલા, ખટાઈ વિગેરે) ખાવા નહિં. સંન્નિપાતવાળાને દુધ સાકર મરણ કરે તેમ આ વસ્તુઓ વિષય જાગૃતિ કરે. તે ભાવવિષ છે.

૮ વધુ પ્રમાણમાં ભોજન તથા પાણી ન વાપરવાં. ભૂખ અને તરસથી વધુ આહાર તથા પાણી, આળસ, રોગ અને વિકાર કરે છે. શેરની હાંડ્ડીમાં સવા શેર ખીચડીનું દષ્ટાંત. હાંડ્ડી ફુટે અથવા ખીચડી ઢોળાય.

૯ શરીરને શણગારવું નહિં. મીઠાશવાળા પદાર્થને માંખીઓનું દૃષ્ટાંત. સુગંધી ફુલ ને ભમરાનું દષ્ટાંત. જ્યાં મીઠાશ હોય ત્યાં માંખીઓ કનડે તેમ શરીરને સુશોભિત કરે છે તેને વિષયી જીવો કનડે. આ નવ વાડ છે અને દશમો તેનો કિલ્લો છે જે સર્વથી વધારે જરૂરી છે.

૧૦ મનને ગમે તેવાં અથવા વિકારજન્ય, શબ્દ, રૂપ

ગંધ, રસ, અને સ્પર્શ ભોગવવાં નહિ, તથા તેની અભિલાષા (ઈચ્છા) કરવી નહિ.

આ દશ ને શાસ્ત્રમાં દશ બ્રહ્મચર્યની સમાચારી અથવા દશ જાતનું બ્રહ્મચર્ય પણ કહેલ છે. એક પણ વાડ તોડવાથી સાત જાતની હાનિ થાયછે તેવું સર્વજ્ઞ દેવે ફરમાવ્યું છે.

૧ શંકા (પોતાને બ્રહ્મચર્યમાં અસ્થિરતા; પાળું કે ન પાળું, તેવા ભાવ થાય અથવા બીજા લોકો શંકા કરે કે આ બ્રહ્મચર્ય વ્રત પાળતો હશે કે કેમ? ૨. કાંક્ષા—વિષયેચ્છા જાગે. ૩. વિતિગિચ્છા—બ્રહ્મચર્યનો પ્રેમ અને રૂચી ઘટે, તેનું અપૂર્વ ફળ ભૂલાય. (૪) ભેદ થાય—ભાવ બ્રહ્મચર્ય નાશ થાય. મન વિષયોના પ્રસંગોમાં જાય તેવા સંયોગ શોધે. (૫) ઉન્માદ થાય—બુદ્ધિ નષ્ટ થાય. હિતાહિતનો વિચાર ન કરી શકે. જેમ ગાંડો માણસ સારી વસ્તુ ફેંકી ખરાબ ગ્રહણ કરે તેમ પરમ સુખનું કારણ બ્રહ્મચર્ય છોડી અનંત દુઃખદાયી કામભોગમાં સુખ દેખાય. ૬. દીર્ઘકાળ દુઃખ દે તેવા ગંભીર તથા ભયંકર રોગ થાય. આ જન્મમાં રોગ થાય; કદાચ બચે તો પુનર્ભવમાં તો અનંત રોગમય જન્મો અવશ્ય મળે. ૭. કેવળી પ્રરૂપીત ધર્મથી ભ્રષ્ટ થાય.

એક વાડ તોડવાથી આ સાત નુકસાન થવા પ્રભુ ફરમાવે છે તો જે અનેક વાડ તોડે તેની શી દશા થાય. એવું જાણી નવવાડ અને દશમા કિલ્લાદ્વારા દૃઢતાપૂર્વક આત્મરક્ષા કરવી જરૂરી છે.

આ દશને બ્રહ્મચર્યની દશ સમાચારી કહે છે, અને આ દશ પ્રકારનું બ્રહ્મચર્ય પણ ગણાય છે. જે એક વાડ તોડે તેણે બ્રહ્મચર્ય તોડયું ગણાય છે એટલે સુધી ફરમાન છે. માટે મારા આત્મહિત ખાતર હું દશે નિયમો બરાબર પાળીશ. જેણે શુદ્ધ બ્રહ્મચર્ય પાળી અને આત્મ સ્વરૂપને ઓળખ્યું છે તે સંસાર સમુદ્ર તરી ગયો છે. માત્ર ખાબોચીયા જેટલું તરવું બાકી છે. વળી અનંત સાચું સુખ મળે છે. માટે આનંદથી આ વ્રત અને નિયમો પાળીશ.

(૧૭) સાધુ–સાધ્વીની ભાવના.

(૧) મેં સંસાર છોડયો ત્યારથી ખાવાં, પીવામાં, કપડામાં, મકાનમાં, માનપૂજામાં, નિદ્રામાં, ગપ્પાં (વિકથા) માં કેટલો સંયમ કર્યો તે વિચારીશ, અને હંમેશાં સંયમની વૃદ્ધિ કરીશ.

(૨) સંસાર અને મોક્ષનો માર્ગ ઉલટો છે જેથી સંસારી સર્વ પ્રપંચ અને પ્રવૃત્તિનો ત્યાગ કરવા સાવધાન રહીશ.

(૩) શરીર મોહ ક્ષય થાઓ.

(૪) ખાનપાન અને માનની વાંચ્છા ક્ષય થાઓ.

(૫) ત્રણ મનોરથ એટલે ભાવના–(પવિત્ર દ્રઢ ઈચ્છા) રોજ અનેકવાર ચિંત્વન કરી તે ગુણો પ્રકટ કરીશ

(૧) અપૂર્વ તત્ત્વ જ્ઞાન હંમેશાં શીખીશ.

(૨) આઠ ગુણુનો ધારક થઈ એકાંત આત્મભાવમાં વિચરીશ ત્યારે ધન્ય થશે. (૧) યથાર્થ તત્ત્વ નિશ્ચય, (શ્રદ્ધાવંત) (૨) પૂર્ણ સત્ય–અજ્ઞાન મિથ્યાત્ત્વ અને કષાય રહિત મન, વાણી અને કાયા (૩) બુદ્ધિવંત (હિતાહિતનો નિર્ણય કરી સાચો માર્ગ લેવા પ્રેરણા કરે તેવી બુદ્ધિ.) (૪) બહુ સુત્રી–સર્વ શાસ્ત્રનો જાણુનાર. (૫) શક્તિવંત–દરેક સારૂં કામ કરવા સમર્થ (૬) ઉપશાંત કષાયી. (૭) ધૈર્યવંત–દુઃખથી કદી ન ગભરાય. (૮) વીર્યવંત–સદા પુરૂષાર્થી. આ ગુણો મને પ્રગટ થાઓ.

(૩) આજસુધી અઢાર પાપ અને આઠ કર્મબંધના કારણો સેવન કર્યાં તેનો હંમેશાં પશ્ચાતાપ કરી માયા (ક્રોધ, માન, કપટ, લોભ), નિયાણુ (ઇંદ્રિય સુખની ઇચ્છા), મિથ્યાત્ત્વ (વિપરીત સમજણ) એ ત્રણ સલ્ય સર્વથા દૂર કરી આરાધિક પદ–પંડીત મરણુ પામીશ ત્યારે ધન્ય થશે. રોજ સર્વ પાપનો પશ્ચાતાપ (આલોયણા) કરીશ તો જ આરાધિક પદ મળશે.

(૬) શિષ્ય લોભ, સંપ્રદાય મોહ, પૂજા પ્રશંસાની ઇચ્છા, ક્ષેત્ર, શરીર, વસ્ત્ર, પાત્રાદિનો મમત્ત્વ, મિથ્યા રૂઢીમાં પક્ષપાત, કદાગ્રહ, કલહ, વિગેરે સર્વ દોષો દ્રઢતાથી છોડીશ, તોજ સુખી થઇશ.

(૭) ગુણાનુરાગ, ઇંદ્રિય દમન,તત્ત્વવાંચન, ધ્યાન, મૌન, સમાધિ પ્રાપ્ત થાઓ.

(૪) શુદ્ધ પંચ મહાવ્રત, પાંચ સમીતિ, ત્રણ ગુપ્તિ, દશ ક્ષમાદિ ધર્મ, બાર પ્રકારનો તપ, ૨૭ સાધુના ગુણો, અંતર ઉપયોગ પૂર્વક સદા આત્મ જાગૃતિ, ભાવ સાધુ, અને નિશ્ચય સાધુના ગુણો પ્રગટ થાઓ.

(૯) દિવસના ચાર ભાગ પાડીશ. છ કલાક નવું જ્ઞાન શીખવું, વાંચવું. ત્રણ કલાક શીખેલ જ્ઞાન રાત્રે ફેરવવું, ચિંત્વન કરવું. ત્રણ કલાક ધ્યાન ઉત્તમ ભાવનાઓ અને તત્ત્વ રમણતા શીખેલ જ્ઞાનના રહસ્યો વિચારવાં છ કલાક આહાર, નિહાર પ્રતિલેહન આદિ. છ કલાક નિંદ્રા. સાધુ જીવનને સફળ કરવા આ પ્રમાણે નિયમિતપણે વર્તવા દ્રઢ સંકલ્પ કરૂં છું. અને પ્રભુની આજ્ઞા પ્રમાણે બાર કલાક સ્વાધ્યાય, ૭ કલાક ધ્યાન, ત્રણ કલાક આહાર નિહાર, ત્રણ કલાક નિંદ્રા રાખીશ ત્યારે ધન્ય થશે.

(૧૮) રોગી અવસ્થામાંથી નિરોગી અને સુખી બનવાની ભાવના.

(ક્ષય વિગેરે અનેક ભયંકર જુના રોગો આવી ભાવના ભાવવાથી દૂર થયેલ છે. દરેક ભાવના હંમેશાં વારંવાર રોગીઓએ અને તેની સેવા ચાકરી કરનારાઓએ રોગીને ઉદ્દેશી બોલવી.)

(૧) હું નિરોગી છું. મને બીલકુલ રોગ નથી. મારા બધા રોગ દૂર થાય છે. સ્નાયુઓ બરાબર કામ કરે છે, મને બરાબર ભુખ લાગે છે. સારી રીતે પાચન થાય છે. મારા મનની નબળાઈથી મને વેદના જણાય છે, અને વેદનાના વિચારોથી હું રોગી બનુ છું. હવે રોગના વિચારો દૂર કરવાથી હું નિરોગી થાઉ છું.

(૨) મારા માથાનો દુઃખાવો મટતો જાય છે, મને હવે માથામાં દુઃખાવો નથી. મગજ શાંત છે અને સારા વિચારો કરે છે, મારી આંખની વેદના મટતી જાય છે. હવે આંખો નિરોગ છે. સારાં પુસ્તકો વાંચવા, જીવોને જોઇ રક્ષા કરવા તથા મહાપુરૂષોનાં દર્શન કરવા માટે તૈયાર છે. કાનનો રોગ મટતો જાય છે. હવે કાન શુદ્ધ છે અને ધર્મ વચન સાંભળવા ચાહે છે. નાકનો રોગ મટે છે. ઠીક પૂર્ણ તંદુરસ્ત બને છે અને શુદ્ધ હવા લે છે. જીભ અને મોઢાના રોગ મટતા જાય છે. તે હવે નિરોગ છે. પ્રિય, સત્ય, હિતકર, વિચારપુર્વક ઉપયોગી વચન બોલે છે. સાદું અને પથ્ય ભોજન રૂચિથી જમી શકું છું, શરીરની સર્વ વેદના દૂર થઇ રહી છે. હું હવે પુર્ણ નિરોગી છું, શરીરને ટાઢ તાપ વિગેરે બધા સંયોગો આરોગ્યવર્ધક અનુભવાય છે અને તંદુરસ્ત બનાવે છે. હૃદયમાં લોહી બરાબર સાફ થાય છે ને બધે વહે છે. મન પવિત્ર શાંત છે અને સારા વિચારો કરે છે.

(૩) શાસ્ત્રમાં ભગવાન ફરમાવે છે કે—છકાય જીવોને

મન, વચન કાયાથી દુઃખ આપવાથી દુઃખ થાય તેવા સંયોગો મળે છે, અને દુઃખ ન આપવાથી તથા દુઃખ દૂર કરવાથી સુખ મળે તેવા સંયોગો મળે છે. ૧ હિંસા, ૨ અસત્ય, ૩ અપ્રમાણિકતા, ૪ વિષયભોગ, ૫ ધન મોહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ કપટ, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કુસંપ, (કલેશ), ૧૩ કલંક દેવું, ૧૪ ચાડી કરવી, ૧૫ પરનિંદા, ૧૬ હર્ષ શોક, ૧૭ કપટયુકત જુઠું અને ૧૮ વીપરીત સમજણ એટલે મિથ્યાત્વ—અજ્ઞાન આ અઢાર પાપ મન વચન કાયાથી સેવન કરવાથી, સેવન કરાવવાથી, કરતાને સારૂં જાણવાથી તીવ્રદુઃખ ઘોર અશાતાવેદની (કરકસકારી વેદના) થાય છે અને અઢાર પાપના મન વચન કાયાથી ત્યાગ કરવાથી અતિશય નિર્મળ સુખ (અકરકસકારી વેદના) મળે છે અને આત્મધ્યાનથી વેદના રહિત અવ્યાબાધ સુખ મળે છે.

(૪) શરીર એ પુદ્ગલ છે, જડ પદાર્થ છે, રોગ શરીરને અસર કરી શકે છે પરંતુ આત્માને કંઇપણ હાનિ કરી શકતો નથી, કારણ આત્મા અરૂપી, અરોગી, અજર, અમર છે. શરીરમોહ દૂર કરવાથી સાચું સુખ મળે છે.

દુહો—રોગ પીડતો દેહને, નહિ જીવને ખાસ;
ઘર બળે અગ્નિ થકી. નહિં ઘરનો આકાશ. ॥૧॥

એવો વિચાર કરી ચિંતા શોક ભય રહિત હું પરમાનંદમાં રહીશ.

(૫) અશાતા વેદની પૂર્વના પાપ કર્મનો નાશ કરે છે તે ઉપકારી છે પાપ ન કરવાની શીખામણ આપે છે. હું હવે સર્વ પાપ દોષનો ત્યાગી થઇશ.

(૬) રોગમાં ચિંતા ભય શોક કરવાથી રોગ બહુ વધે છે અને નવા કર્મ બંધાઇ ભવિષ્યમાં ઘણાં દુઃખ ભોગવવાં પડે છે તથા રોગને દૂર કરવા બહુ પાપથી બનેલ દવાનું સેવન કરવાથી પાપ વધે છે અને તેના ફળમાં વધારે દુઃખો મળે છે. હું પાપયુક્ત ઉપચાર નહિં કરૂં.

(૭) દવાઓ વાપરવાથી પ્રાયઃ કરી એક રોગ મટી બીજા અનેક રોગ થાય છે. આજ દવાઓ વધી છે અને રોગો વધ્યા છે. સો રોગીમાં દવા લેનાર આશરે નેવું ટકા રિબાઇ રિબાઇને મરણ પામે છે ને દવા ન લેનારા સેંકડે દશ ટકા મરે છે. ઉપવાસ, તપશ્ચર્યા, બ્રહ્મચર્ય, પાંચે ઇંદ્રિયને વશ કરવી, બહુ ભૂખ લાગે ત્યારે પથ્ય સાદો સપ્રમાણ ખોરાક લેવો, ક્રોધાદિ ત્યાગ કરવાથી સો રોગીમાંથી ૯૯ રોગી સુધરે છે. પરિવાર, કુટુંબચિંતા, રોગનો ભય, અને હિંમત ન રાખવાથી રોગ વધે છે માટે તેથી બચવું.

(૮) શરીરના મમત્વથી શરીર પાછું ધારણ કરવું પડે છે અને તેને લીધે બધાં દુઃખ થાય છે. શરીરને સચ્ચારિત્રમાં જોડી નિર્મોહી બનવાથી અશરીરી થઇ અનંત સુખ થાય છે. આજ પરમ સુખમય સિદ્ધ અવસ્થા છે, (૯) હું અરોગી છું, અભોગી છું, અશોગી છું, અશરીરી છું,

અક્રોધી છું, અમાની છું અમાયી છું, અલોભી છું, નિર્મોહી છું, અનંત કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંત આત્મિક સુખ, અનંત આત્મ શકિત કરીને સહિત છું, આવા મારા પોતાના શુદ્ધ ગુણો છે તે પ્રગટ થાઓ.

(૧૯) અસંખ્ય સંમૂર્છિમ પચેંદ્રિય મનુષ્યની રક્ષા, પોતાની રક્ષા અને આરોગ્ય લાભ.

શરીરમાંથી નીકળતા પદાર્થોમાં અંતરમુહૂર્તમાં અસંખ્ય મન વિનાના (અસંજ્ઞી) પંચેંદ્રિય મનુષ્ય હર પળે ઉપજે છે અને મરે છે. જેની કાયા આંગળના અસંખ્યાતમા ભાગની અને આયુષ્ય અંતર મુહૂર્તનું હોય છે. જો મળમુત્રાદિ શરીરના અશુભ પદાર્થો ખુલ્લી જગ્યામાં જલદી સુકાય ત્યાં દૂર નંખાય તો જીવોની હીંસા તથા બીજાને આરોગ્યમાં હાનિ કરવાના પાપમાંથી બચાય અને પોતાને આરોગ્ય મળે. તે સંમુર્છિમ મનુષ્યોને ઉપજવાના ૧૪ સ્થાનો છે ૧ દસ્ત. ૨ પેશાબ. ૩ બળખા–કફ, ૪ નાકની લીંટ, ૫ ઉલટી–વમન, ૬ પિત્ત ૭ પરૂ–રસી, ૮ લોહી, ૯ વીર્ય, ૧૦ વીર્યાદિ પદાર્થો સુકાયેલ ફરી ભીના થાય તેમાં, ૧૧ જીવ રહીત શરીર મડદું, ૧૨ સ્ત્રિ પુરૂષના સંયોગમાં. ૧૩ ગટર, ખાર, મોરીમાં ૧૪ સર્વ આવા ગંદકીના સ્થાનમાં.

કેટલેક સ્થળે એક વાસણમાં પેસાબ કરી સવારે નાંખે છે તેમ ન કરવું. પેશાબ ઉપર પેશાબ ન કરવો. જાજરૂમાં જંગલ ન જવું, એઠવાડ જ્યાં ત્યાં ન ઢોળતાં ઢોરને પાઇ દેવો; વિગેરે નિયમો બનતાં પ્રયત્ને પાળવા.

આરોગ્યના સાધારણ નિયમોનું જ્ઞાન ન હોઇ તથા આળસને લઇ હિંદમાં રોગ ને પાપ વધ્યાં છે વળી ગંદકીની ખરાબ હવાથી વિકાર વધે છે ને આનાથી દુર્બળ શરીર છતાં વિષય લાલસા વધારે દેખાય છે. જેના ફળમાં અનીતિ, વીર્યહાનિ, મનુષ્ય ભવનો, પુણ્યનો અને ધર્મનો નાશ થાય છે માટે ગંદકી ઘટાડી સર્વ પ્રકારે સુખી થવું જરૂરી છે.

બ્રહ્મચારી મુનિઓ—ખુલ્લી હવા અને તાપમાં જંગલ જાય છે, ખુલ્લે પગે ચાલે છે, કદી ગટર કે જાજરૂ (સંડાશ, ટટ્ટી, પાયખાનાં) ને કામમાં લેતા નથી તો સ્નાન વિગેરે શણગારની પ્રવૃત્તિ ન કરવા છતાં પ્રાય: નિરોગી, જ્ઞાની, અને ધ્યાની છે. જયણાં—વિવેક ત્યાંજ ધર્મ છે.

(૨૦) મિથ્યાત્ત્વ નાશ કરવાની ભાવના.

મિથ્યા એટલે ખોટું અસત્ય, મિથ્યાત્ત્વમાં "ત્ત્વ" ભાવ વાચક નામનો પ્રત્યય છે. જેમ **મનુષ્યત્ત્વ** (મનુષ્યપણું) **તેમ મિથ્યાત્ત્વ એટલે** અસત્યપણું ખોટી સમજણ, અસત્ય

સમજણ, અયથાર્થ સમજણ તે મિથ્યાત્વ છે, મારા જીવે પોતે કોણ છે, પોતાના શુદ્ધ ગુણ શું છે, કર્મ સંયોગથી મન વચન કાયા અને ઇંદ્રિયોની પ્રાપ્તિ છે. મન વચન કાયાથી જુદો અનંત જ્ઞાન સુખ પૂર્ણ આત્માના સ્વરૂપનો નિશ્ચય અને અનુભવ ન કર્યો તે મિથ્યાત્વ નાશ થાઓ. અને શુદ્ધ આત્માનો અનુભવ અને નિશ્ચય પ્રગટ થાઓ. મિથ્યાત્વના મુખ્ય પાંચ પ્રકાર છે. તે અવશ્ય ત્યાગ કરવા.

(૧) અભિગ્રહિક (ઐકાંતિક) મિથ્યાત્વ—એકાંત પક્ષ માને, જ્ઞાન અને ક્રિયા વ્યવહાર (અહિંસા, સંયમ, તપ,) નિશ્ચય (આત્મધ્યાન, સ્વરૂપ રમણતા) બંન્ને ધર્મ ઉચિત સ્થાને ન માને, સ્યાદ્વાદ એટલે અપેક્ષા આશય ન સમજે, સમજણ વિનાની માન્યતા હોય, કુલ પરંપરાથી—દેખાદેખીથી શ્રદ્ધા કરે. નવ તત્ત્વનું જ્ઞાન નય અને પ્રમાણ દ્વારા કરી યથાર્થ તત્ત્વ નિશ્ચય ન હોય. આ દશા ક્ષય હોજો અને સમજણ સહિત અપેક્ષા સહિત નય પ્રમાણ દ્વારા યથાર્થ તત્ત્વ શ્રદ્ધા રૂપ સમ્યગ્ દર્શન ગુણ પ્રગટ હોજો.

(૨) અનાભિગ્રહિક—(વૈનયિક) મિથ્યાત્વ—બધા દેવ, ગુરૂ, ધર્મ અને શાસ્ત્ર સાચા માને, પરીક્ષા રહિત આવી દશા ક્ષય હોજો અને દ્વેષ રહિત સમભાવે પરિક્ષા પૂર્વક યથાર્થ તત્ત્વ નિશ્ચય પ્રગટ હોજો.

(૩) અભિનિવેશિક—(વિપરીત) મિથ્યાત્વ—અસત્યને સત્ય કરી માને, અતિ કદાગ્રહી સત્ય સમજાવવા છતાં ન

સમજે, પોતાના દોષને પણ ગુણ કરી માને, માન મોહના ઉદયથી અસત્ય પક્ષને ન છોડે, ભૂલ જણાય છતાં મારૂં તેજ સાચુ કહે પણ સાચું તે મારૂં ન કહે.

લોહ વાણીઆ જેવો પકડી ટેક ન છોડે. મેં આજ સુધી આ પ્રમાણે અસત્ય પકડી રાખ્યું, પોતાની ભૂલ ન સ્વીકારી તે ધિઃક્કાર છે, સર્વ મિથ્યાત્વમાં આ મોટું મિથ્યાત્વ છે તેને મેં સેવ્યું તે નાશ હોજો અને હવે સાર ગ્રાહી સત્ય ગ્રાહી બુદ્ધિ પૂર્વક યથાર્થ તત્વ શ્રદ્ધા હોજો.

(૪) સંશયિક મિથ્યાત્વ—સત્યમાં થોડી અસ્થિરતા સૂક્ષ્મ—ગૂઢ, વિષયમાં સંદેહ થાય તે દોષ ક્ષય હોજો. નિઃસંદેહ યથાર્થ તત્ત્વ શ્રદ્ધા પ્રગટ હોજો.

આચાર મિથ્યાત્વ સંજ્ઞી મનવાળા વિશેષ બુદ્ધિશાળી જીવને જ હોય છે.

(૫) અજ્ઞાન મિથ્યાત્વ—જીવ અજીવાદિ નવ તત્ત્વના જ્ઞાન રહિત ધર્મ શું, આત્મા શું તે ન સમજે. કેવળ શરીર ચિંતા ને ઇંદ્રિયજન્ય સુખ મેળવવામાં ને દુઃખ ત્યાગમાં જ તલાલીન હોય. આમાં મન વિનાના સર્વ જીવો અને મનવાળ ધર્મ રૂચી વિનાના સર્વ જીવો આવે છે. આ દશા જીવની સર્વથી વધારે રહે છે તેમાં બહુ રહી અનંત દુઃખ પામ્યો તે ધિઃક્કાર છે. હવે તત્ત્વનું જ્ઞાન કરી સત્ય શ્રદ્ધા પ્રગટ થાઓ.

આજ સુધી મન વચન કાયાથી મિથ્યાત્વ ખોટી સમજણુ શ્રદ્ધા કરી કરાવી ભલી જાણી તે માટે ધિઃક્કાર છે. તે ક્ષય થાઓ ને સત્ય તત્ત્વ નિશ્ચય આત્માનુભવ (સ્વાનુભૂતિ) સમકિત ગુણ પ્રગટ થાઓ.

(૨૧) ચૌદ નિયમ (મેરૂ જેટલું પાપ વિવેકથી રાઇ જેટલું કરવાના સરળ નિયમો).

ઈચ્છા–તૃષ્ણા, રોકવી તે સંયમ છે. તેમાં આત્માને કર્મબંધ ઘટે છે અને કરકસરવાળું સાદું જીવન બની પ્રત્યક્ષમાં પણ બહુ સુખ મળે છે. જરૂરીઆતો ઘટાડવી, થોડામાં ચલાવવું તે કરકસરવાળું જીવન છે ને તેજ સંયમ જીવન છે. જ્યાં સુધી ધન રક્ષાની એક ભાવના છે ત્યાં સુધી બાહ્ય લાભ થાય છે. જ્યારે વિષય ત્યાગની સમજણ આવે છે ત્યારે ભાવ ત્યાગ કહેવાય છે ને તેનું ફળ અપૂર્વ છે. ચૌદ નિયમો દ્રવ્ય ને ભાવ સુખ કરનાર છે તે હંમેશાં ધારવા જોઇએ.

૧ સચિત—કાચું મીઠું, પાણી, આખું ફળ, કાચી લીલોતરી વિગેરે ખાવા ઉપર સંયમ કરવો ને મર્યાદા કરે.

૨ દ્રવ્ય જેટલા પદાર્થ ખવાય તે ઉપર સંયમ.

૩ વિગય—(વિકાર ઉત્પન્ન કરે તે વિકૃતિ–વિગય) દુધ, દહીં, ઘી, તેલ, મીઠાઈ, (સાકર, ગોળ અને તેવી વસ્તુઓ.)ની મર્યાદા કરે.

૪ પગ રક્ષાના સાધન—મોજા, જોડા, ચંપલ વિગેરે.
૫ તાંબુલ પાન, સોપારી, એલચી વિગેરેની મર્યાદા.
૬ વસ્ત્ર પહેરવાનાં. ૭ સુંઘવાની વસ્તુઓ.
૮ વાહન-ગાડી, ઘોડા, ટ્રામ, રેલ્વે વિગેરેની મર્યાદા.

૯ આસન, બેસવાનાં, સુવાના. ૧૦. વિલેપન—શરીરે ચોપડવાના તેલ, ચંદન, અંજન, કંકુ વિગેરે. ૧૧ બ્રહ્મચર્ય, મર્યાદા. ૧૨ ભોજન અને પાણીની મર્યાદા પ્રમાણ ને જાત. ૧૩ દિશા—કેટલા દૂર જવું. ૧૪ સ્નાન-મર્યાદા.

૧. કાચી માટી. ૨ પાણી. ૩ અગ્નિ. ચુલા નં. ઈંધન વજન. ૪ વાયુ પંખા વિગેરે. ૫ વનસ્પતિની મર્યાદા ભાવમાં આત્મ હિંસાના ત્યાગ–હિંસા, અસત્ય, અપ્રમાણિકતા વિષયભોગ, નિંદા, ક્રોધ, ગર્વ, કપટ, તૃષ્ણા, કલેશ આ બધાના ત્યાગ કરવા.

આ પ્રમાણે જે રોજ ત્યાગ ધારશે, જરૂરીઆતો અને આત્માના દોષો ઘટાડશે તે ઘણાં પાપથી સરળતાથી છુટી અનંત સુખને પામશે.

(૨૨) પાત્રાપાત્રનું સ્વરૂપ અને સુપાત્ર થવાની ભાવના

પૂર્વે કહેલ ભાવનાના બધા ગુણો સુપાત્રમાં પ્રગટ થાય છે માટે સુપાત્ર થવા ઉદ્યમ કરવો ખાસ જરૂરી છે.

પાત્રના પંદર ભેદ છે તેમાં મુખ્ય ત્રણ ભેદ છે. ૧ સુપાત્ર, ૨. અલ્પ પાત્ર, અને ૩. અપાત્ર.

અહીં સત્ય સુખ આત્મિક સુખ એટલે મોક્ષને પાત્ર કોણ છે તે અપેક્ષાએ પાત્રનો વિચાર કરવામાં આવેલ છે.

૧ સુપાત્ર—જેનામાં વ્યવહાર અને નિશ્ચય બન્ને ગુણો પ્રગટ થયા હોય તે સુપાત્ર છે. વ્યવહારના પણ બે ભેદ છે. ૧ દ્રવ્ય અને ૨. ભાવ દ્રવ્યમાં, હિંસા, અસત્ય, અ-પ્રમાણિકતા, અન્યાય, અનીતિ, વિલાસીજીવન, અને કોઇ પણ વ્યસન વિગેરે દોષો ન હોય અને બાહ્ય સાધન, સારૂં વાંચન, સદ્‌ગુણ સેવન, સત્સંગ, વિગેરે ગુણો જેનામાં હોય તે દ્રવ્ય શુદ્ધિ છે, અંતર આત્મામાં ક્રોધ, ગર્વ, કપટ, તૃષ્ણા વિષયેચ્છા, રાગ, દ્વેષ, હર્ષ, શોક, ભય, ચિંતા, કાયરતા ન હોય, તે ભાવ શુદ્ધિ છે. દ્રવ્ય અને ભાવ શુદ્ધ થયે વ્યવ-હાર શુદ્ધ થાય છે.

નિશ્ચય શુદ્ધ—નિશ્ચય એટલે સત્ય સ્વરૂપ છે. જીવ અજીવાદિ નવ તત્ત્વને નય અને પ્રમાણથી યથાર્થ જાણી સત્ય શ્રદ્ધા (નિશ્ચય) કરી તત્ત્વાર્થના જ્ઞાતા થવું અને શુદ્ધ આત્મ સ્વરૂપનો અનુભવ કરવો. તે નિશ્ચય શુદ્ધ છે જયાં નિશ્ચય શુદ્ધ છે ત્યાં વ્યવહાર શુદ્ધ અવશ્ય હોય અને જયાં વ્યવ-હાર શુદ્ધ છે ત્યાં નિશ્ચય શુદ્ધ હોય અને ન પણ હોય, આ પ્રમાણે સુપાત્ર થનારમાં વ્યવહાર અને નિશ્ચય બન્ને શુદ્ધ

હોય છે તેજ મોક્ષ (સત્ય સુખ) ને લાયક (પાત્ર) છે. તે ગુણો મને પ્રગટ થાઓ.

૨ **અલ્પપાત્ર**—જેનામાં વ્યવહાર શુદ્ધિ છે પણ નિશ્ચય શુદ્ધિ (તત્ત્વાર્થ નિશ્ચય અને શુદ્ધ આત્માનુભવ) નથી તે પુણ્ય સંચય કરે છે. દેવ મનુષ્યના વૈભવો પામે પણ અક્ષય સુખ (મોક્ષ) ન પામે છતાં જો આમાં સત્ય પામવાની રૂચી (જીજ્ઞાસા) હોય તો સત્ય પામી સુપાત્ર થઈ શકાય છે. આ ગુણોદ્વારા હું સુપાત્ર બનું.

૩ **અપાત્ર**—જેનામાં બાહ્ય અને અંતર ગુણરૂપ વ્યવહાર શુદ્ધિ અને શુદ્ધ આત્માનુભવરૂપ નિશ્ચય શુદ્ધિ ન હોય તે અપાત્ર છે, આ દોષ દૂર થઈ મને સુપાત્રના ગુણો પ્રગટ થાઓ.

ઉત્તમ સુપાત્ર (સાધુ) ના ત્રણ ભેદ. મધ્યમ સુપાત્ર (શ્રાવક) ના ત્રણ ભેદ, લઘુ સુપાત્ર (સમદૃષ્ટિ) ના ત્રણ ભેદ એમ નવ પ્રકાર સુપાત્રના છે; ત્રણ અલ્પ પાત્ર અને ત્રણ અપાત્ર એ પ્રમાણે પાત્રના કુલ પંદર ભેદ કહેલ છે.

૧ શ્રેષ્ટ ઉત્તમ સુપાત્ર–સર્વજ્ઞ વીતરાગ પ્રભુ.

૨ મધ્ય ઉત્તમ સુપાત્ર–અપ્રમાદિ મુનિ.

૩ જઘન્ય ઉત્તમ સુપાત્ર–વ્યવહાર નિશ્ચય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના ધારી મુનિવર.

૪ શ્રેષ્ઠ મધ્યમ સુપાત્ર–સાધુ સમાન ત્રિકરણ ત્રિયોગે

સર્વ પાપના ત્યાગી શ્રમણભૂત, અગ્યારમી પડિમાના ધારી શુદ્ધ આત્માનુભવ કરનાર સુશ્રાવક.

૫ મધ્ય મધ્યમ સુપાત્ર–નવવાડ વિશુદ્ધ પ્રતિપુર્ણ–બ્રહ્મચર્ય નામની સાતમી પડીમાથી સર્વ સપાપ (સાવદ્ય) પ્રવૃત્તિના ત્યાગ નામની દશમી પડિમાના ધારી સુશ્રાવક.

૬ જઘન્ય મધ્યમ સુપાત્ર–ઉદાસીન, વૈરાગ્યવંત શુદ્ધ બાર વ્રતધારી, શુદ્ધ આત્માનુભવ કરનાર સુશ્રાવક, છઠ્ઠી પડિમા સુધી.

૭ ઉત્તમ લઘુ સુપાત્ર–ક્ષાયક સમકીતી.

૮ મધ્યમ લઘુ સુપાત્ર–ઉપશમ સમકીતી.

૯ જઘન્ય લઘુ સુપાત્ર–ક્ષયોપશમ સમકીતી.

ત્રણે લઘુ સુપાત્ર–સાત પ્રકૃતિને અભાવ કરી શુદ્ધાત્માનુભવ સહિત વ્યવહાર સમકીતના સર્વ ગુણસંપન્ન હોય.

શરીર પરિવાર ભોગાદિને પોતાના માની ક્રોધ માન કપટ લોભ કરે અથવા કષાયને ડંખ રાખે તે અનંત સંસારનું કારણ અનંતાનુબંધી અને અસત્યમાં પરમાં મારાપણું તે મિથ્યાત્વ મોહની નાશ થાએ.

૧૦ ઉત્તમ અલ્પપાત્ર–વ્યવહાર (દ્રવ્ય–ભાવ) ચારિત્ર–શુદ્ધ છે આત્માનુભવ થયો નથી, તેવા મુનિ.

૧૧ મધ્યમ અલ્પપાત્ર–આત્માનુભવ વિનાના દ્રવ્ય ભાવ શુદ્ધ છે, તેવા શ્રાવક.

૧૨ જઘન્ય અલ્પ પાત્ર—વ્યવહાર સમકીતના ગુણો છે, આત્માનુભવ નથી.

૧૩ મુખ્ય અપાત્ર—શુદ્ધ આત્માનુભવ અને ઉત્તમ ચારિત્ર નથી તેવા સાધુ.

૧૪ મધ્યમ અપાત્ર—શુદ્ધ આત્માનુભવ અને વિવેક પૂર્વક ઉત્તમ વ્રત પચ્ચખાણ રહિત શ્રાવક નામ ધરાવનાર.

૧૫ જઘન્ય અપાત્ર—શુદ્ધ આત્માનુભવ અને સમભાવ, ધર્મ ભક્તિ, વૈરાગ્ય, અનુકંપા, શ્રદ્ધા, વિગેરે ગુણ રહિત નામ સમકીતી-નામ જૈન અને સર્વ મિથ્યાત્વી.

અપાત્રના દોષ ક્ષય હોજો અને સુપાત્રના ગુણો પ્રગટ હોજો.

આત્મ શુદ્ધિના ભાવનામય કાવ્યો.

(૨૩) શ્રી રત્નાકર પચ્ચીસી.

(હરિગીત છંદ.)

મંદિર છો મુકિત તણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઇંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના,
જય પામ તું જય પામ તું, ભંડાર જ્ઞાન કળા તણા. ૧
ત્રણ જગત્‌ના આધાર ને, અવતાર હે કરૂણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ, સંસારના દુઃખો તણા;

વિતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ, હૃદય હું ખાલી કરૂં. ૨

શું બાળકો માબાપ પાસે, બાળ ક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવ્યું, તેમ શું નવ ઉચ્ચરે;
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહિ, ને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિં, શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી, કંઈ પણ પ્રભુ મેં નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું, નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને?
મન મારૂં માયાજાળમાં, મોહન! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ગણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઈ કર્યું નહિં,
તેથી કરી સંસારમાં, સુખ અલ્પ પણ પામ્યો નહિં;
જન્મો અમારા જીનજી, ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે,! શું કરૂં હું તો વિભુ?
પત્થર થકી પણ કઠણ મારૂં, મન ખરે ક્યાંથી દ્રવે?,
મર્કટ સમા આ મન થકી, હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણ રૂપી, રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ કહું છું ખરૂં.
કોની કને દયાળ આ, પોકાર હું જઈને કરૂં ? ૮
ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન, લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બ્હારથી, દાંભિક અંદરથી રહું. ૯
મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચીંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મ્હારૂં શું થશે ?, ચાલાક થઈ ચૂકયો ઘણું. ૧૦
કરે કાળજાને કતલ પીડા, કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧
નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યાં,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨
આવેલ દ્રષ્ટિ માર્ગમાં, મૂકી મહાવીર આપને;
મેં મૂઢ ધિયે હ્રદયમાં, ધ્યાયા મદનના ચાપને;

નેત્ર બાણો ને પયોધર, નાભીને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણાં, છટકેલ થઈ જોયાં અતી. ૧૩
મૃગનયણી સમ નારી તણાં, મુખ ચંદ્ર નિરખવા વતી;
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગાઢો અતી;
તે શ્રુત રૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી? ૧૪
સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણો, દેદિપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તોપણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં;
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫
આયુષ્ય ઘટતું જાય તો પણ, પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ ઘટે,
ઔષધ વિષે કરૂં યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું. ૧૬
આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કુવે પડયો, ધિક્કાર છે મુજને અરે. ૧૭
મેં ચિત્તથી નહિ દેવની કે, પાત્રની પુજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સામું, મમ જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનું કલ્પતરૂ, ચિંતામણીના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો, ધર્મ તે સેવ્યો નહિં,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરૂણા કંઈ. ૧૯
મેં ભોગ સારા ચિંતવ્યા પણ, રોગસમ ચિંત્યા નહિં;
આગમન ઇચ્છયું ધન તણું, પણ મૃત્યુને પ્રીછયું નહિં;
નહિં ચિંતવ્યું મેં નરક, કારાગ્રહ સમી છે નારીઓ,
મધુ બીંદુની આશા મહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦
હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થનાં ઉદ્ધાર આદિ, કોઇ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી, તણાં ફેરા ફર્યા. ૨૧
ગુરૂ વાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણાં વાકયો મહીં, શાંતિ મળે કયાંથી મને;
તરૂં કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તુટેલ તળીઆનો ઘડો, જળથી ભરાયે કયેમ કરી ? ૨૨
મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, કયાંથી થશે હે નાથજી ?;
ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે, ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩
અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પુજ્ય! આ ચારીત્ર મુજ પોતાતણું;

જાણ્યા સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરૂં શું માત્ર આ ?,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં, પાઈની તો વાત ક્યાં ? ૨૪

શાર્દુલ વિક્રિડીત.

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિં અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગલ સ્થાન તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

(૨૪) ભાવ સામાયિક સ્વરૂપ.

(મૂળકર્તા:-શ્રી અમિતગતી આચાર્યવર)

(અનુવાદક:-સુખલાલ જીવરાજ શાહ, બી. એ.)

[હરિગિત છંદ]

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વ્હાલા થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુ:ખીઆ પ્રતિ કરૂણા અને દુરાત્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા. ૧
અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તલવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું, એ જ્ઞાનબળ મુજને મળો,
ભીષણ જે અજ્ઞાન મારૂં, નાથ! તે સત્વર ટળો. ૨
સુખદુ:ખમાં, અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખ ભોગમાં;

મમ સર્વકાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરૂણાનિધિ. ૩
તુજ સદુપદેશનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;
તદ્દરૂપ થઇ તે દીવડે, હું સ્થિર થઇ ચિત્ત બાંધતો,
તુજ સદુપદેશ લહરમાં, હું પ્રેમથી નિત્ય ડૂબતો. ૪
પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહિં;
છેદી વિભેદી દુઃખ દઇ, મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મહિંસક, નાથ વિનવું આપને. ૫
કષાયને પરવશ થઇ બહુ, વિષયસુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકુળ થઇ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત, આચરણ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું. ૬
મન વચન કાય કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારનાં દુઃખ બીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું ?
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી;
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતું વાદીથી. ૭
મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી;
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માંગુ ક્ષમા હું હૃદયથી. ૮

મુજ મલીન મન જો થાયતો, તે દોષ અતિક્રમ જાણુતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો;
તે અતીચારી સમજવો, જે વિષયસુખમાં મ્હાલતો;
અતિ વિષયસુખ આસક્તને, હું અનાચારી ધારતો. ૯
મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોયતો;
યથાર્થ વાણીભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦
પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઇષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણી હું ધારતો;
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧
સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઇંદ્ર નર ને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેના, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૨
જેનું સ્વરૂપ સમજાય છે, સદ્જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્માની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૩
જે કઠીન કષ્ટો કાપતા, ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં;
યોગી જનોને ભાસતા, જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૪

જન્મો મરણના દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ;
કલંકહિન દિવ્ય રૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫
આ વિશ્વના સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા,
વિશુદ્ધ ઇંદ્રિય શુન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬
ત્રિલોકમાં વ્યાપી રહ્યાં છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૭
તિમિર કેરો સ્પર્શ તલભર, થાય નહિ જયમ સૂર્યને,
તેમ દુષ્કલંકો કર્મના, અડકી શકે નહિ આપને;
જે એક ને બહુરૂપ થઇ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૮
રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯
જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે,
જેમ સૂર્યના દીવા થકી, સૌ સ્પષ્ટતા દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૦

જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદ ને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણુ હું માગતો. ૨૧
હું માગતો નહિ કોઇ આસન, દર્ભ પત્થર કાષ્ટનું,
મુજ આત્મના નિર્વાણુ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણુ જો,
અમૂલ્ય આસન થાય છે, શુભ સાધવા સમાધિ તો. ૨૨
મેળા બધા મુજ સંઘના, નહિ લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગ બળ લે હોંશથી. ૨૩
આ જગતની કો વસ્તુમાં તો સ્વાર્થ છે નહિં મુજ જરી.
વળી જગતની પણુ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિં;
આ તત્ત્વને સમજી ભલા, તું બાહ્યનો મોહ છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં તું સ્થિર થજે. ૨૪
જ્ઞાનમય વિશુદ્ધ આત્મ, સ્વ આત્મથી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, અનુભવ આ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
અખંડ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫
આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬

જે આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તે એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહપર, પામે પછી શું સ્થિરતા? ૨૭
આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે,
તો જન્મ મરણના ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે;
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮
સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી;
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯
કર્મો કર્યાં જે આપણે, ભુતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ;
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને. ૩૦
સંસારના સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો, ભોક્તા નહિ કો આપણું;
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બુરી,
પ્રભુ ધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧
શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
હૃદયથી આ દાસ તો, ગુણ ગાય તુજ સામર્થ્યના,

પ્રકટતા જો ગુણ બધા, મુજ આત્મમાં સદ્‌ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી? ૩૨

દોહરો.

બત્રીસ ચરણનું આ બન્યું, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય. ૩૩

સુજ્ઞ વાંચનાર!

સૂર્યના અભાવે અંધકાર થાય છે, અને તે દૂર કરવા કરોડો દીવાઓ જગતમાં કરવા પડે છે તેમ આત્મ જ્ઞાનના અભાવે અનેક દોષ અને દુર્ગુણો ઉત્પન્ન થાય છે તે દૂર કરવા જીવ પ્રયત્ન કરે છે પણ જો આત્મ જ્ઞાનનો સૂર્ય ઉગે તો તેજ ક્ષણે બધા દોષોનો ત્યાગ સુગમતાથી થઈ શકે છે, આત્મ જ્ઞાનની પ્રાપ્તિનું કારણ આત્મ ભાવના છે, પ્રભુએ પણ સ્થાન સ્થાન સાધુ અને શ્રાવક માટે "અપ્પાણં ભાવેમાણા વિહરઈ" આત્મભાવના ભાવતાથકા વિચરવા આજ્ઞા દીધી છે. આત્મજાગૃતિ માટે આપને તત્પરતા હોય તો આ વસ્તુનું હંમેશાં વાંચન અને મનન કરવા વિનંતી છે,

આ પુસ્તક પાલણપુરના જુદા જુદા સહાયકોની મદદથી છપાવવામાં આવેલ છે, તેનાં મુબારક નામ નીચે મુજબ છે. શ્રી શ્વે. સ્થાનકવાસી જૈન સસ્તુ સાહિત્ય પ્રચારક મંડળના શુભેચ્છકોની વતી હું આ સજ્જનોનો આભાર માનું છું. જ્ઞાન દાન એ સૌથી ઉત્તમ દાન છે અને જ્ઞાનની અંદર પણ સમકિત સ્વરૂપ ભાવનાનું જ્ઞાન એ અમૂલ્ય જ્ઞાન છે આવા જ્ઞાનની પ્રભાવના આપના હાથે હંમેશા થાઓ

લી. સુખલાલ જીવરાજ શાહ, બી. એ.

૨૫ આત્મ ધર્મ પર વિચારો.

સંસ્કૃતના પ્રયોજક–શ્રી પદ્માનંદી આચાર્યશ્રી.
ગુજરાતી અનુવાદક–સુખરાજ જીવરાજ શાહ. બી. એ.

(દોહરા.)

રસ રૂપ કે ગંધ નહિ, નહિં સ્પર્શનું નામ;
મૂર્ત નહિ પણ દેહમાં, વસી રહ્યો છે 'રામ'. ૧
આંખોથી દેખાય નહિ, તો પણ પ્રગટ જણાય;
થાય કદાપિ ધ્યાનથી, ચિંતવન જો મનમાંય. ૨
સ્વરૂપ સાચું સમજીને, મોહ કરૂં હું દૂર;
ગુરૂ વાણીથી આજ હું, ભાંગું ભ્રાંતિ જરૂર. ૩
નિશ્ચય મનથી દેખતો, વિશુદ્ધ મારો રામ;
'રામ' મહીં હું જોડતો, ઇન્દ્રિય કેરાં કામ. ૪
સ્મરણ કર્યાથી જેહનું, જ્ઞાન જ્યોતિ ઝળકાય;
મોહ તિમિર ચાલી જતું, ઉર આનંદિત થાય. ૫
આત્મરામનો વાસ તો, દેહ મંદીરે થાય;
અન્ય સ્થળે દોડું નહિ, શોધું દેહની માંય. ૬
ક્રોધાદિક સંયોગથી, પામું નહિ વિકાર;
મેઘ વિકારી હોય પણ, નભતો નહિં તલભાર. ૭
પરમ જ્ઞાન તે આત્મ છે, નિર્મળ દર્શન તેહ;
ગણું તેજ ચારિત્રને, નિર્મળ તપ પણ એહ. ૮
નમન કરવા યોગ્ય છે, એકજ મારો 'રામ';
સજ્જનનું તે શરણ છે, મંગળ ઉત્તમ રામ. ૯

સકલ શાસ્ત્ર સાગર તણું, ઉત્તમ રત્નજ તેહ;
સુંદર વસ્તુઓ મહીં, અતિશય સુંદર એહ. ૧૦

સંસારી સૌ વ્યાધિઓ, મુજને દેતી દુઃખ;
શીતલ જલ મંદિર આ, આત્મા આપે સુખ. ૧૧

સચ્ચિદાનંદ સ્વરૂપને, ધરતો હું નિઃશંક;
બીજા આનંદો બધા, ક્ષણભંગુર ને રંક. ૧૨

કર્મ બંધથી બદ્ધ પણ, બંધ કરે નહિ કર્મ;
રાગ દ્વેષથી યુક્ત પણ, નિર્મળ સમજો મર્મ. ૧૩

દેહધારી દેખાય પણ, દેહ વિનાનો હોય;
આત્મરૂપ અદ્ભુત આ, સમજે શાણા કોય. ૧૪

પરમ આત્મની ભાવના, શુદ્ધ ભાવથી થાય;
પરમ પદને લાવતી, કારણ ભાવ જણાય. ૧૫

પણ નીચી જો ભાવના, નીચું પદ પમાય;
લોઢાથી લોહજ બને, કંચન ક્યાંથી થાય? ૧૬

રોગ પીડતો દેહને, નહિં રામને ખાસ;
ઘર બળે અગ્નિ થકી, નહિં ઘરનો આકાશ. ૧૭

આત્મજ્ઞાન એ તીર્થ છે, ઉત્તમ ને અદ્ભૂત;
સ્નાન કરી એ તીર્થમાં, કાઢું મેલ અખૂટ. ૧૮

અસંખ્ય મોટાં તીર્થથી, મેલ જેહ નવ જાય;
આત્મજ્ઞાનના તીર્થથી, અંતર મળ ધોવાય. ૧૯

કષાય કેરો વાયરો સ્પર્શ કરે નહિં રામ;
જ્ઞાન સૂર્યની જ્વાળથી, થાયે ભસ્મ તમામ. ૨૦

[1]'રામ' દીવડો દીવ્ય છે, નહિ માયાનો પાસ;

---

૧. રામ એટલે પોતાનો શુદ્ધ આત્મા.

દિવ્ય તેજથી આપતો, સકલ વિશ્વ પ્રકાશ. ૨૧
આત્મા તણા જો મંદિરે, નહિ બુદ્ધિનો વાસ;
શાસ્ત્ર તણા જો વન મહિં, કરે ભ્રમણાં ચોપાસ, ૨૨
કરે વિકલ્પો બુદ્ધિ તે, લઈ કુલટાનું રૂપ,
પતિવ્રતા બનતી નહિ, ક્યાંથી સતી અનુપ ! ૨૩
આત્મ સ્વરૂપે લીન તે, પરમ યોગી કહેવાય;
આત્મવત્ સૌ જીવને, ગણે હૃદયની માંય. ૨૪
પુણ્ય પાપ ને કર્મના, થાએ બહુ વિકલ્પ;
નિર્મળ મારૂં રૂપ છે, શાને કરૂં સંકલ્પ. ૨૫
ભિન્ન ભિન્ન સંયોગથી, મુખ વિકારી થાય;
પણ દર્પણ નિર્મળ સદા, મુખ જોયે શું થાય ? ૨૬
ચેતન મારૂં રૂપ છે, શરણ ગણું પણ તેજ;
અન્ય તણો આશ્રય નહિ, જડ અચેતન એજ. ૨૭
જડ ચેતનની જોડ તો, કેમ કરીને થાય;
સરખે સરખા ન બને, સ્નેહ બીજે નવ જાય. ૨૮
જ્ઞાની તેને જાણવો, નિરખે વસ્તુ રૂપ;
ચિત્ત રૂપ ચૈતન્યનું, છોડે નહિં નિજરૂપ. ૨૯
"હું" તેહજ ચૈતન્ય છું, બીજું છે નવ કોય;
એવું ઉત્તમ તત્ત્વ આ, સમજે વિરલા કોય. ૩૦
જે જે વળગ્યા આત્મને, ક્રોધાદિકનાં કાર્ય;
પુણ્ય પાપ પરિપાકથી, આવ્યા તે અનિવાર્ય. ૩૧
શાસ્ત્ર હજારો સાંભળી, સમજ્યો જે હું સાર;
કહી બતાવ્યો આજ મેં, ધ્યાન મહીં ઉતાર. ૩૨

॥ સમાપ્ત ॥

છપાય છે!　　નીચેનાં પુસ્તકો.　　છપાય છે!

૧ શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ સ્કંધના મૂળનો ભાવાર્થ.
વર્તમાનમાં માગધી ભાષાનો પરિચય ઓછો થતો જાય છે, તેથી માગધી સૂત્રનાં ગુજરાતી ભાષાંતર થવાં આવશ્યક છે. તેવા ન્હાનકડા પુસ્તકરૂપ ભાષાંતર બ્હાર પાડવાની ઘણાએ જરૂર જોઈ છે. તેમની સૂચનાઓને માન આપી સરળ ભાષામાં, ગુજરાતી ભાષાંતર બાળબોધ ટાઈપમાં છપાવવું શરૂ કર્યું છે. દીપોત્સવી સુધીમાં બ્હાર પડશે. કીંમત રૂા. ૦-૧૦-૦ પોષ્ટેજ જૂદું.

૨ પ્રાસંગિક લેખો અને કાવ્યો.

પ્રસંગને અનૂસરતા લેખો અને તદ્દન સાદી ભાષામાં લખાએલાં કાવ્યો. દીપોત્સવી પછી બ્હાર પડશે. કીં. ૦-૪-૦

પુસ્તક મળવાનાં સ્થળ:—

૧ ઘેલાભાઈ પ્રાણુલાલ શાહ—કલોલ.

૨ કપુરચંદ પાનાચંદ મ્હેતા
ટીંબર મરચન્ટ—રાજકોટ-પરા.

૩ વાડીલાલ કાકુભાઈ સંઘવી.
સારંગપુર—તળીયાની પોળ—**અમદાવાદ.**

નૂતન ઘટના.

વિદ્વાન્ મુનિઓ અને લેખકોના જૈન સાહિત્ય પરના લેખો, કાવ્યો, પ્રસિદ્ધ કરી જન સમાજમાં મફત અગર સસ્તી કીંમતે વ્હેંચવાના હેતુથી હું અને મારા કેટલાક મિત્રો આજ પંદર દિવસ થયાં વિચાર કરતા હતા તેવામાં **પાલણપુરના શ્રીયુત્ કોઠારી ચીમનલાલ અમીચંદભાઇ** તથા બીજા સદ્‌ગૃહસ્થોએ આ પુસ્તક તેમના ખર્ચે છપાવી મફત વ્હેંચવાની ઇચ્છા અમને બતાવી જેથી અમારા પ્રયાસને અત્યંત પ્રોત્સાહન મળ્યું છે.

'નિત્ય નિયમની ભાવના' પુસ્તકની પ્રથમ બે હજાર નકલો પૈકી એક હજાર, મહેતા બાપાલાલ રતનચંદના ગંગા સ્વરૂપ ધર્મપત્નિ **ચંદનબાઈએ** અને એક હજાર કલોલના **શ્રીમાન ઘેલાભાઇ પ્રાણલાલ શાહે** છપાવી છે. પુસ્તકની માગણી એટલી બધી થઈ કે એક બે અઠવાડીયામાં બધી નકલો લગભગ ખલાસ થઈ ગઈ, તેથી બીજી ચાર હજાર નકલો છપાવવાની યોજના થઇ છે, આ પુસ્તકમાંના ભાવોનું હંમેશ વંચન મનન અમો બહુ હીતકારી સમજીએ છીએ.

એક સંત પુરૂષે આ પુસ્તક લખ્યું છે અને પોતાનું નામ પ્રસિદ્ધ કરવાની અમને રજા આપી નથી. તેમને ઘણો આનંદ થયો છે અને એ આનંદના પરિણામે બીજા લેખો લખવા પ્રેરણા થઈ છે.

પૈસા ખર્ચી પુસ્તકો ખરીદવાની આપણા સમાજમાં ટેવ ઓછી છે. કેટલાકમાં તેમ કરવાની શક્તિ ઓછી છે. જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે અને તેના સિદ્ધાંતો વિશ્વની માન્યતાને પાત્ર છે. આ સિદ્ધાંતો, જૈન ઈતિહાસ, વિગેરે સાહિત્યનો મફત અગર પડતર કે સસ્તી કીંમતે ફેલાવો કરવાની ઘણી જરૂર છે, આવા હેતુથી એક **સ્થાનકવાસી જૈન સાહિત્ય પ્રચારક મંડળ** સ્થાપવાની હિલચાલ અમે કરી રહ્યા છીએ. કેટલાક સદ્‌ગૃહસ્થોએ સભાસદ તરીકે નામ નોંધાવ્યા છે. પ્રિય વાંચનાર ! આપની મરજી સભાસદ થવાની હોય તો નીચેના નામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

જે જ્ઞાનની આપણી સમાજમાં અતિશય જરૂર છે તે દ્રવ્ય, ગુણ, પર્યાય, સ્વભાવ, વિભાવનું, સ્વરૂપ, સાદી અને સરળ ભાષામાં સમજી શકાય એવા તત્ત્વોના પ્રશ્નોત્તરોનું પુસ્તક અમો તૈયાર કરાવી રહ્યા છીએ કે જે જ્ઞાનવિના સમકિત ગુણ પ્રગટ થઇ શકતો નથી. એવું અપૂર્વ જ્ઞાન સર્વ શાસ્ત્રના સારભૂત છે. તે જ્ઞાન વૃદ્ધિ માટે લાભ લેવા ઇચ્છત હોય તેઓશ્રીએ અમોને શિઘ્ર લખી જણાવવું. કારણ તરતમાં તે પ્રકાશ થશે.

સુખલાલ જીવરાજ શાહ, બી. એ.

અમદાવાદમાં પુસ્તકો મળવાનું ને છપાવવાનું ઠેકાણું:—

સંઘવી વાડીલાલ કાકુભાઇ.

સારંગપુર—તળીયાની પોળ.